કિમંત ₹ ૫

# શ્રી સ્વામિનારાયણ

માસિક

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક ૧૦૨ ● ઓક્ટોબર-૨૦૧૫

## શ્રી સ્વામિનારાયણ મંદિર સ્ટ્રેધામ (યુ.કે.) દ્વિદશાબ્દી પાટોત્સવ



પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧



















૧.અમદાવાદ મંદિરમાં પરંપરાગત જલઝીલણી શ્રી ગણપતિજીના વરઘોડામાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રીની નિશ્રામાં ઓચ્છવ કરતાં ઓચ્છવ મંડળ તથા નારાયણઘાટ મંદિરમાં શ્રી ગણપતિજીની આરતી ઉતારતા પ.પૂ.લાલજી મહારાજશ્રી. ૨.જન્માષ્ટમી પ્રસંગે શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં ઠાકોરજીની આરતી ઉતારાતાં પ.પૂ.લાલજી મહારાજશ્રી તથા રાસ રમતા સંતો - હરિભક્તો.૩. ગણેશ ચતુર્થીના અમદાવાદ મંદિરમાં શ્રી ગણપતિજીના દર્શન.૪. નારાયણઘાટ મંદિરમાં જન્માષ્ટમી ઉત્સવ પ્રસંગે આરતી ઉતારતા મહંત સ્વામી દેવપ્રકાશદાસજી.૫. જલઝીલણી એકાદશીના કાંકરિયા મંદિરના સંતો હરિભક્તો કાંકરિયા સરોવરે શ્રી ગણપતિજીની આરતી ઉતારતા. ૬.બાલાસિનોરમાં કથા કરતા શા.સ્વામી છપૈયા પ્રસાદદાસજી તથા સભામાં જે.પી.સ્વામી જે.કે.સ્વામી અને વિશ્વવિહારી સ્વામી.



# શ્રી સ્વામિનારાયણ


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૯ ● અંક : ૧૦૨

ઓક્ટોબર-૨૦૧૫

(મૂળ વર્ષ ૪૭)





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
**www.swaminarayanmuseum.com**
**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**www.swaminarayan.info**
**www.swaminarayan.in**

એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | બળદેવજીને પરણાવ્યા જેતલપુરમાં | ૦૬ |
| ૦૪. | શ્રીહરિના મુખના અમૃત વચનો પર એક દ્રષ્ટિ | ૦૯ |
| ૦૫. | રૂડા જનોની નહિ એહ નીતિ | ૧૧ |
| ૦૬. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૩ |
| ૦૭. | સત્સંગ બાલવાટિકા | ૧૫ |
| ૦૮. | ભક્તિ સુધા | ૧૮ |
| ૦૯. | પ્રશ્ન પેટી | ૨૨ |
| ૧૦. | સત્સંગ સમાચાર | ૨૪ |



**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦

# અસ્મદીયમ્

હજારો વર્ષ પહેલા ઋષિમુનિઓ ભગવાન મેળવવા વર્ષો પર્યન્ત તપ કરતા. ફકત વાયુ ભક્ષણ કરીને ઉદરનું પોષણ કરતા. છતાં પણ ભગવાન મળતા ન હતા. જ્યારે આપણને તો સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાને સહજમાં કલ્યાણ કરી દીધું છે. આપણો આ મનુષ્ય જન્મ સાર્થક થયો છે. આવો સત્સંગમાં જન્મ મળ્યો અને સર્વોપરિ શ્રીજી મહારાજ આપણને મળ્યા છે જે આપણા અનેક જન્મના પુણ્ય ભેગા થયા હશે ત્યારે આપણે આ સત્સંગમાં આવ્યા છીએ. આપણા ભાગ્ય જેવા તેવા નથી. માટે આપણે ભગવાન ભજી લેવા અને શ્રીહરિના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રહે તેવા પર્યન્ત કરવા.

ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રહે તેનો શો ઉપાય છે ? એનો ઉપાય ચાર પ્રકારનો છે. તેમાં એક તો જેના ચિત્ત નો ચોટવાનો સ્વભાવ હોય તે જ્યાં ચોંટાડે ત્યાં ચોંટી જાય. તે જેમ પુત્ર કલ્ત્રાદિકમાં ચોંટે છે તેમ પરમેશ્વરમાં પણ ચોંટે. માટે એકતો એ ઉપાય છે. અને બીજો ઉપાય એ છે જે અતિશય શુરવીરપણું. તે શુરવીપણું જેના હૈયામાં હોય ને તેને ભગવાન વિના બીજો ઘાટ થાય તો તે પોતે શૂરવીર ભક્ત છે માટે તેના હૃદયમાં અતિશે વિચાર ઉપજે, તે વિચારે કરીને ઘાટમાત્ર ટાળીને અખંડ ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખે છે. અને ત્રીજો ઉપાય તે ભય છે. તે જેના હૃદયને વિષે જન્મ, મૃત્યુને નરક ચોરાશી તેની બીક અતિશે રહેતી હોય તે બીકે કરીને ભગવાનના સ્વરૂપમાં અખંડવૃત્તિ રાખે છે. અને ચોથો ઉપાય તે વૈરાગ્ય છે, તે જે પુરુષ વૈરાગ્યવાન હોય ને સાંખ્યશાસ્ત્રને જ્ઞાને કરીને દેહ થકી પોતાના આત્માને જુદો સમજીને તે આત્મા વિના બીજા સર્વ માયિક પદાર્થ અસત્ય જાણીને પછી આત્માને વિષે પરમાત્માને ધારીને તેનું અખંડ ચિંતવન કરે અને એ ચાર ઉપાય વિના તો જેના પર ભગવાન કૃપા કરે તેની તો વાત ન કહેવાય. પણ તે વિના બીજા તો અનંત ઉપાય કરે તો પણ ભગવાનને વિષે અખંડ વૃતિ રહે નહીં. (વ.ગ.મ. ૩૯)

વ્હાલા ભક્તો આપણે આ વચનામૃતમાંથી ભગવાનમાં અખંડ વૃતિ રહે તેનો ઉપાય સહેજે કરતા રહેવું.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ



શ્રી સ્વામિનારાયણ

# પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની

# તવારીખ

## (સપ્ટેમ્બર-૨૦૧૫)

૧૦ અમેરિકા યુ.કે.ના ધર્મપ્રવાસથી સ્વદેશ પધરામણી.

૧૮ પ.ભ. જતીનભાઈ પટેલ અને શ્રી યતિનભાઈ પટેલ (વિમલ પ્લાસ્ટવાળા)ને ત્યાં પધરામણી, મણીનગર.

૨૪ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદ જલઝીલણી એકાદશીના ગણપતિજીના વરઘોડામાં પધાર્યા.




**શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**

www.swaminarayan.info

www.swaminarayan.in

**ભારતીય સમય મુજબ આરતી દર્શન :** મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫ ● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૯-૩૦ ● શયન આરતી ૨૦-૩૦




# બળદેવજીને પરણાવ્યા જેતલપુરમાં

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ
(જેતલપુરધામ)

સદ્‌ગુરુ આનંદાનંદ સ્વામીએ શ્રીજી મહારાજની આજ્ઞાથી જેતલપુરમાં મંદિર બાંધવામાં ખૂબજ ઝડપભેર બે મજલા તૈયાર કર્યા. શિખરના કામ બાકી હતા. સ્વામીએ મહારાજને સંદેશો મોકલ્યો કે, જેતલપુરમાં મંદિર મૂર્તિ પધરાવવા યોગ્ય તૈયાર થવા આવ્યું છે. તો આપની આજ્ઞા હોય એમ કરીએ.

શ્રીહરિ વિચરણ કરતા જેતલપુર પધાર્યા. મંદિર નિહાળીને ખૂબજ પ્રસન્ન થયા. મંદિર સ્વામીએ ખૂબજ ભવ્ય બનાવ્યું છે. જેતલપુરગામના ભક્તો અને ગંગામાની પ્રશંસા કરી.

મંદિરમાં મૂર્તિયો ક્યા સ્વરૂપની પધરાવવી તે આનંદ સ્વામીએ પૂછ્યું. શ્રીહરિ કહે : સ્વામી તમને બળરામજીના સ્વરૂપમાં અતિ રુચી જણાય છે. પૂર્વાશ્રમમાં ભરતપુરમાં તમે બલરામજીના બે મંદિરો બંધાવ્યા છે. વળી આ જેતલપુરની ભૂમિ બળદેવજીને અતિશય પ્રિય છે. આ દેવસાગરના તટ પર બળદેવજીનાં રેવતી દેવીની સાથે લગ્ન થયાં હતાં તેમજ દ્વારિકાથી વૃંદાવન જતા આવતાં બલરામજી દેવો સહિત અનેક દિવસ વિશામો કર્યો હતો. શ્રીમદ્ ભાગવતના નવમાં સ્કંધમાં એક પ્રસંગ છે કે, શર્યાતિ રાજાનો આનર્ત નામે પુત્ર થયો. તેને રેવત નામે પુત્ર થયો જેણે દરિયામાં બેટ પર નગરી વસાવી નિવાસ કર્યો અને આનર્ત પ્રદેશનું રાજ્ય કરતા. તેમના કુકુદમી નામે પુત્રની રેવતી નામે પુત્રી હતી. જે અતિ સ્વરૂપવાન સંસ્કારી, શિલ, સદ્‌ગુણી હતી. તે કન્યા લગ્ન કરવા યોગ્ય થઈ ત્યારે રાજા મહારાજાના કુમારો દેવકુમારોનાં અનેક માંગા આવવા લાગ્યા. તેમાં કોઈની પસંદગી કરવામાં દ્વિધા ઉત્પન્ન થતા રાજા કુકુદમી દેવકોટીના દેહધારી હતા તેથી બ્રહ્મલોકમાં બ્રહ્માજી પાસે પુત્રીને સાથે લઈને પહોંચ્યા. તે સમયે બ્રહ્મલોકમાં ગાંધર્વોનું સંગીત ગાન ચાલી રહ્યું હતું. તેથી પૂછવાનો સમય ન મળ્યો. તેઓ પણ સંગીત સભામાં બેસી ગયા. સંગીત પૂર્ણ થયા પછી કુકુદમી રાજાએ બ્રહ્માજીને વંદન કરી દીકરી રત્ન રેવતીને યોગ્ય પતિ માટે અભિપ્રાય પૂછ્યો. ત્યારે બ્રહ્માજી ખૂબજ હસ્યા અને કહ્યું કે રાજન્ તારી કન્યા માટે જે જે પતિ ધાર્યા છે તેમાના કોઈ પતિ જીવિત નથી. કેમ કે તારા વતનમાં સતાવીશ ચોકડી (ચાર યુગની ચોકડી) જેટલો સમય વિતી ચૂક્યો છે. કેમ કે મૃત્યુ લોક અને બ્રહ્મલોકના સમયમાં એક ક્ષણ યુગ સમાન ગણાય છે. તેમ છતાં તારી પુત્રી માટે હાલમાં યાદવકુળમાં ભગવાન પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણના મોટાભાઈ સંકર્ષણ અવતાર બલરામજી લગ્નને યોગ્ય છે અને તેઓ તારી પુત્રીનું પ્રાણી ગ્રહણ કરશે.

બ્રહ્માજીના વચનથી આનર્તદેશના રૈવતરાજાનો પુત્ર કુકુદમી પોતાના રાજ્યમાં (ઓખાના બેટ) આવ્યો. ત્યાં કુટુંબનો સર્વનાશ થઈ ચૂક્યો હોવાથી દ્વારિકામાં બલરામને પુત્રી પરણાવવા પ્રાર્થના કરી. તો બલદેવજીએ સહર્ષ

અનુમતિ આપી. કેમ કે બલરામજી કરતાં શ્રીકૃષ્ણ ભગવાનને વધુ ઉતાવળ હતી. મોટાભાઈનું ગોઠવાય પછી નાનાભાઈનો નંબર આવે.

લગ્ન સ્થળ અંગે વિચાર કરતાં નિર્ભયસ્થળની પસંદગી કરવી ખૂબજ અગત્યની હતી. જો વિલંબ થાય તો મગધ નરેશ જરાસંઘે પ્રહર્ષણ પર્વતને સળગાવ્યો તેમાં કૃષ્ણ બલરામનું દહન થઈ ચૂક્યું છે એમ માનતો હતો. જો તેને ખબર પડે તો જરુર વૈર ભાવે વિઘ્ન લાવી શકે. એવા સમયમાં નારદજી આવી પહોંચ્યા. તો કુકુદમીએ લગ્ન સ્થળ વિષે પૂછ્યું તો દેવર્ષિ નારદજીએ સાબરમતીના તટ પર આવેલ દેવસાગરની ભૂમિ ખૂબજ પવિત્ર અને સાત્વિક છે. જ્યાં મોટા મોટા ઋષિ મુનિઓએ લાખો વર્ષ તપશ્ચર્યા કરેલ છે. તે સ્થળમાં શત્રુઓનું બળ તત્કાળ નાશ થઈ જાય એવી પ્રભાવશાળી નિર્ભય ભૂમિ દેવસાગરનો તટ છે. એટલું કહી નારદે વિદાય લીધી.

રાજા કકુદમીએ પુત્રી રેવતીનાં લગ્ન વિધિનો માંડવો દેવસાગરના કિનારે રાખ્યો. ભગવાન દ્વારિકાધીશ મોટાભાઈ બલરામજીને પરણાવવા છપ્પન કોટી યાદવોની જાન લઈને માતા પિતા સહિત પધાર્યા. વીણા વગાડતા નારદે સ્વર્ગાદિમાં દેવોને સૂચિત કર્યા કે ભગવાન સંકર્ષણ બલરામનાં લગ્ન થઈ રહ્યા છે. તો ત્રેત્રીશ કોટી દેવો ત્રિદેવો સહ પરિવાર પધાર્યા. વિશ્વકર્માએ આવેલા મહેમાનોને માટે યથાયોગ્ય ઉતારા ભોજન વ્યવસ્થા, કુબેરજીએ ધનની વ્યવસ્થા, ઈન્દ્ર, ચંદ્ર, વરુણાદિ પોતપોતાની સેવાઓમાં અષ્ટસિધ્ધિ નવનિધિઓ હાજર થઈ. ગાંધર્વો ગાન સંગીત વગાડવા લાગ્યા. ચાર ગાઉમાં મંડપ રચાયો. ચારેય વેદના વિશારદ વેદિયા ભૂદેવો લગ્ન વિધિ કરવા હાજર થયા. ઋષિ મુનિયો, દિગ્પાલો, બસુઓ, ગ્રહમંડળના અધિષ્ઠાતાઓ, ચારવેદ, પુરાણો દેવરૂપે પધાર્યા. ચાર ગાઉમાં મંડપની અદ્‌ભુત શોભા, દરવાજાઓ ધજા પતાકાઓ, કેળના સ્થંભ રોપવામાં આવ્યા. જે વ્યક્તિને જે જેવા ભોજન જમવાની ઈચ્છા થાય તેવા તત્કાળ ભોજન હાજર થાય. વિદ્યાધરો ભગવાન સંકર્ષણની પ્રશસ્તિ કરવા લાગ્યા. ભગવાન જેના ભાઈ હોય તેમની સેવામાં કોણ ના આવે ?

સર્વ પ્રથમ દેવ સાગરના જળ વડે બલરામના ચરણ પ્રક્ષાલન કરવામાં આવ્યું. પીઠી ચોળીને સૌંદર્યવર્ધક ઔષધીઓનું લેપન કરવામાં આવ્યું. પછી શુભ મંગળ મુહૂર્તમાં દિવ્ય ભવ્ય મંડપમાં બલરામજીને પધરાવ્યા અને વેદિયા ભૂદેવોએ લગ્ન વિધિ કરતાં કન્યા રેવતીનો હાથ બલરામને અર્પણ કરતાં ચાર પરિક્રમા પૂર્ણ કરી છે. ચારેય દિશાઓમાં બલરામજીની જયહો, જયહો ના નાદથી ત્રિલોકી ગાજી ઉઠી.

રાજા કકુદમીએ પુત્રી રેવતીનું કન્યાદાન દેવ સાગરના કિનારે કર્યું. ભૂદેવોને સોના મહોરોની ખોબા ભરી ભરીને દક્ષિણાઓ તથા સુવર્ણના શીંગવાળી કરોડો ગાયોના દાન કર્યા.

રડતા હૃદયે દીકરી રેવતીને વળાવી. રાજા કુકુદમી બદરિકાશ્રમમાં ભગવાન શ્રી નરનારાયણના સાનિધ્યમાં તપશ્ચર્યા કરવા પધાર્યા.

દેવ સાગર જ્યારે કાળાન્તરે નાનું થતું ગયું ત્યારે દેવ સરોવર તરીકે પ્રસિદ્ધ થયું. તેના પશ્ચિમ તટ પર ઈન્દ્રપુર નામે ગામ વસ્યુ હતુ. તે જેતલપુરધામનો શણગાર દેવ સરોવર મહા તીર્થ છે.

શ્રીજી મહારાજ બોલ્યા કે, શ્રી બલરામજીને આ ભૂમિ ખૂબજ પ્રિય છે તો તેમની મૂર્તિ પધરાવીએ. પરન્તુ બળદેવજીની મૂર્તિ ક્યાંથી લાવશું ? એમ કહીને ગંગામાં સામી નજર કરી ત્યારે ''મા'' એ કહ્યું કે મારા પિયરમાં પિતાજી પાસે બળદેવ રેવતી અને લક્ષ્મણજીની મૂર્તિયો છે.

શ્રીહરિ કહે : લાવી આપો તો મૂર્તિયો બળદેવજીની પધરાવીએ, ગંગામાં અમારા અને સત્સંગના ''મા'' છે. ગમે તેવા કામનું સમાધાન લાવી આપે છે. જેતલપુરથી ત્રણ ગાડા લઈને જેતલપુરના હરિભક્તો અને ગંગામાં પોતાના પિયર નારદીપુર આવ્યા. પિતા ભુદર મહેતાની પાસે



ગંગામાએ મૂર્તિયોની માગણી કરી. દીકરીની વાત ક્યારેય બાપ માન્ય ન રાખે એવું જગતમાં આજ સુધી બન્યુ નથી. તેથી ઘરના ભોંયરાની પૂજા સ્થળમાં પધરાવેલી મૂર્તિયો બળદેવજી રેવતીજી અને લક્ષ્મણજીની મૂર્તિયોને પૂજા અર્ચના થાળ નૈવેદ્ય આરતી કરીને ગાડામાં પધરાવી વિદાય આપી.

એકાદ-બે દિવસમાં બળદેવજી જેતલપુરની હદમાં આવી પહોંચ્યા ત્યારે શ્રીહરિ સંતો હરિભક્તોને સાથે લઈને અસલાલી ગામે સ્વાગત પૂજન કરવા સામે પધાર્યા. ત્યાંથી વાજતે ગાજતે નૃત્ય કરતા ગીતો કીર્તનો ધૂન ગાતા ભક્તો સંતો સહિત ભગવાન જેતલપુર પધાર્યા.

મૂર્તિયો નિહાળીને શ્રીહરિ બોલ્યા કે જેવી આપણી ઈચ્છા હતી તેવું સ્વરૂપ બળદેવજીનું પોતાની ઈચ્છાથી જેતલપુરના મંદિરમાં બિરાજવા સામે ચાલીને પધાર્યા છે. બલરામજીને દ્વારકાથી અધિક જેતલપુરની ભૂમિ પ્રિય છે. સંવત ૧૮૮૨ ફાગણ વદ આઠમના શુભ મુહૂર્તમાં સ્વહસ્તે મધ્ય મંદિરમાં બળદેવજી રેવતીજી તથા લક્ષ્મણજી સ્વરૂપને સ્વહસ્તે વેદોક્ત વિધિ સહિત પધરાવી ત્યારે જેવો અમદાવાદમાં સમૈયો કર્યો તેવો ઉત્સવ કર્યો અને હજારો ભક્તોએ લ્હાવો લીધો. લક્ષ્મણજીના સ્વરૂપને હરિકૃષ્ણ નામ રાખ્યું. અને શ્રીહરિ બોલ્યા કે બળદેવજીના સ્વરૂપે અમે જેતલપુરમાં બિરાજમાન રહીશું. જે કોઈ ભક્ત અહીં આવશે જે કોઈ મનોકામના કરશે તેની બધીજ મનોકામના સંકલ્પ અમે પૂર્ણ કરીશું. બળદેવજીની સ્થાપનાથી સદ્‌ગુરુ આનંદાનંદ સ્વામી ખૂબજ રાજી થયા એટલે તેઓએ પોતાનું શેષ જીવન જેતલપુરમાં વિતાવ્યું. મૂર્તિયોનો પૂર્વ ઈતિહાસ પહેલાના લેખોમાં જણાવ્યો છે. એટલે પુનઃ લખતા નથી.

જેતલપુરધામનો મહિમા સત્સંગિ જીવન, સત્સંગિ ભૂષણ, ભક્તચિંતામણી, વચનામૃત આદિ શાસ્ત્રોમાં ખૂબજ વર્ણવ્યો છે. વર્તમાન સમયમાં સંપ્રદાયમાં રોકડીયાદેવ તરીકે બળદેવજી બાપા પ્રસિધ્ધ છે. પરંતુ એક વાત બહુજ સ્પષ્ટ છે કે જેતલપુરમાં બળદેવજીના સ્વરૂપે સ્વયં ભગવાન સ્વામિનારાયણ બિરાજમાન છે. તેઓ ભક્તોને ચારેય પુરુષાર્થ આપે છે.

બળદેવજીને રેવતીજી થકી સંતાનમાં બે પુત્ર થયા. એક નિશઠ બીજા ઉલ્મુક જે શૂરવીર અને ગુણવાન હતા. તે જગપ્રસિધ્ધ છે.

દેવ સરોવરના પશ્ચિમ કિનારે આવેલ ઈન્દ્રપુરનગરના નગરજનો ૫૦૦ વર્ષ પહેલા પૂર્વ દિશામાં આવીને વસ્યા અને જેતલપુર ગામનું નામ રાખ્યું. જેનો ઈતિહાસ ''જતીલપુરની ગઢી'' નામે પુસ્તિકામાં સવિસ્તાર વર્ણવેલો છે. દેવસાગર બળદેવજીના લગ્ન સમયે ચાર ગાઉના ક્ષેત્રફળ વાળું હતું.

દેવ સરોવરના તટ પર મોગલો અને પેશ્વાઓએ પોતાના થાણાઓ તથા નિવાસ સ્થળો બનાવવા પસંદગી કરી છે. જે તે સમયે અમદાવાદ શહેરની વહીવટી કચેરીઓ અહીંના કિલ્લામાં રાખવામાં આવેલી.

હળધારી બળદેવજીની મૂર્તિ અદ્વિતીય અજોડ આકૃતિ ૫૦૦ વર્ષથી વધુ પુરાતની છે. એવો નિષ્ણાતોનો મત છે. દર્શન માત્રથી વિચારોને સ્થગિત કરી દે છે. પૂનમે લાખો ભક્તો દૂર સુદૂરથી પગવાળા અને વાહન લઈને મનોકામના પૂર્ણ કરવા આવે છે.

## સંપ્રદાયનું ગૌરવ

શ્રી નરનારાયણદેવના અનન્ય નિષ્ઠાવાન પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીના કૃપાપાત્ર મૂળ કચ્છના પ.ભ. નારણભાઈ ભીમજીભાઈ હાલાઈને કાર્ડિફ ખાતે (યુ.કે.) **ઈન્સપેક્ટર ઓફ ટેક્સીસ** તરીકે યુ.કે.ની ગર્વમેન્ટે બઢતી આપી તેમનું બહુમાન કર્યુ છે. વેલ્સમાં આવો હોદ્દો મેળવનારા તેઓ સૌ પ્રથમ વ્યક્તિ છે. અને ઈંગ્લેન્ડમાં આવો હોદ્દો મેળવનારા તેઓ સૌ પ્રથમ કચ્છી છે. ૧૯૯૧ થી તેઓ ટેક્ષ ઈન્વેસ્ટીમેશન કન્સલ્ટનના વ્યવસાયમાં જોડાયેલા હતા. આ અગાઉ ઈ.સ. ૨૦૦૮ માં **મેમ્બર ઓફ ધ ઓર્ડર ઓફ ધ બ્રિટિશ એમ્પાયર (M.B.E.) કવિન્સ બર્થ-ડે ઓનર** આપવામાં આવ્યો હતો. તેઓ ધાર્મિક પ્રવૃતિ સાથે અનેક માનદ્ સેવામાં સક્રિય છે. તેઓ ઘણા વર્ષોથી શ્રી સ્વામિનારાયણ મંદિર કાર્ડિફના પ્રમુખ પદે રહેલ છે.તેમના આવા ગૌરવશાળી સમાચારથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રી ખૂબજ રાજી થયા છે અને તેમની ઉત્તરોત્તર પ્રગતિ માટે આશીર્વાદ પાઠવે છે.



# શ્રીહરિના મુખના અમૃત વચનો પર એક દ્રષ્ટિ

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાના અક્ષરધામમાંથી મનુષ્ય શરીર ધારણ કરીને આ પૃથ્વી પર પધારીને સર્વ જીવ હિતાવહ આ લોક-પરલોકમાં સુખી થવાનો માર્ગ બતાવીને કંઈ પણ બાકી રાખ્યું નથી. તો પણ મનુષ્યનો સ્વભાવ એવો છે કે ખોતરીને દુઃખ ઉભું કરવાના પ્રયાસો કરતો રહે છે. ખ્યાલ હોય કે આ અગ્નિ છે હાથ નાંખવાથી દાઝી જવાય, તો પણ ઘણા અવળી મતિના હોય તેને ત્યાં હાથ નાંખ્યા સિવાય સંતોષ ન થાય !

શ્રીજી મહારાજે વચનામૃતમાં મોટા પુરુષનો ગુણ અને અવગુણ ગ્રહણ કરવાથી શું લાભ થાય અને શું ગેર લાભ થાય તેની સરસ વાત કરી છે. મહારાજના શબ્દો છે કે, ''મોટા પુરુષનો જેમ જેમ ગુણ ગ્રહણ કરતો જાય તેમ તેમ એની ભક્તિ વૃદ્ધિ પામતી જાય, અને અતિશે જે મોટા હોય તેને જો અતિશે નિષ્કામી જાણે તો પોતે કૂતરા જેવો કામી હોય તે પણ નિષ્કમી થાય અને જો મોટા પુરુષને વિષે કામીપણાનો દોષ પરઠે તો ગમે તેવો નિષ્કામી હોય તોય પણ અતિશે કામી થાય ને મોટાને વિષે ક્રોધી લોભીપણું પરઠે તો પોતે ક્રોધી લોભી થાય. અને જો મોટા પુરુષને અતિશે નિષ્કામી, નિર્લોભી, નિઃસ્વાદી, નિર્માની, નિઃસ્નેહી સમજે, તો પોતે પણ એ સર્વ વિકારથી રહિત થઈ જાય અને પાકો હરિભક્ત થાય. પછી આગળ મહારાજે પાકા હરિભક્તોનું લક્ષણ બતાવ્યું છે અને પછી મહારાજ કહે છે કે એવો પાકો હરિભક્ત થયાનો તો એ જ ઉપાય છે જે, પરમેશ્વરના દાસનો ગુલામ થઈને રહે, અને એમ જાણે જે 'એ સર્વે ભક્ત મોટા છે ને હું તો સર્વથી ન્યૂન છું એમ જાણીને હરિભક્તનો દાસાનુદાસ થઈ રહે. એવી રીતે જે વર્તે તેના સર્વ વિકાર નાશ પામે, અને તેને દિવસે દિવસે જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ આદિક જે શુભ ગુણ તે વૃદ્ધિ પામતા જાય છે.''

વડતાલના ૧૧ માં વચનામૃતમાં શ્રીહરિએ કહ્યું કે, ભગવાન, ભગવાનના ભક્ત, બ્રાહ્મણ ને ગરીબ મનુષ્ય તે ચારનો કોઈ દ્રોહ કરે તો તેનો જીવ પણ નાશ પામી જાય છે એટલે કે પર્વતનું કે બીજું એવું જ જે કોઈ જડ દેહ આવે તેમાં કોઈ કાળે જીવનું કલ્યાણ થાય નહિ, એટલે એના જીવનનો નાશ થઈ ગયો એમ જાણવું. ભગવાનના ભક્ત એવા બ્રાહ્મણનો જો દ્રોહ કરે તો સમસ્ત જગતનો દ્રોહ થાય છે. માટે તેમને ''બ્રાહ્મણા મામકી તનુઃ'' આ વચનને અનુસારે વિષ્ણુનું અપર રૂપ જાણીને તેમનો દ્રોહ નહિ કરતા તેમની યથાશક્તિ પૂજા કરવી. પવિત્ર અને જ્ઞાની બ્રાહ્મણોની સેવા કરવી. સેવાથી સંતુષ્ટ થયેલા બ્રાહ્મણો સર્વ મનોરથ સિધ્ધ કરી આપે છે. બ્રાહ્મણ રાજી થાય તો તેની સાથે ભગવાન પણ રાજી થાય છે.

મોટા સત્પુરુષો, બ્રાહ્મણો, ભગવાન કે ભગવાનના ભક્તો નો દ્રોહ કરીને આ લોકમાં પણ નારકી થયા હોય એટલે કે નરક જેવું દુઃખ પામ્યો હોય અને મર્યા પછી પણ દારૂણ દુઃખ પામ્યા હોય તેવા દાખલાઓનો આપણા સત્શાસ્ત્રોમાં કોઈ પાર નથી. બીજાને દુઃખ પહોંચાડવા જાય એ પાપથી એ દુઃખ પોતાને જ સામું વળગે છે. એક

બ્રાહ્મણના શાપથી બળેલ, બીજો સર્વ જીવને ભય આપનાર, તે બે જણનું કદી કલ્યાણ થતું નથી. નરકના કીડા પણ તેને સંઘરતા નથી. માટે બહુ વિચાર કરવો કે આપણે કોની સામે ધૂળ ઉડાડીએ છીએ. સૂર્ય સામે ઉડાડેલી ધૂળ પોતાની આંખમાં જ પડે છે. દ્વારકામાં શ્રીકૃષ્ણચંદ્રના સમયમાં પણ બ્રાહ્મણનો અજાણપણે અપરાધ થઈ ગયેલા મહાપુણ્યવાન નૃગરાજાને કાંચીડાનો દેહ પ્રાપ્ત થયેલો અને ઊંડા અવડ કૂવામાં ઘણા કાળ સુધી પડેલો હતો.

સત્સંગની અંદર કે બહાર રહેલા અસંતુષ્ટ આત્માઓ તેમજ જેઓને કામ, ક્રોધ, લોભ, ઈર્ષ્યા, માન, અહંકાર આદિક અંતઃશત્રુઓએ ઘેરી લીધા છે તેવા નિર્બળ આત્માઓને અતિ પવિત્ર એવા ધર્મવંશમાં જ્યારે કામાદિક દોષોનું દર્શન થાય ત્યારે માનવું કે કમળાના દર્દીને સામે બધું પીળું જ દેખાય એ કહેવત સાચી છે.

શ્રીહરિ કહકે છે. વિષવૃક્ષ અને કલ્પતરૂની જેમ ધર્મવંશી અને અન્ય વંશમાં ફેર છે. જે જનો તે બંનેને એક સરખા સમજે છે તે કુત્સિત બુદ્ધિવાળા છે અને મારા આશ્રિતજનોએ તેમને વાસુદેવથી વિમુખ જાણવા.

ધર્મવંશી આચાર્યશ્રી કે ભાવિ આચાર્યશ્રીની વાત કરીએ તો એ બહુ નિર્વિવાદ અને સત્ય હકીકત છે કે તેઓશ્રી શ્રીહરિનું જ અપર સ્વરૂપ છે અને તેથી જ સત્સંગ કાજે દરરોજ હજારો કિલોમીટરનું વિચરણ કરી શકે છે. સામાન્ય માણસનું એ ગજુ નથી. બીજું તેઓ અતિ પવિત્ર ધર્મકુળમાં ભગવાનના પુત્ર તરીકે પ્રગટ થયા છે. જ્ઞાની અને પવિત્ર બ્રાહ્મણ છે. ભગવાનના ઉત્તમ ભક્ત છે કે જેઓશ્રી ના રોમરોમમાં શ્રીહરિએ પધરાવેલા પોતાના જ શ્રી નરનારાયણાદિક સ્વરૂપો પ્રત્યે પ્રેમ અને નિષ્ઠા ઠાંસી ઠાંસીને ભરેલ છે અને તેથી જ તેઓશ્રી દરેક સભામાં શ્રીનરનારાયણદેવનું પ્રધાનપણું લાવતા હોય છે.

આ બ્રહ્માંડમાં એવી કોઈ વ્યક્તિ નથી કે આટલી લાયકાત કોઈ એક જ વ્યક્તિમાં ભેગી થઈ હોય ! અને છતાં જો આવા અતિશે મોટા પુરુષને વિશે કોઈને કામાદિક દોષનું દર્શન થતું હોય તો ક્યાં જઈને છૂટવાનો આરો રહ્યો! અને હા ! સ્વભાવથી પણ આ ધર્મકુળ અતિ ભોળું છે અને તેથી કપટી લોકો તેઓને છેતરી ન જાય તેનું ધ્યાન પણ આપણે જ રાખવાનું છે. અગાઉ લખ્યું તે મુજબ ચાર પૈકી કોઈ એકનો દ્રોહ થઈ જાય તો પણ જો જીવનો નાશ થઈ જતો હોય તો એક કરતા વધારે બાબત જેમનામાં ભેગી થયેલી છે અને તેમનો જો કોઈ દ્રોહ કરે તો તેની શી ગતિ થાય તે કલ્પના બહારની વસ્તુ છે.

આ ધર્મકુળ એટલું ઉદાર અને પવિત્ર છે કે અજ્ઞાની અને કપટી તેમજ બાહ્ય આડંબર વાળી વ્યક્તિઓ ગમે તેટલી ધૂળ ઉડાડે પણ તેઓ કોઈનું ખરાબ ઈચ્છતા નથી. પરંતુ સનાતન સત્ય એ છે કે નિર્દોષ અને ઉદારદીલ વ્યક્તિ જ્યારે જતુ કરવાની ભાવના રાખે ત્યારે શ્રીહરિ સાંખી લેતા નથી અને પાપી માણસનું પાપ જ તેને ભરખી જાય છે ! આ ધર્મવંશી આચાર્યશ્રી જ્યારે મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા કરે છે ત્યારે મૂર્તિમાં ભગવાનનું પ્રગટપણું થાય છે, તેઓશ્રી જ્યારે ત્યાગીને સાધુની દીક્ષા આપે ત્યારે શ્રીહરિ તેને પોતાના સાધુ માને છે. તેઓશ્રી દ્વારા જ્યારે ગૃહસ્થને ગુરુમંત્ર પ્રાપ્ત થાય છે ત્યારે ભગવાન ભજવાનો અધિકાર મળે છે. શાસ્ત્રોમાં સાચા સંતના જેટલા લક્ષણો બતાવ્યા છે તે તમામ લક્ષણો આ ધર્મવંશી આચાર્યશ્રીમાં જોવા મળે છે. ગૃહસ્થ પદ નિભાવવાની સાથે સાથે સત્સંગ અર્થે રાત્રિ દિવસ વિચરણ કરવાનું એ કોઈ નાની સુની વાત નથી અને તેમ છતાં યેન કેન પ્રકારેણ સત્સંગ કે સંપ્રદાયની પ્રગતિમાં રોડા નાંખવા, કોઈની ઉપર ખોટું કલંક નાંખી સત્સંગ સમુદાયને ભ્રમિત કરવો કે જગતના મનુષ્યોના માનસમાં ભ્રમણા ઉત્પન્ન કરવી તેનાથી મોટું કોઈ પાપ નથી. કોઈ એક વ્યક્તિને સત્સંગમાંથી પાડવામાં નિમિત્ત બનીએ એટલે એક બ્રહ્માંડ ભાંગ્યાનું પાપ લાગવાનું છે. પરંતુ આપણે ભાગ્યશાળી એટલા માટે છીએ કે આ સંપ્રદાયના મૂળિયા સ્વયં શ્રીહરિએ પાતાળ સુધી ઉંડા નાંખ્યા છે. મૂળ સંપ્રદાયને કોઈ ઉખાડી શકે તેમ નથી. સત્સંગ વધવો કે ઘટવો તે શ્રી નરનારાયણદેવના હાથમાં છે. ભગવાનનું અપર સ્વરૂપ હોય તેનો કોઈ દ્રોહ કરે કે પ્રશંસા કરે તેનાથી તેઓશ્રીને કોઈ ફેર પડતો નથી. પરંતુ દ્રોહ કરનારના મૂળિયા ચોક્કસ ઉખડી જાય છે ! માટે મોંઘો મનુષ્ય દેહ ભગવાને આપ્યો છે તો ભગવાનને રાજી કરવામાં બુદ્ધિનો ઉપયોગ કરવો પરંતુ કુરાજી કરીને કૃતઘ્ની ન થવું !

# રૂડા જનોની નહિ એહ નીતિ

- અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (અમદાવાદ)

(દલપત શૃંખલા-૭)



દલપતરામ ભણીને ઉતર્યા. શ્રીહરિને અંતરમાં ધારીને સત્સંગનો પક્ષ રાખીને 'સ્વયં અભ્યાસી' બની અભ્યાસ પૂરો કર્યો. સદ્‌ગુરુઓ એમના ઉપર અઢળક વરસ્યાને ઝીલાય એટલું એમણે ઝીલ્યું. દરમ્યાન આયુષ્યના આદર્શો એમના ઘડાતા જતા હતા. આગળ જોયું કે તેઓ ધર્મ સિદ્ધાંતો પ્રમાણે જીવનારા તથા દૃષ્ટાંતે દાખવવા જેવા સન્માનીય સદ્‌ગૃહસ્થ હતા.

દલપતરામના પ્રથમ બે મનોરથ હતા. (૧) કાવ્ય શાસ્ત્રમાં સધ્ધર્મનું પુનઃ સંસ્થાપન અને (૨) નાયકાભેદાદિ બીભત્સ રસનું ઉત્થાપન.

એ અરસામાં સાહિત્ય ભાષામાં બીભત્સરસની ખૂબ બોલબાલા હતી. શ્રૃંગારરસના બહાને અશ્લીલતા પીરસાતી. શ્રીહરિના વચનામૃતોને આત્મસાત કર્યા પછી દલપતરામને લાગ્યું કે "સાહિત્યક્ષેત્રે બીભત્સ રસ પીરસીને સમાજની કુસેવા તો ન જ થાય અને એમ કરું તો મારો શ્રીસ્વામિનારાયણ સંપ્રદાય લાજે." તેઓ ચોક્કસપણે માનતા કે ઝાંઝાવાનાં પાણીથી પ્રજાની તરક છીપે નહીં. સ્વામિનારાયણ સંપ્રદાયનો કોઈપણ સત્સંગી વણગાળયે પાણી ન પીએ. અને એટલે જ વ્રજભાષામાંના નવરસ દલપતરામે ગાળી ગાળીને પીધા હતા. પ્રાકૃત અને સંસ્કૃત રસશાસ્ત્ર તેઓ શ્રી સ્વામિનારાયણના સાધુ સંતો પાસે ભણ્યા હતા. સંતોએ પણ દલપતરામને "અમારા છે" એમ માની પુણ્યનિર્મળી છાંટી છાંટીને શીખવ્યાં હતાં. દલપતરામની શૃંગારરસની ભાવના પુણ્ય મર્યાદિત હતી, ને **Married Love** એ સુઘડ ગૃહસ્થાશ્રમીઓના દામ્પત્યસ્નેહમાં પરિસમાપ્ત થતો. એમણે પોતાના 'રસશૃંગાર' નામક કાવ્યગ્રંથમાં રામસીતાના સ્નેહનું વર્ણન અદ્‌ભૂત અને સૌમ્યપણે આલેખ્યું છે. રામ વનવાસના પ્રસંગમાં દલપતરામનાં એ પદો ત્યારે અને આજે પણ ગુજરાતી નવકવિતામાં દામ્પત્યપ્રેમનાં વિરલ કાવ્યો ગણાય છે.

દલપતરામમાં સ્ત્રી દાક્ષિણ્યની ભાવના સર્વોત્તમ હતી. **"મારાથી નાનેરીઓ એ સહુ મારી પુત્રીઓ ને મારી સરીખી સમાણીઓ એ સર્વે મારી ભગિનીઓ છે."** દલપતરામનું આ પરમ જીવનસૂત્ર હતું. ને કોક જ ગાઈ શકે તે એમણે ગાયું છે કે, **સહુનો સાળો સહુનો સસરો છે દ્વીજ દલપતરામ શોભા શીયળની**

ગુર્જર સુંદરીઓને દલપતરામ કહે છે કે

**હું તમારો વડો ધર્મનો વીર છું,**

અને પોતાની કવિતા લક્ષ્મી સન્નારીઓને સમર્પતાં વિનવે છે કે,

**વીનરી આ ગણો વીરપસલી**

જેવો દલપતરામે શ્રી સ્વામિનારાયણ ધર્મ અંગિકાર કર્યો કે તરત જ ઘેર આવીને શામળશાહી સ્ત્રી ચાતુરી ભરી અને બીભત્સરસે યુક્ત એવી પોતાની જ બે કૃતિઓ 'હીરાદન્તી' ને 'કમળલોચની' ને સ્વયં અગ્નિ પ્રગટાવીને બાળી મૂકેલી.

અનીતિને ઉત્તેજે એવી કલમને કવિ ધિક્કારે છે અને નિજની કલમ (પોતાની કાવ્યધારા) ને પડકારીને ચેતવે છે કે

**કાજળ કોટડીમાં વારે વારે વિચરતી,**
**અરે ઓ કલમ ! તને વિનંતી હું કરું છું,**
**શ્યામ મુખવાળી પણ શ્વેત તણી સંગતિમાં**
**ભાણી તને આજ તારો ભરોંસો હું ભરૂં છું.**

દલપતરામની નીતિ-અનીતિની વ્યાખ્યા સરળ, વિશાળ ને વ્યવહાર શુધ્ધ હતી.

**બેટી બહેનો પિતૃભ્રાત પાસે,**
**જે બોલતાં બોલ બહુ લજાશે,**
**એવું લખે તે કહિયે અનીતિ,**
**રૂડા જનોની નહિ એહ નીતિ.**

કેટલા સુંદર વિચારો છે ! જે ભાષા જે બોલ બોલતાં પિતા કે ભાઈ સમક્ષ બહેન કે દીકરી શરમાય, બોલી ન શકે એવી અશ્લીલ-દ્વિઅર્થી ભાષા લખવી કે બોલવી એ અનીતિ છે. સુજ્ઞજનો કે સંસ્કારી પુરુષો ક્યારેય આવી ભાષા લખે પણ નહિ અને બોલે પણ નહિ અને એ જ સંસ્કાર છે એ જ નીતિ છે.

દલપતરામે સાહિત્યની કેડીએ જે સુંદર ચીલો પાડ્યો અને બીભત્સરસનું ઉત્થાપન કર્યું તેને માત્ર ગુર્જરધરાએ જ નહિ પરંતુ સમગ્ર દેશે સન્માન્યું હતું.

વાત એમ બનેલી કે દલપતરામના દેહ વિલય (૨૫-૩-૧૮૯૮) પછી ત્રીસેક વર્ષે ઈ.સ. ૧૯૨૭ માં મહારાષ્ટ્રની પાટનગરી (તે વખતની) પૂનામાં મરાઠી સાહિત્ય સંમેલન ભરાયું હતું. અચ્યુતરાવ કહોલટકર પ્રમુખપદે હતા. સમગ્ર દક્ષિણ ભારતની એ સાહિત્ય પરિષદમાં અશ્લીલ વાંગ્મય ભાષા લખવા વિરૂદ્ધ સર્વ સન્નારીઓએ એક થઈ પોકાર પાડ્યો ને જબરજસ્ત વિરોધ પ્રદર્શનો કર્યા. પછી તો ''અશ્લીલ વાંગ્મય'' કોને ગણવું એ સાહિત્ય પ્રશ્ન યક્ષ પ્રશ્ન બન્યો. તે વખતે દક્ષિણી સન્નારીઓ એ એકી અવાજે કહ્યું કે **બહેન કે દીકરી ભાઈ કે પિતા પાસે વાંચી ન શકે એ અશ્લીલ વાંગ્મય.**

દલપતરામનો આ ઉદ્‌ઘોષ વર્ષો પછી અહીં સર્વાનુમતે પસાર થયો અને સ્વચ્છ, સુઘડ અને સૌમ્ય ભાષાનો છેવટે વિજય થયો !

દલપતરાનો ત્રીજો મનોરથ હતો ગુજરાતી ભાષાને શણગારવાનો, ગુર્જરગિરાને **ભારતવર્ષ વિષે બીજી ભારત** કરીને સ્થાપવાનો, સમગ્ર ભારતવર્ષના ગુણીજનોમાં ગુજરાત અને ગુજરાતની કીર્તિને ગજાવવાનો એમને ઉત્સાહ હતો. એ વખતે વ્રજભાષા એ રાજ્ય દરબારની કાવ્યભાષા હતી. દલપતરામ પણ વ્રજભાષામાં જ પિંગળ ને અલંકારશાસ્ત્ર ભણ્યા હતા. શીઘ્ર કવિતાના જોબનયુગમાં દલપતરામે વ્રજભાષાને કાવ્યભાષા તરીકે ખૂબ ખેડી હતી. છતાં ગુજરાતીને એમણે પરિત્યાગી ન હતી. વ્રજભાષાનાં ઉછળતાં પૂરમાં એમણે વીરીપ્રેર્યા 'શાકોત્સવ'ને 'શ્રીપુરોત્સવ' એ બે કાવ્યો ગુજરાતીમાં જ આલેખ્યાં હતાં. આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજીની આજ્ઞા અને પ્રેરણાથી એમણે સંસ્કૃતનો અભ્યાસ કર્યો છતાંય ગુર્જર ગિરા (ગુર્જર ધરા, ગુર્જર ભાષા અને ગુર્જર પ્રજા) પ્રત્યેની દલપતરામની ભક્તિ ઓસરી ન હતી. બલ્કે દઢતર બની હતી. દલપતરામે સ્પષ્ટ લખ્યું છે કે ''એ વખતના સંસ્કૃતાચાર્યો પણ ગુર્જરવાણીની છટાનું જ અનુકરણ ઉપદેશતા હતા.''

સંગીત શાસ્ત્રમાં લખેલું છે કે નારદજીએ લાસ્યનૃત્ય પહેલ વહેલું સૌરાષ્ટ્રની સન્નારીઓને શીખવ્યું ને સૌરાષ્ટ્રની સ્ત્રીઓએ જગતસુંદરીને શીખવ્યું.

દલપતરામની દઢ આસ્થા હતી કે કલ્પનાના પતંગ ચાહે સો ઉડાવો અંતે તો હરિઈચ્છા હશે એવી જ પ્રેરણા પ્રગટશે. દશ્ય ને વ્યક્ત (જોવું ને લખવું) ની ભીતરમાં ભાળી એમનાં અંતર્ભાવ હું ભાખું છું. એવા મનોરથવંતા દલપતરામ કહે છે કે બ્રહ્મલીલાનો આ મારો ગ્રંથ છે.

**''ઈશ્વરની લીલા તણો ગ્રંથ આ આદરૂં છું.''** મારાં કોડ એવા છે પણ પ્રેરણાનાં કિરણો પ્રગટશે એવી કવિતા થશે.

નિજ કાવ્યકળામાં દલપતરામને શ્રધ્ધા હતી. દલપતરામ જે ભણ્યા હતા એટલી કાવ્યકળા નવયુગનો કોઈ કવિ ભણ્યો નહિં હોય છતાંય કાવ્યપ્રેરણામાં દલપતરામને અધિકતર શ્રધ્ધા હતી. તેઓ માનતા કે સોનું (કાવ્યકળા) ઈશ્વરદત્ત છે. રાજેન્દ્રો ને કવીન્દ્રો તો સીક્કા પાડે છે.

દલપતરામનો ચોથો મનોરથ હતો : ''કો રાજદબારમાં રાજકવિ થવાનો. દલપતરામને રાજકવિ થવાના કોડ હતા અને દલપતરામને રાજકવિ કરવાના વિધાત્રીના લેખ હતા. પરંતુ રાજકવિ ક્યાંના ? કો રાજદરબારના નહિ પણ નવસંસ્કૃતિના રાજકવિ થવાના બ્રહ્મબોલ હતા !

પોતાના આ ચારેય મનોરથો પરિપૂર્ણ કરવાને વાસ્તે દલપતરામે ખૂબ પ્રવાસ ખેડ્યો. પ્રારબ્ધ પણ ચાર ડગલાં આગળ રહેતું નસીબ એમને સાનુકુળ નહોતું. છતાંય આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજનું નિરંતર સાનિધ્ય, પ્રેમસખી પ્રેમાનંદ સ્વામી અને શુકમુનિ જેવા સંતોનો સહવાસ તથા સમાધિસિધ્ધ યોગી પુરુષ શ્રી ગોપાળાનંદ સ્વામીનો સત્સંગ આ બધું જ એમને જીવનપ્રવાસમાં પ્રાપ્ત થતું ગયું અને કદાચ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના આ સર્વે મહાપુરુષોના પ્રતાપે જ એમની કાવ્યપ્રેરણા ખીલતી રહી અને દલપતરામ નવસંસ્કૃતિના રાજકવિ બની શક્યા.

જીવનપ્રવાસની એમની કશ્મકશ કેવી હતી ?

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી

### શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં

## ધન પૂજન કાર્યક્રમ

શ્રીજી મહારાજ ઉત્સવ સમૈયા પ્રિય હતા અને એ ઉત્સવ સમૈયા હેતુ પૂર્ણ રહેતા. મુખ્ય હેતુ એ હતો કે ઉત્સવ સમૈયા માટે લોકો ભેગા થાય અને કાયમ સત્સંગનું અનુસંધાન રહે. આપણા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં શ્રીજી મહારાજે તે સમયે કરેલા ઉત્સવ સમૈયામાં વપરાશમાં લીધેલ ઘણી વસ્તુઓ દર્શનાર્થે મુકવામાં આવેલ છે. હોળી, ધુળેટી, વસંત પંચમી અને દિવાળી જેવા ઉત્સવો ઉજવાતા. આવા ઉત્સવ સમૈયા ઉજવવાની પરંપરા આપણા સત્સંગમાં આજ દિન સુધી જળવાઈ રહી છે.

આપણા મ્યુઝિયમમાં પણ ગણેશ ચતુર્થીના દિવસે શ્રી ગણપતિજીનું તથા કાળી ચૌદસના દિવસે શ્રી હનુમાનજીનું પૂજન પ.પૂ.મોટા મહારાજશ્રી તથા પ.પૂ.આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે કરવામાં આવે છે. આ ઉપરાંત આ વર્ષે તા. ૧૯-૧૧-૧૫ને સોમવારના ધનતેરસના દિવસે સાંજે ૬-૩૦ કલાકે ધનનું પૂજન પ.પૂ.મોટા મહારાજશ્રી, પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે રાખવામાં આવેલ છે. ધન પૂજન કાર્યક્રમ પૂર્ણ થયા બાદ પૂજન કરેલ મુદ્રા પ.પૂ.મહારાજશ્રીના શુભ મંગળ વરદ્ હસ્તે સત્સંગી ભાઈઓને તથા પ.પૂ.ગાદીવાળાશ્રીના વરદ્ હસ્તે બહેનોને આપવામાં આવશે. જે કોઈ હરિભક્તોને મુદ્રા લેવી હોય તેમણે અગાઉથી શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ કાર્યાલયમાં નાણાં જમા કરાવી નામ નોંધાવી દેવું.

સંપર્કઃ-પ.ભ. દાસભાઈ ૯૯૨૫૦૪૨૬૮૬
૯૮૭૯૫૪૯૫૯૭૦૧
૦૭૯ ૨૭૪૮૯૫૯૭

- પ્રફુલ ખરસાણી

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન (ફક્ત વોડાફોન ધારકો માટે)**

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.**

**મોબાઈલમાં ct<સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.**





## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - સપ્ટેમ્બર - ૨૦૧૫

| | |
|---|---|
| રૂા. ૨૧૦૦૦/- | ડો.પરેશભાઈ દવે હ. રવિભાઈ - અમદાવાદ |
| રૂા. ૯૮૨૫/- | ભૂમિ તેજસ પટેલ - બોસ્ટન |
| રૂા. ૭૫૦૦/- | સોની મહેન્દ્રભાઈ મુળચંદભાઈ - અમદાવાદ |
| રૂા. ૬૭૨૫/- | જીતેન્દ્ર નેહા પટેલ - બોસ્ટન |
| રૂા. ૬૭૨૫/- | મધુબેન રમણભાઈ પટેલ - બોસ્ટન |
| રૂા. ૬૭૨૫/- | આર. કે. પટેલ - બોસ્ટન |
| રૂા. ૫૦૦૧/- | નટવરભાઈ પુરુષોત્તમદાસ પટેલ - રાણીપ |
| રૂા. ૫,૦૦૦/- | તરલીકાબેન દામજી હ. સિમા, કિરણ, ભાવિન |
| રૂા. ૫૦૦૦/- | નિતીનકુમાર જયંતીલાલ વાલાણી - મમતા નીતિનકુમાર વાલાણી - લંડન હ. મુકુન્દભાઈ ઠક્કર - અમદાવાદ |

### શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી - સપ્ટેમ્બર - ૨૦૧૫

| | |
|---|---|
| તા. ૦૬-૦૯-૧૫ | (સવારે) ધનાળા (ઘનશ્યામનગર)ના સાંખ્યયોગી થયેલા બહેનો વસંતબા, સવિતાબા,સરોજબા, દયાબા, નિતાબા, મધુબા, તથા સુનીતાબા હ. રાજકુંવરબા, ઉષાબા - મોરબી |
| | (બપોરે) શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) ધુળકોટ મૂર્તિપ્રતિષ્ઠા નિમિત્તે હ. સાં.યો. મંજુબા - ભારતીબા. |
| | (બપોરે) શ્રી મહિલા મંડળ - શ્રી સ્વામિનારાયણ મંદિર - વિસનગર હ. સા.યો.જયાબા |
| તા. ૦૮-૦૯-૧૫ | શ્રી મહિલા મંડળ - શ્રી સ્વામિનારાયણ મંદિર - પંચવટી હ. સાં.યો.વનીતાબા, હંસાબા - ઉંઝા |
| તા.૧૩-૦૯-૧૫ | (સવારે)ગં. સ્વ. લલીતાબેન છગનભાઈ પટેલ - નવાવાડજ હ. નિરજભાઈ |
| | (બપોરે) નિતેષભાઈ માધવલાલ ખરણાવાળા હ. વિવેકસ્વામી હા. બોસ્ટન |
| તા. ૧૭-૦૯-૧૫ | (સવારે)શ્રી ગણપતિનું વિશેષ પૂજન (ગણેશ ચર્તુથી નિમિત્તે) |
| | મુખ્ય યજમાનશ્રી દિનેશભાઈ ડી. સાવલિયા - કર્મશક્તિ હ. જયશ્રીબેન, નેહાંગ - નવા નરોડા |
| | (બપોરે) દિશા પ્રકાશભાઈ હાલાઈ દહીંસરવાળા હ. શિવજી કેસરા હાલાઈ, ધ.પ.માનબાઈ - બોલ્ટન |
| | પ્રકાશ શીવજી હાલાઈ, ધ.પ. અનિતાબેન પુત્ર જય, આદિત્ય |
| | (બપોરે) માધવજી શામજી ભુડિયા - નારણપર હ. ધ.પ.અમરબેન પુત્ર દિનેશ માધવજી - માન્ચેસ્ટર ધ.પ.કસ્તુરબેન પુત્ર મહેશ માધવજી ધ.પ. અંજનાબેન પૌત્ર રઘુવીર, આદિત્ય તથા પૌત્રી પ્રોશની, રેવતી |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
**www.swaminarayanmuseum.org/com ● email: swaminarayanmuseum@gmail.com**

# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## સાચું દાન કોને કહેવાય

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

સમાજમાં ઘણીવાર સાંભળતા હોઈએ તેવો એક શબ્દ છે - ''દાન-પુણ્ય''. આવું બોલાય છે ખરૂં. ઘણાના મોઢે સાંભળવા પણ મળે કે અમે આટલું દાન-પુણ્ય કર્યું. પણ એ દાન પુણ્યરૂપ ક્યારે બને ?

જ્યારે હૃદયની શ્રધ્ધાથી કોઈ પણ પ્રકારના પ્રત્યુપકારની આશા રાખ્યા સિવાય નિઃસ્વાર્થભાવે જે સમર્પણ કરવામાં આવે તે સાચું દાન છે. બાકી કોઈ પણ પ્રકારનાં સ્વાર્થ કે ઈચ્છા રાખીને કરવામાં આવેલું સમર્પણ એ દાન નથી. તે દ્વારા પુણ્યની પ્રાપ્તિ થઈ શકતી નથી. દાન કરવા પાછળ કીર્તિની, વખાણની આશા હોય કે દાન કરી કોઈ પોતાનો સ્વાર્થ સિધ્ધ કરવાનો ઈરાદો હોય તો પુણ્યરૂપ ફળની પ્રાપ્તિ થતી નથી. પ્રાપ્ત કરી શકે તેવું દાન કરવા વાળા વિરલા બહુ ઓછા જોવા મળે છે

તેવા દાન વિશેનો એક પ્રસંગ ખૂબજ ધ્યાનથી વાંચશો અને વિચારશો. એક ગામમાં એક સજ્જન રહેતા હતા. ખૂબજ સીધાસાદા, ઘરની પરિસ્થિતિ પણ ખૂબજ સામાન્ય હતી. પોતાના કુટુંબના પોષણ કરવાની ચિંતામાંથી ઊંચા જ ન આવી શકાય તેવી તેમની પરિસ્થિતિ હતી.

એક દિવસ આ સજ્જનને સમાચાર મળ્યા કે નજીકના શહેરમાં એક ખૂબજ મોટા મેળાનું આયોજન થયું છે. અને આ મેળામાં લાખો માણસો એકત્રિત થવાના છે. મેળો હોય ત્યાં મોજ-શોખના, હરવા-ફરવાના અનેક સ્ટોલ હોય, ઘણી બધી વસ્તુના વેચાણના પણ સ્ટોલ હોય. આ વાત સાંભળી સજ્જનના પત્નીએ સજ્જનને કહ્યું કે - ચાલો આપણે આ મેળામાં ગ્રામીણ હાથ બનાવટની વસ્તુઓ વેચવાનો સ્ટોલ બનાવીએ. શહેરના લોકોને આવી ગ્રામીણ બનાવટની વસ્તુઓ ખરીદવાનો શોખ હોય છે. પતિદેવને આ પ્રસ્તાવ યોગ્ય લાગ્યો. તેથી તેમણે આ મેળામાં જઈને સ્ટોલ તૈયાર કરી દીધો. ઘણી બધી વસ્તુઓ આ મેળામાં વેચાણી. સારો એવો વેપાર પણ થયો અને નફો પણ.

સારો નફો થયો તેથી બંનેએ વિચાર કર્યો. સારો વેપાર થયો છે તો ચાલો બાળકો માટે થોડા કપડાં લઈ લઈએ. શહેરમાં ક્યાં અવારનવાર આપણે આવીએ છીએ ! બાળકો માટે કપડાં લીધા. આ સજ્જને તેમના પત્ની માટે સારી સાડી પણ લીધી. બધી ખરીદી કરી ઘરે આવ્યા. કોઈ વાર તહેવારે આ વસ્ત્રો પહેરીશું તેવા વિચાર સાથે આ સજ્જનના પત્નીએ બધા વસ્ત્રો સાચવીને મુકી દીધા.

બીજા દિવસે આ પતિ-પત્ની બેઠાં બેઠાં મેળાની વાતો કરતા હતા ત્યાં જ એક બ્રાહ્મણે આવીને સાદ કર્યો. કોઈ છે ? આ પતિ-પત્નીએ આવકાર આપ્યો. ઘર સારૂં સ્વચ્છ હતું તેથી ભૂદેવને થયું કે આ ઘર સુખી-સંપન્ન લાગે છે. તેથી તેમણે આ દંપતિ પાસે યાચના કરી કે મારી દીકરીના લગ્ન લીધાં છે તો કન્યાદાન માટે તમે કાંઈ મદદ કરો તો સારું. હજુ સજ્જન કાંઈ વિચાર કરે ત્યાં તો આ સજ્જનના પત્ની ઉભા થઈ ગયા અને પેલી નવી ખરીદેલી સાડી લાવ્યા અને ભૂદેવને દાનમાં આપી દીધી. ભૂદેવ પાસેથી વાહવાહની ઈચ્છા નહોતી. પણ ભૂદેવની દીકરી એ મારીજ દીકરી છે તેને સાડી આપું આવી ઉચ્ચભાવનાથી તેમણે એ સાડી ભૂદેવને આપી દીધી. સજ્જન પણ એમના પત્નીની આવી ઉદાત ભાવના જોઈને ગદગદિત થઈ ગયા.

આ વાતને થોડો સમય ગયો હશે ત્યાં એક દિવસ આખા ગામમાં સમાચાર મળ્યા કે આપણા રાજા ખૂબજ બિમાર થઈ ગયા છે. કેટલાંય હકીમો, વૈદ્યો, રાજા પાસે આવવા લાગ્યા. કેટલીયે દવાઓ બતાવતા જાય પણ દવાઓની કોઈ જ અસર ન થાય. એવામાં એક દિવસ એક મહાત્માજી આ રાજ્ય મહેલમાં આવી પહોંચ્યા. એમણે રાજાને જોયા અને તરત કહી દીધું કે જો આ રાજાને કોઈ પુણ્ય આપે તો જ રાજા સાજા થાય. નહીં તો તેમનું આયુષ્ય પૂર્ણ થયું છે.

રાજ્યમાં જાહેરાત કરવામાં આવી કે જે પુણ્યશાળી હોય, ઘણા દાન કર્યા હોય તે આવે. અને રાજાને પોતાનું પુણ્ય આપે તો રાજા બચી જાય. મોટા મોટા શેઠીયાઓ, ધનપતિઓ રાજ્ય મહેલમાં રાજા પાસે આવવા લાગ્યા. આ મહાત્માજી પાસે એવો ચમત્કારિક પથ્થર હતો કે જેણે પણ સ્વાર્થથી પુણ્ય કર્યું હોય તે આ પથ્થર ઉપર દેખાતું નહીં અને

જેણે પુણ્ય કર્યું હોય તે વ્યક્તિ પથ્થર પાસે આવીને રજુઆત કરે કે ''મારા પુણ્ય દેખાય'' તો તરત જ તેનાં પુણ્ય પથ્થર પર અંકિત થઈને દેખાય. જે કોઈ પણ પુણ્ય આપવા આવે તેને મહાત્માજી પેલો પથ્થર આપે. પેલા વ્યક્તિ પુણ્ય દેખવા પ્રયત્ન કરે પણ ન દેખાય. પુણ્ય ન દેખાય એટલે પાછા જાય. આવું દસ-બાર જણ સાથે થયું એટલે રાજા પાસે જનારાની સંખ્યા આપોઆપ ઘટવા લાગી. જનારા બધાને મનમાં કાંઈને કાંઈ પ્રકારે સ્વાર્થ હતો કે જો આપણે પુણ્ય આપીશું અન રાજા જીવી જશે તો આપણને બે-ચાર ગામ બક્ષિસમાં મળી જશે. પણ પુણ્ય ન દેખાય તો !! આવી બીકથી લોકો જવાનું ટાળવા લાગ્યા.

આ સજ્જને વિચાર કર્યો કે મને ખબર નથી કે મે પુણ્ય કર્યા છે કે નહીં પણ જો પુણ્ય હશે અને એ રાજાને દઈશ તો રાજાની જીંદગી બચી જશે. એનાં મનમાં કોઈ સંપત્તિ મેળવવાની લાલસા નહોતી. તે તો રાજ્યમહેલના માર્ગે ચાલવા માંડ્યો. પત્નીએ સાથે બે રોટલા બાંધી આપેલા. આ સજ્જન ચાલતા ચાલતા બપોરે છાંયે બેઠા અને રોટલા ખાવા જાય છે ત્યાં તો એમની સામે એક દૂબળી, સુકાઈ ગયેલી કૂતરી આવીને ઉભી રહી. સજ્જને દયાથી બે માંથી એક રોટલો આ કૂતરીને ખવડાવી દીધો. જ્યાં બીજા રોટલામાંથી માંડ બે કોળીયા ખાધા ત્યાં તે કૂતરી પેલો રોટલો પૂરો કરીને ફરી સામે જોવા માંડી. એટલે સજ્જને એ રોટલો પણ કૂતરીને ખવડાવી દીધો.

ચાલતા ચાલતા.... સાંજ પડવા આવી ત્યારે આ સજ્જન રાજ્ય મહેલમા પહોંચ્યા. વાત કરી કે રાજાને મારૂ પુણ્ય દાન કરવા આવ્યો છું. પેલા મહાત્મા પાસે આ સજ્જનને લાવવામાં આવ્યા. મહાત્માજીએ આ સજ્જનને પથ્થર આપીને કહ્યું કે લ્યો આ પથ્થર પાસે બોલો કે - ''મારા પુણ્ય બતાવો'' જ્યાં સજ્જને પથ્થર પાસે કહ્યું કે તેમાં તરત જ બે પુણ્યો દેખાયા. એક તો એમના પત્નીએ બ્રાહ્મણ પુત્રીને સાડી આપી અને બીજું આ સજ્જને ભૂખી કૂતરીને પોતાના ભાગના રોટલા આપી દીધા. તે મહાત્માજીએ આ સજ્જન પાસે પુણ્ય રાજાના આયુષ્ય માટે દાનમાં આપવાનો સંકલ્પ કરાવ્યો અને તરત જ રાજા સાજા થયા. સજ્જન પણ ખુશ થયા કે ચાલો આપણે રાજાના ભલા માટે આપણું પુણ્ય આપી શક્યા.

સજ્જને બીજી કોઈ અપેક્ષા તો હતી નહી તેથી પાછા વળવાની તૈયારી કરી ત્યાં રાજાએ સભા બોલાવી આ સજ્જનને બે ગામનું શાલીયાણું બક્ષિસ આપ્યું.

બાળમિત્રો ! સ્વામિનારાયણ ભગવાનને પોતાનું સર્વસ્વ અર્પણ કરી દેનારા દાદાખાચર જેવા ભક્તો હતા અને તે પણ કાંઈ પણ જાતની અપેક્ષા, યશ-કીર્તિ માટે નહીં, કેવળ સ્વામિનારાયણ ભગવાનની પ્રસન્નતા માટે જ કરતા. એવા ભક્તોનાં નામ દિવાલો ઉપર નહી પણ સ્વામિનારાયણ ભગવાનના અને લાખો ભક્તોના દિલ ઉપર આવે તેવા અમર છે. આવી રીતે સ્વાર્થ કે અપેક્ષા વગર દાન-સમર્પણ કરનારા નિષ્કામ ભક્ત કહેવાય છે અને એવા નિષ્કામ ભક્ત ભગવાનને વહાલા છે.

સ્વાર્થ વિના આપેલું દાન એ જ સાચું દાન છે. આવું સાચું દાન કે સાચું પુણ્ય જ ભગવાનની નોંધમાં આવે છે. બાકી પોતાની પ્રશંસા કરાવવા કે માનની લાલસાથી કરેલું દાન પુણ્યદાયી થતું નથી.

●

## સફળતા કોને મળે ?

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

ભાગ્યમાં હશે તેમ થશે... નસીબમાં લખ્યું હશે તે મળશે. પ્રારબ્ધમાં હોય તેમ થાય વગેરે વગેરે. શબ્દો તો બહુ સાંભળેલા હોય તેવું લાગે છે ખરૂને ? દરેક શાસ્ત્રો પણ ભાગ્ય અને પ્રારબ્ધને માનવજીવનમાં અગત્યનો ભાગ ભજવનાર પરિબળ તરીકે દર્શાવે છે. સ્વામિનારાયણ ભગવાને પણ વચનામૃતમાં પ્રારબ્ધની વાત કરી. જે ભાગ્યમાં પ્રારબ્ધ અનુસાર લખાયું હોય તે ભોગવ્યે જ છુટકો હોય છે. ક્યારેક ક્યા સમયે માણસનું પ્રારબ્ધ કે ભાગ્ય બદલાશે તેને માણસ પોતે સમજી શકતો નથી પણ મોટા સંતપુરુષો જાણી શકે છે. અને એવા પણ દાખલા છે કે મોટા સંતપુરુષોના આશીર્વાદ રંકને રાજા પણ બનાવી દે છે. અને આવા સંતપુરુષોના આત્માને દુભવનાર રાજા રંક પણ બની જાય છે. માટે સુખી થવું હોય તો એક વાત ધ્યાનમાં રાખવી કે કોઈ સંતપુરુષ સાથે મન જોડી દેવું અને તેમના વચનમાં વિશ્વાસ રાખી તે જેમ કહે તેમ કરવું. તેમની આજ્ઞામાં ફેર પડવા દેવો નહી તો ગમે તેવા કઠણ ભાગ્યવાળા પણ સુખી બની શકે છે.

આ વાતને વધુ સમજવા આ દ્રષ્ટાંત ખૂબ ઉપયોગી બની રહેશે. આ વાત છે શાહ સોદાગર તરીકે પ્રખ્યાત થયેલ સુંદરજીની. બાળપણથી જ ગામ લોકોમાં તેની ગણના રખડું અને જુગારી તરીકે થતી. નાનપણથી જ એનો સ્વભાવ એવો હતો કે મા-બાપનું તો માને જ નહીં. પોળને નાકે ને ઓટલે ને ચોતરે આખી રાત રખડે. બીજી કુટેવ એવી કે ઘેર આવતા મોડું થાય તો ગધેડા પર બેસીને ઘેર ચાલ્યો આવે. ઘણા બધાએ સમજાવ્યો, અરે ભાઈબંધોએ પણ અટકાવ્યો કે ગધેડા પર સવારી કરવી સારી નહી. પણ એ દલીલ કરતો કે ઘોડાને ગધેડામાં કાંઈ ફેર નથી.

એના પિતાને એમ થયું કે આને પરણાવીએ તો જવાબદારી વધતાં થોડી શાન ઠેકાણે આવે પણ એ નુસખો પણ સફળ ન થયો. છેવટે હારેલાં-થાકેલાં પિતાએ આ સુંદરજીને તેનો ભાગ આપી જુદો કરી દીધો. ભાગમાં આવેલા દ્રવ્યને કારણે વધુ બેફામ બન્યો. જુગારમાં ક્યાંક સફળ થાય, ક્યારેક નિષ્ફળ પણ થાય પણ હાર્યો જુગારી બમણું રમે એ ન્યાયે વધુને વધુ જુગાર રમ્યો ને તેમાં સાવ પાયમાલ થઈ ગયો. આવામાં તેને વિચાર આવ્યો કે લાવો હું ગિરનાર તરફ જાઉં. ત્યાં કોઈ મહાત્મા હાથ લાગી જાય અને પૈસા મળે તેવો મંત્ર આપે તો મજા પડી જાય. પછી તો ઘણું જુગાર રમી શકાય.

ગિરનારમાં ફરતાં ફરતાં એક મહાત્માજી મળી ગયા. અને મંત્ર મેળવવાની ઈચ્છાએ આ સુંદરજી મહાત્માની સેવા-ચાકરી કરવા લાગ્યો. પણ આ મહાત્માજીતો બહુ પાકા નીકળ્યા. તેમણે મંત્ર તો આપ્યો પણ પૈસાનો નહીં પુરુષાર્થનો મંત્ર એવો આપ્યો કે - ''તું કચ્છમાં જા, ત્યાં તારૂં ભાગ્ય ખૂલશે પણ ધર્મથી રહેજે. તો તારૂં કામ થઈ જશે.''

આ સુંદરજી તો ગુરુવચનમાં વિશ્વાસ રાખી ઉપડ્યો કચ્છની વાટે. ચાલતો ચાલતો માર્ગની ભાળ મેળવતો મેળવતો કચ્છમાં માંડવી પહોંચ્યો. આ માંડવીમાં એક શેઠ હતા. એમનો એક ઘોડો ખીજાયેલો, ચારે પગે ઉછળે. ભલભલા નિષ્ણાંતો પણ આ ઘોડાને શાંત કરી ન શક્યા. પણ સુંદરજીએ આ ઘોડાને વશમાં કરવા હિંમત કરી. સામી છાતીએ વીજળીના ઝબકારાની ઝડપે દોડી ઘોડાની લગામ પકડીને છલાંગ મારીને ઘોડા પર ચઢી ગયો. અને પછી તો ઘોડાને એટલો દોડાવ્યો એટલો દોડાવ્યો કે ઘોડો નરમ ઘેંસ જેવો થઈ ગયો. આ જોઈ શેઠ તો ખૂબ ખુશ થઈ ગયા. આ સુંદરજીને સાચો ઘોડા પારખું જાણી ઘોડાના વેપાર અર્થે પૈસા ધીર્યા.

સુંદરજીનો સિતારો ચમક્યો. ગામે ગામ ફરી સારા સારા ઘોડા એકઠા કરતો. ઘોડાને તાલીમ આપતો ને પછી ઉંચી કિંમતે આ ઘોડાને વેચતો પણ આ બધામાં તેણે મહાત્માજીના વચનો યાદ રાખેલા કે ''ધર્મથી કામ કરજે'' ગુરૂના વચન પ્રમાણે જીવન જીવતો અને પુરૂષાર્થ કરતો આ સુંદરજી ઘણો સુખી થયો. લડાઈના સમયે અંગ્રેજ સરકારે પણ આ સુંદરજીની પાસે સારી ઓલાદના ઘોડાની માગણી મુકેલી ને તેણે ઘણા બધા જાતવાન ઘોડા અંગ્રેજોને ખૂબ ઉંચી કિંમતે આપી ઘણું ધન પ્રાપ્ત કર્યું હતું.

એ વખતે કારમો દુષ્કાળ પડ્યો. લોકોને ખાવાના સાંસા પડવા લાગ્યા. ભૂખને કારણે હજારો લોકો મરવા લાગ્યા. આવા વિપરીત સમયે પોતાની સંપત્તિનો ઉપયોગ ઘણા બધા દુષ્કાળ પીડિતોની સેવા માટે તેણે કર્યો. તેના ઉંબરેથી કોઈ પાછું ન જાય તેવું ઉદાર દિલ સેવા કાર્ય કરી ''શાહ સોદાગર'' તરીકે આ સુંદરજી ઓળખાયો.

મિત્રો ! આમાંથી શું શિખવા મળ્યું ? ગમે તેવો આબરૂહિન ગણાતો સુંદરજી ભલે કોઈનું પણ નહોતો માનતો પણ એક મહાત્માજીના વચનમાં વિશ્વાસ રાખી તે પ્રમાણે જીવ્યો તો તેની ચઢતી થઈ અને તે સુખી થયો. તો આપણે પણ જો જીવનમાં સુખી થવું હોય તો ધર્મના માર્ગે ચાલીને સંતપુરુષોના શાસ્ત્રોના વચનમાં વિશ્વાસ રાખી એમની આજ્ઞાનું પાલન કરીએ. એક વાત ખાસ યાદ રાખીએ. સ્વામિનારાયણ ભગવાને કહ્યું છે કે - ''પુરૂષાર્થહીન હોય તેના પર ભગવાનની કૃપા થતી નથી'' માટે પ્રારબ્ધ + પુરૂષાર્થ + કૃપા = સફળતા.

**શ્રી સ્વામિનારાયણ માસિકમાં છાપવા માટે**
**લેખ, સમાચાર અને ફોટોગ્રાફ્સ ઈમેલથી મોકલવા માટે એડ્રેસ**
**shreeswaminarayan9@gmail.com**

**મોબાઈલથી પાડેલા ફોટા છપાશે નહિ**

# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી)**
**(એકાદશી સત્સંગ સભા પ્રસંગે કાલુપુર મંદિર-હવેલી) “અનુરાગ માત્ર પરમાત્મા પ્રત્યે રાખવો”**
(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

પરમાત્મા પ્રત્યેનો ઉપાસનારૂપી અનુરાગ છોડી પંચવિષયને ભોગવવાની ઈચ્છા એ કામના છે. અને કામ, ક્રોધ, લોભ, મોહ તે નરક સુધી જવાના રસ્તા છે. અનંત જન્મોથી કામનાઓની તૃપ્તિ થતી જ નથી. જેવી રીતે અગ્નિમાં ઘી હોમીએ તો અગ્નિ વધે છે. અને અગ્નિને ઓલવવા માટે પાણીની જરૂર પડે છે. તો પરમાત્માની કામના ‘જળ’ જેવી છે. કેમ કે, પરમાત્માને પ્રાપ્ત કર્યા પછી બીજી કોઈ કામના રહેતી જ નથી. અને સંસારની કામના ‘ઘી’ જેવી છે. જેમ જેમ તમે સંસારના સુખ-વૈભવને ભોગવો છો તેમ તેમ કામના વધતી જ જાય છે. કામના મનમાં ઉત્પન્ન થાય છે. પંચવિષનયો સંબંધ મન જોડે છે. જે અનુભવ થાય છે. તે મનમાં થાય છે. મનમાં પૂર્વની ગ્રંથીઓ કારણ શરીરની સાથે પડેલી હોય છે. જે બહાર અનુકુળ સંજોગો પ્રાપ્ત થતા મનની અંદરની ગ્રંથી (ગાંઠ) ઉગી નીકળે છે. એટલે કે કામના ઉત્પન્ન થાય છે. ઈન્દ્રિયો તો માત્ર સાધન છે. માત્ર આંખથી જોવાથી ખબર પડતી નથી. આપણે શું જોયું ? શું સાંભળ્યું ? તે આંખથી જોયા પછી કાનથી સાંભળ્યા પછી મનમાં ચિંતવન થાય છે. બુદ્ધિ નિર્ણય કરે છે. જો આપણે સત્સંગમાં બેઠા હોય અને ઉંઘ આવી ગઈ તો ઉંઘી ગયા પછી શું બોલ્યા હતા તે જાગીએ ત્યારે આપણને યાદ રહેતું નથી. તો કાન તો ખુલ્લાં જ હોય છે. છતાં પણ યાદ રહેતું નથી. તેનું કારણ શું ? તો બુદ્ધિ મનથી સુષુપ્ત અવસ્થામાં હોય છે. અને મજાની વાત તો એ છે કે જગતમાં આટલા બધા લોકો છે તો બધાની કામના જુદી જુદી હોય છે. તો તેનું મૂળ કારણ છે ‘આસક્તિ’ જેવી જેની આસક્તિ હોય છે તેવી કામના ઉત્પન્ન થાય છે. જો કામના પુરી થાય અને સુખ પ્રાપ્ત થાય તો લોભમાં વૃત્તિ જાય છે. અને ના પુરી થાય તો દુઃખ પ્રાપ્ત થાય છે. અને ક્રોધ ઉત્પન્ન થાય છે. આ સુખ અને દુઃખની અનુભૂતિ થાય છે તે કોને થાય છે ? તો ‘અહંકારને’ થાય છે. અને લોભ પણ સારો નથી અને ક્રોધ પણ સારો નથી. તો શું કરવાનું ? તો આસક્તિ જ મીટાવી દેવાની. આસક્તિ માત્ર પરમાત્મા પ્રત્યે રાખવી. આપણે આ સંસારમાં કેટલા જન્મોથી દુઃખ, તિરસ્કાર, અપમાન સહન કરતા થાકતા જ નથી. અને પરમાત્મા માટે એક કલાક ચાલવું પડે તો થાકી જઈએ છીએ અને બે દિવસ સૂઈ જઈએ છીએ. સંસારની કામના પુરી કરવામાં થાકતા જ નથી. તેનું કારણ શું છે ? તો આપણે પરમાત્માનું ૨૪ કલાકમાં એક કલાક ચિંતવન કરીએ છીએ. અને ૨૨ થી ૨૩ કલાક સંસારનું જ ચિંતવન કરીએ છીએ. એ જ કારણ છે કે કામના ઓછી થતી નથી. કામનાના મૂળિયા અંદર સુધી પહોંચી ગયા છે. એટલે નથી નીકળાતુ. તો સંસારના કર્યો ભલે કરવા પડે પરંતુ સંસારથી અનાસક્ત રહીને કરવાના. મનની અંદર ચિંતવન પરમાત્માનું રાખવાનું. જેથી કરીને આ જગતમાંથી છૂટાય? આપણી અંદર આસક્તિ, અનાસક્તિનો ક્રમ ચાલતો જ હોય છે. કોઈ આપણને દુઃખ આપે, અપમાન આપે તો થોડીવાર માટે વૈરાગ્ય આવી જાય છે. અને મનમાં એમ થાય છે કે શાસ્ત્રોમાં સાચું લખેલું છે. સંત-મહાત્મા સાચું કહે છે. અને થોડી વાર પછી અપમાન કર્યું હોય તે જ માણસ માફી માગવા આવે તો આપણે ભૂલી જઈએ છીએ અને ફરીથી આસક્ત થઈ જવાય છે. જેમ વૃક્ષના મૂળિયા અંદર સુધી પેસી ગયા હોય અને થોડો જોરથી પવન આવે તો આખું વૃક્ષ પડતું નથી. પરંતુ એકદમ હચમચાવી નાખે તેવું વાવાઝોડુ આવે તો વૃક્ષ ધરાશયી થઈ જાય છે. તેમ આપણા જીવનમાં નાની મોટી વસ્તુ બનતી હોય તો આપણને થોડીવાર માટે હલાવી નાખે છે. તેવું બની જાય છે. પરંતુ તેનાથી કામના, આસક્તિ, મોહ સંપૂર્ણ પણે નીકળી જતા નથી. પરંતુ ખૂબ કડવા અનુભવો થાય અને ખરાબ પ્રસંગો

બને તો કામનારૂપી વૃક્ષ ધરાશયી થઈ જાય છે. પરંતુ આવું ભાગ્યે જ કોઈકના જીવનમાં બને છે. બધાના જીવનમાં આવુ બનતું નથી. તો થોડુ ઘણું બને ત્યારે આપણે સ્વીકારી લેવું જોઈએ. અને ન સ્વીકારી એ તો ભૂલ આપણી જ છે. રોગી હોય તેને રોગ મટાડવો હોય તો પ્રથમ રોગને સ્વીકારવો પડે. જ્યાં સુધી સ્વીકારશે નહિ ત્યાં સુધી રોગ મટશે નહિ. તમે રોગને સ્વીકારો અને ડોકટર પાસે જાવ એટલે ડોકટર દવા આપે છે. સાથે સાથે પરહેજ પાળવાનું કહે છે. શું ખાવું ? શું ન ખાવું ? વગેરે પરહેજ પાળ્યા પછી ધીમે ધીમે શરીર સ્વસ્થ થાય છે.

જો આત્માને નિરોગી રાખવો હોય તો તેના માટે સત્સંગરૂપી ડોકટર હોય છે. તેમાં પણ પરહેજ પાળવાનું કહેવામાં આવે છે. કઈ વસ્તુથી દૂર રહેવાનું, કેટલી માત્રામાં જીવનમાં શું રાખવાનું, ભજન-ભક્તિ, કથા-વાર્તા, તપ-નિયમ રૂપી દવા નિયમથી લેવી પડે છે. એ બધુ કરવું જ પડે છે. પરમાત્મા 'દિવ્ય' છે. અને મન 'માયિક' છે. તો બે વિરોધી વસ્તુ એક સાથે રહી ન શકે. 'પ્રકાશ' અને 'અંધકાર' બંને સાથે રહી ન શકે.

પ્રકાશ રૂપી દિવો પ્રગટાવો એટલે અંધકાર આપોઆપ વિદાય લે છે. તો આપણે પણ આત્મામા પરમાત્મા રૂપી દિવો પ્રગટાવી દેવાનો. સંસાર પ્રત્યે 'વૈરાગ્ય' રાખવાનો છે. અને ભગવાન પ્રત્યે 'અનુરાગ' રાખવાનો છે. આપણે અનુરાગ ક્યાં રાખીએ છીએ તેના પર નિર્ભર છે. ખૂબ મહેનત કરવાની જરૂર નથી. પરંતુ સત્સંગમાં આવો ત્યારે ઈમાનદારીથી આવવાનું, સંસારથી અનાસક્ત થઈને આવવાનું, આખો દિવસ સંસારના કાર્યોમાં લાગેલા હોઈએ છીએ તો દરરોજ થોડો સમય કાઢીને વિચારવાનું કે શું એવી વસ્તુ છે જે, આપણામાં ના હોવી જોઈએ. અને આપણા જીવનમાં ન કરવા જેવા ક્યા કાર્યો છે જે ના કરવા જોઈએ. તો આપ સૌને ભગવાન પ્રત્યે અનુરાગ રહે, પ્રીતિ રહે, ભગવાન પ્રત્યે દઢ આસક્તિ થાય તેવું બળ પરમાત્મા તમને બધાને આપે. તે જ નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

●

### ભણવા જેવી બ્રહ્મવિદ્યા

- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

જગતમાં જે બુધ્ધિ છે. એ ભૌતિક બુધ્ધિ છે. એ બુધ્ધિ કોઈ દિવસ આત્માનું સાચું હિત કરતી નથી. કોઈને સાચું સુખ આપી શકતી નથી. વળી ભૌતિક બુદ્ધિથી જીવનું કલ્યાણ થતું નથી. મોક્ષમાર્ગે ચાલી શકાતું નથી. તો સાચી વિદ્યા એ છે કે જે પોતાના મોક્ષનો વિચાર કરે. વિદ્યા ગમે તેટલી સંપાદન કરી હોય પણ તે મોક્ષના કામમાં આવવી જોઈએ. એવો ભગવાનશ્રી સ્વામિનારાયણનો દઢ આગ્રહ હતો. લૌકિક વિદ્યા તો જગતમાં ઢગલા બંધ બધે ભણાય છે. પણ ભણવા જેવી તો બ્રહ્મ વિદ્યા - મોક્ષ વિદ્યા છે.

શ્રીજી મહારાજે શિક્ષાપત્રી શ્લોક ૧૧૪ માં કહ્યું છે કે વિદ્યાદિક ગુણવાળા જે પુરુષ તેમના ગુણવાન પણાનું એજ પરમ ફળ જાણવું. ક્યું તો જ શ્રીકૃષ્ણ ભવાનને વિશે ભક્તિ કરવી ને સત્સંગ કરવો અને એમ ભક્તિને સત્સંગ એ બે વિના તો વિદ્વાન હોય તે પણ અધોગતિને પામે છે.

માનવી ભણી ભણીને ડીગ્રી મેળવે, માસ્ટર ડીગ્રી મેળવે એ જ એક વિદ્યા નથી. પણ જીવનમાં સંસ્કારોને સદ્‌ગુણો આવે એ મોટી વિદ્યા છે. શ્રીજી મહારાજ વારંવાર કહેતા, ''ભલે એ સાધુ ભણેલા ન હોય, તેમનું વર્તન શુધ્ધ છે. માટે તેમનું તો વર્તન વાતો કરશે.'' જગતમાં ગુણવાન ગણાતા પુરુષોના પોતાના સદ્‌ગુણોની સફળતા શા માં છે ? કોઈ એમ કહે કે એ ભાઈ બહુ કલાકાર છે. કોઈ વાંધો નહી. બહુ સારું પણ ભગવાનનું ભજન કરે છે કે નહીં ? જો ભગવાનનો ભક્ત હોય તો એની તમામ કળા સફળ. જો ભગવાનનો ભક્ત ન હોય તો તેની કળાની કારીગરીની કોડીનીય કિંમત નથી. જેને ભગવાનની ભક્તિ નથી અને જેને સત્સંગ નથી એની બધી જ વિદ્યા નિષ્ફળ છે. ભક્તિવાનની, ગુણીજનના ગુણની કદર, સફળતા ત્યારે જ થાય જ્યારે સત્સંગને ભક્તિ એના જીવનમાં હોય તો. ભગવાનની ભક્તિ અને સત્સંગ આ બે જેની પાસે ન હોય એવા ગમે તેવા મોટા વિદ્વાન હોય તો પણ એ અધોગતિને પામે છે.

ગમે તેવો જ્ઞાની હોય તો પણ શું ? એક સમયે ધોળકામાં પૂ. ગોપાળાનંદ સ્વામી પધાર્યા હતા. ત્યાં કોઈ મહાપંડિત બ્રહ્મરાક્ષસ થયેલો. એને છ શાસ્ત્ર, ચાર વેદ, અને ચૌદ વિદ્યા મોઢે હતી. છતાંય એનો મોક્ષ થયો નહિં. કારણ કે ભક્તિ અને સત્સંગ બે ખૂટતાં હતાં. માટે મોક્ષ આપે એવી બ્રહ્મવિદ્યા પ્રાપ્ત કરવી.

એક નાવમાં કેટલાક વિદ્વાન લોકો બેઠા હતા. નાવમાં એક જ્યોતિષી જે ત્રિકાળદર્શી અને જ્યોતિષ વિદ્યામાં

નિપુણ હતો. તે આવીને બેઠો. બીજો દીપકરણ ગાનાર ગાયનાચાર્ય આવીને બેઠા. ત્રીજો ધનવંતરી અને હકીમલુકમાન જેમ પ્રખ્યાત વૈદ્ય આવીને બેઠો. ચોથી વેદાંતી તે આવીને બેઠા. વિદ્વાનોએ એક બીજા વચ્ચે વાતો શરૂ કરી દીધી. નાવિકે નાવને ખોલી અને હાંકી મૂકી.

શ્રાવણ મહિનો હતો. નદી ખૂબ જોરથી કાળા નાગની જેમ તેજ ગતિથી વહેતી હતી. મુસાફરોમાં પણ એક બીજામાં વાત-ચિતો થવા લાગી. સૌએ પહેલા જ્યોતિષીને પૂછ્યું : કહો, તમે કોણ છો ? જ્યોતિષી કહેવા લાગ્યો : ''હું જ્યોતિષ વિદ્યાનો ત્રિકાળ દર્શી પંડિત છું. એટલે કે ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાન કાળની બધી વાતને જાણું છું. જેણે મનુષ્ય શરીર મેળવીને જ્યોતિષ વિદ્યાને ન જાણી તેના બધાં જ વરસો પાણીમાં ગયા. જીવન વ્યર્થ ખોયું.

બીજા ગાયનાચાર્ય કહેવા લાગ્યા, ''ના મહારાજ જેણે જીંદગીમાં ગાયન વિદ્યાને ન શીખી તેણે જન્મ મેળવીને પણ પોતાની જવાની રૂપી વૃક્ષને કુહાડીથી કાપી નાખ્યું. હું ગાયન વિદ્યામાં એટલો પારંગત કે, ઓલવાયેલા દીપકને ગાયન દ્વારા સાળગાવી શકું છું. રોતાને હસાવી શકું છું. મડદામાં પ્રાણનો સંચાર કરૂં છું. ત્યારે વૈદ્યજી કહેવા લાગ્યા, ના શ્રીમાન એવું નથી જેમણે મનુષ્ય શરીર મેળવીન વૈદિક શાસ્ત્રને નથી વાંચ્યા ને નથી ભણ્યા તેના બધાં વરસો પાણીમાં ગયાં સમજવા. હું નાડી જોયા વગર બિમારી બતાવી દઉં છું. કાયા કલ્પ કરવાનું જાણું છું. એવી એવી જડીબુટ્ટીઓનું મને જ્ઞાનને વિદ્યા છે. મડદાને પણ જીવતું કરી શકે છે. ઘરડાને ફૂટડો જવાન બનાવી દઉં છું. એટલે વૈદિક વિદ્યાને જ્ઞાન તો જરૂર શીખવું જોઈએ. ચોથા વેદાંતીજી કહેવા લાગ્યા, ''આ બધી વિદ્યાઓ પેટ ભરવા માટે છે. સૌથી ઉત્તમ વેદાંત છે.' જેમણે માતાના ગર્ભમાંથી બહાર આવીને વેદોના મહાવાક્યો એટલે કે અહં બ્રહ્માસ્મિ તત્વમસિ અહમાત્મા સોહમસ્મિ નથી કહ્યું તેને જવાની ને એમને એમ વ્યર્થ ખોઈ.

નાવ બિલકુલ નદી વચ્ચે પહોંચી હતી. એક એક કરીને બધાએ પોતાની કળા તથા સંસારી વિદ્યાઓના વખાણ કર્યા. પછી હસતાં હસતાં પેલા વિદ્વાનોએ નાવિકને પૂછ્યું કે, આ વિદ્યાઓ વિશેનું શું જાણે છે ? બિચારો નાવિક સીધો-સાદો, આખો દિવસ હોડી હંકારી પોતાની આજીવિકા મેળવતો હતો. તેણે ભોળા ભાવે કહ્યું કે, સાહેબ, તમે તો મોટા લોકો છો. ડિગ્રીધારી છો. ને હું તો સીધો-સાદો માણસ છું. ભગવાનનું ભજન કરૂં છું ને હોડી હકારી કુટુંબનું ભરણ પોષણ કરૂં છું. ત્યારે બધાએ કહ્યું કે અલ્યા તારૂં જીવન તો કાંઈ જીવન છે. ત્યારે નાવ નદી વચ્ચે પહોંચી હતી. ત્યારે નદીનું વહેણ અચાનક વધ્યું અને પવનની એક મોટી ઝાપટ નાવને વાગી. નાવ હાલક-ડોલક થવા લાગી. ત્યારે બધાએ ચીસાચીસ કરી મૂકી અને મોતના ડરથી ભયભીત થઈ ગયા. હવે તો નાવ ધૂમરીમાં ફસાઈ ગઈ, નાવિકે કહ્યું. ''આ હોડી કિનારે પહોંચી શકશે નહિ. જ્યોતિષ કહેવા લાગ્યો, 'ભાઈ, નાવિક નાવને જલદી સંભાળો નહિતર નાવ ડૂબી જશે. નાવિકે કહ્યું મહારાજ ! તમે કેમ ચિંતા કરો છો. તમે તો જ્યોતિષ ! જ્યારે તમે ઘેરથી નીકળ્યા હશોતો મુહૂર્ત જોઈને નીકળ્યા હશો ને ? ત્રિકાળદર્શી - ત્રણેકાળના પ્રખર વિદ્વાન-જાણકાર એટલે પહેલેથી જ જાણી લીધું હશે કે નાવ ડૂબશે કે પાર થશે. ગાયનાચાર્ય કહેવા લાગ્યો નાવિક ! નાવને સંભાળો અને ભ્રમરમાંથી બહાર કાઢો. નહિતર ડૂબી જશે. નાવિક કહે છે મહારાજ ! તમે ચિંતા કરો છો. તમો તો ઓલાયેલ દીપકને સળગાવી શકો છો તો શું અત્યારે તમે પોતાના જીવનરૂપી દીપકને ઓલવાવા દેશો ? ખૂબ તાનથી રાગ ગાઈને જીવ બચાવી લ્યો.

વૈદ્યજી કહેવા લાગ્યો 'ભાઈ નાવિક ! ગમ્મત ન કરો. આ ગમ્મત કરવાનો સમય નથી. કોઈપણ રીતે નાવને પાર કરાવી દો.'' નાવિક કહે વૈદ્યજી, તમે બીજાનું કાયા કલ્પ કરો છો તો તમારૂં કાયાકલ્પ કરવાનો જોરદાર મોકો આવ્યો છે. એમાં નુકશાન શું છે ? કેમ કે શરીર છુટતાં જ કોઈને કોઈ નવીન શરીર મળી જશે. વેદાંતિ બોલ્યો, ''ઓ નાવિક ! સંભાળીને વાતો કરો અને નાવને કિનારે લગાડો નહી તો નાવ સો ટકા ડૂબવાની છે.'' નાવિક કહે, ''તમારી બુદ્ધિ પર તો મને હસવું આવે છે. બ્રહ્મ નથી ડૂબતો કે નથી મરતો નથી આવતો નથી જાતો. પછી શી ચિંતા છે ? બીજું તો ઠીક પણ તમે વિદ્વાનો એ બતાવો કે તમે તરવાનું જાણો છો કે નહિ ? તરવાની પણ એક કળા છે. વિદ્યા છે. જો તરવાની વિદ્યા તમો શીખ્યા હો તો આ અમૂલ્ય અવસર આવ્યો છે. તો કરો પ્રયોગ.

બધા વિદ્વાનો એક બીજાના મોંઢા જોવા લાગ્યા. કહેવા

લાગ્યા કે ભાઈ ! અમે ફક્ત તરવાની વિદ્યા જ નથી શીખ્યા. ત્યારે નાવિક બોલ્યો, તો તો હવે તો તમારી ભણેલી વિદ્યાઓની આગળ પૂર્ણ વિરામ લાગી ગયું. હવે એ બધી વિદ્યાઓ ભણ્યા છો તે હવે નકામી. જો તમે તરવાની વિદ્યા જાણતા હો તો બચી જશો.

પછી તો પવનના જોરદાર ઝાપટા આવતા નાવ એકદમ ઉંધી વળી ગઈ. નાવિક તો છલાંગ મારીને તરતો તરતો નદી પાર કરી ગયો. પેલા ચારેય વિદ્વાનો પાણીમાં ડુબી ગયા.

તો કહેવાનો મતલબ ખરેખર આપણે બધું જ ભણી લીધું હોય, પરંતુ આ જીવનરૂપી સંસાર સાગર તરવા માટેની જે મોક્ષવિદ્યા, અમૃતવિદ્યા, બ્રહ્મવિદ્યા છે તેને જો નહિ જાણીએ તો આ જન્મ-મરણના ભ્રમરમાં ડૂબીને મરી જઈશું. માટે ભણવા જેવી તો બ્રહ્મ વિદ્યા છે.

●

### સ્વામિનારાયણ મહામંત્ર

- પટેલ લાભુબેન મનુભાઈ (કુંડાળ, તા. કડી)

"સ્વામિનારાયણ આજ પ્રગટ મહામંત્ર છે,
શ્રવણે સાંભળતા કંપે દિનકર દૂત જો.
ભવના બંધન સદ્ય કાપી સુખીયા કરે,
શું કહી દાખું મહિમા અતિ અદ્‌ભુત જો..... સ્વામિનારાયણ
અનંત પતિત ઉદ્ધાર્યા પૂરેવ આ મંત્ર થકી,
અજામિલ, ગનિકા આદિક અપાર જો.
તે મંત્ર આજ મહારાજે પ્રગટ કર્યો,
કળિમાં કરવા અનેક પતિત ભવપાર જો.... સ્વામિનારાયણ
સકામીજન સુમરી પામે ત્રિવર્ગને,
નિષ્કામીજન પામે પદનિર્વાણ જો,
નામ તણા નામી સ્વામી પ્રગટ મળ્યા,
તે જનના શું કરું મુખે વખાણ જો..... સ્વામિનારાયણ
ભવ-બ્રહ્મા મુનિ મુક્ત જપે આ મંત્રને,
તે સહુ પામ્યા મનવાંછિત સુખ સાજ જો.
પ્રેમાનંદ કહે કર જોડી સહુ જનને,
ભૂલશો મા અવસર આવ્યો આજ જો..... સ્વામિનારાયણ

આ પ્રમાણે સદ્. પ્રેમાનંદ સ્વામી આપણને સૌને કહે છે કે, આજે વર્તમાનકાળે આ પ્રગટ મહામંત્ર છે. જેનું શ્રવણ કરવાથી યમના દૂતો પણ ધ્રુજી ઉઠે છે. આવો આ મહામંત્ર ભવબંધનથી મુક્ત કરી તરત જ સુખિયા કરે છે.

આ મંત્રના રટણથી તો અજામિલ આદિક અનંત પાપી જીવાત્માઓનો પણ ઉદ્ધાર થયો છે. આવા આ 'સ્વામિનારાયણ' મહામંત્રને સ્વયં શ્રીજી મહારાજે કળિયુગના પાપી જીવાત્માઓના મોક્ષાર્થે કૃપા કરીને પ્રગટ કર્યો છે.

આ મંત્ર સ્મરણથી નિષ્કામી ભક્તો તો અક્ષરનું સુખ માણે જ છે. પરંતુ સકામીજન પણ આ મંત્રરટણથી પોતાની મનોકામના પૂરી કરે છે. તો પછી આ પ્રગટ પ્રભુની જેને પિછાણ થઈ તેના વખાણ કયે મોઢે કરવા ?

આ મંત્ર રટવાથી દેવો પણ પોતાની મનોકામના પૂરી કરીને સુખિયા થાય છે. આવી પ્રગટ પ્રાપ્તિ આપણને થઈ છે. તો હવે આ સમય કેમ જવા દેવો ? માટે પ્રેમાનંદ સ્વામી વિનમ્રભાવે સૌ ભક્તોને હાથ જોડીને વિનંતી કરતા કહે છે કે, "હવે આ મળેલ પ્રાપ્તિની તક જવા દેશો નહીં. આ અનાયાસે મળેલ આ કૃપામંત્રને ભૂલશો નહીં. માંડો ભજન કરવા 'સ્વામિનારાયણ'... 'સ્વામિનારાયણ'.... 'સ્વામિનારાયણ !' વળી આજ રીતે વૈરાગ્યમૂર્તિ સદ્. નિષ્કુળાનંદ સ્વામી પણ આ મહામંત્રનો મહિમા ગાતા કહે છે કે....

"સ્વામિનારાયણ નામ, વ્હાલુ લાગે સ્વામિનારાયણ નામ. (૧)
રાત-દિવસ મારા રુદિયા ભીતર, જપીશ આઠું જામ. વ્હાલુ. (૨)
ભવજળ તરવા પાર ઉતરવા, ઠરવાનું છે મારે ઠામ. વ્હાલુ. (૩)
સર્વોપરી શ્યામ છે નરવીર નામ છે, સુંદર સુખડાનું ધામ. વ્હાલુ. (૪)
નિષ્કુળાનંદના નાથને ભજતા, વારે તેનું નહી કામ. વ્હાલુ. (૫)

આ પદમાં વૈરાગ્યમૂર્તિ સદ્. નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે, મને તો આ 'સ્વામિનારાયણ' મહામંત્ર ખૂબજ વ્હાલો લાગે છે. સ્વામી કહે છે કે, મહારાજ નો આ કૃપા પ્રદાન મહામંત્ર મારા હૃદયમાં વસી ગયો છે. તેથી હું હવે આ મહામંત્રનો જાપ સતત કર્યા જ કરીશ.

આ 'સ્વામિનારાયણ' મહામંત્ર એવો બળિયો છે કે સાંભળવા માત્રથી જ પરમધામની પ્રાપ્તિ થાય છે. આ મહાંત્રની મહતા જાણવાથી પાપ માત્ર બળી જાય છે. અને અક્ષર પોળ ઉઘડી જાય છે. જેની જીભે આ મહામંત્રનો જાપ થાય છે તેને પરમધામની પ્રાપ્તિ થઈ જાય છે અને નિરંતર સુખ ભોગવે છે. એવો મહાપ્રતાપી આ મહામંત્ર છે.

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

પ્ર. ૧ મંદિરો શા માટે બનાવ્યા. તે ઉપર પોતાના સિધ્ધાંતની વાત ક્યા વચનામૃતમાં શ્રીજી મહારાજે કરી છે.

પ્ર. ૨ ''અમારા ગરીબ હરિભક્ત માંગરોળ ગામના કમળશી વાંઝા બીમાર પડ્યા ત્યારે ઝીણાભાઈએ તેનો ખાટલો ઉપાડીને તેને પોતાને ઘેર રાખી, પોતાના પુત્ર કરતાં પણ અધિક પ્રેમથી એ સત્સંગીની સેવા કરેલી એનો બદલો આપણે કેવી રીતે આપી શકીએ.'' પછી શ્રીજી મહારાજે શું કર્યું ?

પ્ર. ૩ યાજ્ઞવલ્ક્ય ઋષિએ શ્રાધ્ધના બે પ્રકાર બતાવ્યા છે તે જણાવો.

પ્ર. ૪ ''રાખો પ્રભુ અમને બિરુદ કી લાજ, હમ પૈ પતિત તુમ પતિત કે પાવના, સુનીએ ગરીબ નિવાજા...'' આ કીર્તનની રચના કોણે કરી છે ?

પ્ર. ૫ વનવિચરણ દરમ્યાન નિલકંઠવર્ણીએ સેવકરામ નામના સાધુની ખૂબ સેવા કરી, કૃતઘ્ની જાણી તેનો ત્યાગ પણ કર્યો. પછી સેવકરામ પોતાના મંદિર ભુતપુરીમાં આવ્યોને બીમાર પડ્યો. તેના શિષ્યોની સેવાથી સંતોષ ન થતા વર્ણીરાજને યાદ કર્યા ત્યારે ભગવાને તેને દર્શન આપી શું કહ્યું ?

પ્ર. ૬ ગામ ઝિંઝાવદરમાં મહારાજે એક પ્રકારણ ફેરવ્યું. ''જમતાં જેના ઉપર પ્રથમ હાથ પડે તે જમવું.'' પંક્તિ પડી બધા જમવા બેઠા. સુરાખાચરનો હાથ પ્રથમ સેના પર પડ્યો. પછી સુરાબાપુ શું બોલ્યા....

પ્ર. ૭ સત્પુરુષનો જે પ્રસંગ એ જ પરમેશ્વરને વિષે દૃઢ પ્રીતિ થવાનું કારણ છે. ત્યારે સોમલો ખાચર બોલ્યા કે એવો પ્રસંગ તો અતિશે કરીએ છીએ પણ એવી દૃઢ પ્રીતિ કેમ થતી નથી. ત્યારે શ્રીજી મહારાજે શું કહ્યું ?

## ઓગસ્ટ-૨૦૧૫ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

(૧) ભગવાનની કથા સાંભળવી, મહાપૂજા કરવી, સત્શાસ્ત્રો વાંચવા, કીર્તન કરવા, મંત્ર જપ કરવો, સ્તોત્રના પાઠ કરવા, પ્રદક્ષિણા કરવી, સાષ્ટાંગ દંડવત પ્રણામ કરવા. (૨) મૂળી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી રાધાકૃષ્ણદેવની સ્થાપના સંવત ૧૮૭૯ મહા સુદ પાંચમ. (૩) શંખ, ચક્ર, હળ, મુસળ. (૪) સ.ગુ. મંજુકેશાનંદ સ્વામી. (૫) જ્યાં પોતાની આજીવિકા ન ચાલતી હોય અથવા લજ્જા ધન કે પ્રાણનો નાશ થતો હોય કે દુષ્કાળ શુત્ર રાજાનો ઉપદ્રવ થાય ત્યારે પોતાના વતનનો ત્યાગ કરવો. (૬) મુંબઈના ગવર્નર સર જ્યોન માલ્કમ સાથે રાજકોટમાં. (૭) મતે વિશિષ્ટાદ્વૈતં મે ગોલોકો ધામ ચેપ્સિતમ્, તત્ર બ્રહ્માત્મના કૃષ્ણસેવા મુક્તિશ્ચ ગમ્યતામ્.

૧ પટેલ ધરમશીભાઈ નરસીભાઈ (મેમનગર)
૨ પટેલ વિનોદભાઈ પી. (વહેલાલ)
૩ બ્રહ્મભટ્ટ દેવયાની અવિનાશભાઈ (મેમનગર)
૪ સોની રંજનબેન કાંતિલાલ (મેમનગર)
૫ સાં.યો. કોકીલાબા તથા ઉષાબા (સુરેન્દ્રનગર)
૬ શોભના કિશોરભાઈ (ઝોલાપરા)
૭ સોની પલ્લવી આર. (સુરેન્દ્રનગર)
૮ પટેલ રેખાબેન ધર્મેન્દ્રભાઈ (સુરેન્દ્રનગર)
૯ પટેલ પારૂલ સુરેશભાઈ (સુરેન્દ્રનગર)
૧૦ પટેલ ચંપાબેન વિઠ્ઠલભાઈ (સુરેન્દ્રનગર)
૧૧ પટેલ ઉષાબેન મંગળભાઈ (વાવોલ)
૧૨ સાં.યો. દર્શનાબેન ગુરુ સૂરજબા, ઝવેરબા (વાવોલ)
૧૩ મહંત શાસ્ત્રી સ્વામી પ્રેમપ્રકાશદાસજી (સ્વા. મંદિર હિંમતનગર)
૧૪ પટેલ શારદાબેન હસમુખભાઈ (વાવોલ)
૧૫ સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (સી.જી. રોડ)
૧૬ પટેલ ધર્મિષ્ઠાબેન રવિન્દ્રભાઈ (રાજપુરવાળા)
૧૭ દરજી સંગીતા કલ્પેશભાઈ (કાલુપુર)
૧૮ ગાંધી જ્યોત્સના એચ. (સુરેન્દ્રનગર)
૧૯ પટેલ સરોજબેન માધવલાલ (ભારૂસણા)
૨૦ પટેલ હેતલબેન પ્રયાગકુમાર (ન્યુ રાણીપ)
૨૧ પટેલ વલ્લભભાઈ શીવાભાઈ (સોજા)
૨૨ ભાવસાર મહેન્દ્રભાઈ સોમાભાઈ (માણસા)
૨૩ પટેલ ચંદ્રિકાબેન વિનોદભાઈ (મેમનગર)
૨૪ ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૨૫ ડાભી પ્રભાતસિંહ કેશરજી (ડાંગરવા)
૨૬ પટેલ લલિતા જે. (સાબરમતી)
૨૭ પટેલ જયંતીભાઈ હીરાભાઈ (વહેલાલ)
૨૮ પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ (સીતાપુર)
૨૯ બારોટ ધર્મિષ્ઠાબેન બળદેવભાઈ (ઝુલાસણ)
૩૦ પટેલ અલકાબેન દિનેશચંદ્ર (લુણાવાડા)
૩૧ પટેલ મંજુલાબેન નટવરભાઈ (ડાંગરવા)
૩૨ સીતાપરા ગોરધનભાઈ વી. (બાપુનગર)
૩૩ ભાવસાર નિમિષાબેન આશિષકુમાર (ચાંદખેડા)
૩૪ ભાવસાર સુમિત્રાબેન એન. (વિસનગર)
૩૫ ભાવસાર કપિલાબેન નટવરલાલ (લાંઘણજ)
૩૬ પટેલ હંસાબેન ઈશ્વરભાઈ (સાપાવાડા)
૩૭ પટેલ મગનભાઈ મોહનભાઈ (હિંમતનગર)
૩૮ ભાલાણી કેતનાબેન અતુલકુમાર (હિંમતનગર)
૩૯ સાં.યો. કંચનબા, હીરાબા, ભગવતીબા (ધ્રાંગધ્રા)

૪૦ સાં.યો. ભારતીબા, મંજુબા (કાલુપુર હવેલી)
૪૧ ભાવસાર નિકીતા બી. (કાલુપુર)
૪૨ પટેલ દીપીકાબેન કિરણકુમાર (નારણપુરા)
૪૩ ભાવસાર અરવિંદાબેન નરેશભાઈ (ચાંદલોડિયા)
૪૪ ભાવસાર વીણાબેન આર. (નવરંગપુરા)
૪૫ ભાનુબેન ભગવાનજીભાઈ (હાલાર-બોડકા)
૪૬ પટેલ સુભદ્રાબેન અમૃતભાઈ (વડુ)
૪૭ પટેલ લલિતા જે. (સાબરમતી)
૪૮ ઠક્કર રીટાબેન જયેશકુમાર (વસ્ત્રાપુર)
૪૯ મહેશ ભગત પુજારી (સ્વા. મંદિર ઘાટલોડીયા)
૫૦ પટેલ મીનાબેન કમલેશકુમાર (કુહા)
૫૧ પટેલ મીનાબેન એમ. (આંબાવાડી)
૫૨ પટેલ કોકિલાબેન ઘનશ્યામભાઈ (વડુ)
૫૩ ઘર સભા બહેનો (લુણાવાડા)
૫૪ પટેલ શાંતાબેન નટવરભાઈ (મારૂસણા)
૫૫ પટેલ નટવરભાઈ કાંતિલાલ (મારૂસણા)
૫૬ પટેલ સવિતાબેન જીણલાલ (મારૂસણા)
૫૭ પટેલ જીવણલાલ પરષોત્તમદાસ (મારૂસણા)
૫૮ સાં.યો બહેનો (સ્વા. મંદિર દરબારગઢ મોરબી)
૫૯ પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૬૦ કોઠારી જયોત્સનાબેન રાજુભાઈ (આણંદપુરા)
૬૧ ખંધેડીયા ભાવના કે. (મોરબી)
૬૨ પટેલ રૂપલબેન કંચનલાલ (લુણાવાડા)
૬૩ સાં.યો. મંજુબા અને મનિષાબેન (કપડવંજ)
૬૪ સાં.યો. બહેનો (જેતલપુર હવેલી)
૬૫ કોઠારી વિષ્ણુભાઈ (નાંદોલ)
૬૬ પટેલ કૈલાસબેન વિષ્ણુભાઈ (નાંદોલ)
૬૭ પટેલ શારદાબેન કાંતિભાઈ (નાંદોલ)
૬૮ ચોકસી નરેન્દ્રકુમાર શાંતિલાલ (દરિયાપુર)
૬૯ ચોકસી ઈલાબેન નરેન્દ્રકુમાર (દરિયાપુર)
૭૦ સાં.યો. રંજનબા તથા નાનીબેન (સ્વા.મંદિર વિરાટનગર)
૭૧ સાધુ ધર્મકિશોરદાસજી ગુરુ લક્ષ્મણજીવનદાસજી (એપ્રોચ-બાપુનગર)
૭૨ ઓચ્છવ મંડળ (સ્વા. મંદિર એપ્રોચ-બાપુનગર)
૭૩ પટેલ મુકેશકુમાર ત્રિભોવનદાસ (ઘુંટુ)
૭૪ ભોરણીયા નથુભાઈ ભગવાનજી (ઘુંટુ)
૭૫ ઠક્કર વીબેન નરેન્દ્રભાઈ (બોપલ)
૭૬ અડાલજા કંચનબેન બાબુભાઈ (રતનપર-મૂળીદેશ)
૭૭ ભક્તિ મંડળ (ધૂળકોટ)
૭૮ પટેલ લીલાબેન ચંદ્રકાન્તભાઈ
૭૯ પટેલ સરોજબેન રણછોડભાઈ (મુબારકપુર)
૮૦ પટેલ ભાવનાબેન નટવરભાઈ (મુબારકપુર)
૮૧ સાં.યો. શ્યામબાઈ અરજણ હિરાણી (મીરજાપર)
૮૨ સાં.યો. ધનબાઈ શીવજી ભંડારી (મીરજાપર)
૮૩ સાં.યો. રામબાઈ ધનજી વરસાણી (મીરજાપર)

॥ શ્રી સ્વામિનારાયણ વિજયતેતરામ્ ॥

પધારો ચરાડવા

# જાહેર આમંત્રણ

પધારો ચરાડવા

**શ્રી સ્વામિનારાયણ મંદિર ચરાડવા આયોજીત**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ

**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો**



છપૈયાધીશ બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજ

**૪૩મો**

**જન્મોત્સવ**

**તા. ૨૩-૧૦-૨૦૧૫**

**વિજયા દશમી (શુક્રવાર)**




## -: મંગલ કાર્યક્રમ :-

| | | |
|---|---|---|
| મંગળા આરતી | :- | ૫ : ૧૫ કલાકે |
| શ્રી ઠાકોરજીનું પુજન | :- | ૬ : ૦૦ કલાકે |
| મહા અભિષેક | :- | ૭ : ૦૦ કલાકે (પ.પુ. આચાર્ય મહારાજશ્રીના વરદ હસ્તે) |
| સમુહ મહાપુજા | :- | ૭ : ૩૦ કલાકે |
| સંત આર્શિવચન | :- | ૮ : ૦૦ કલાકે |
| અન્નકુટ દર્શન | :- | ૯ : ૦૦ કલાકે |
| પ.પુ. આચાર્ય મહારાજશ્રીના આર્શિવચન | :- | ૧૨:૦૦ કલાકે |
| મહા પ્રસાદ | :- | ૧૨:૩૦ કલાકે |

## :: સ્થળ ::

સ્વામિનારાયણ મંદિરની વાડી, દેવળીયા રોડ, ચરાડવા

ફોન નં.: (02758) 240233, 8000162665

લાઈવ દર્શન : **www.swaminarayan.in**

લક્ષ્ય લેનલ

# સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં જલઝીલણી એકાદશીના શ્રી ગણપતીજીનો વરઘોડો**

સર્વોપરિશ્રી સ્વામિનારાયણ ભગવાને સમૈયા ઉજવવાની જે આજ્ઞા કરી છે તે પરંપરા મુજબ આપણા દરેક ઉત્સવો ધામધૂમથી ઉજવવામાં આવે છે.

ભાદરવા સુદ જલઝીલણી એકાદશીના વિઘ્નહર્તા શ્રી ગણપતિ દેવનો વરઘોડો શ્રીહરિના સમયથી પ્રચલિત છે. આપણા આદિ આચાર્ય પ.પૂ. શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ વરઘોડા સમયે સિગરામમાં બેસીને ઓચ્છવીયા સાથે ત્વરિત કીર્તન રચીને સ્વયં ગાતા. (તેઓશ્રીએ મહારાજના ઘણા પદોની રચના કરેલી છે). તા. ૨૪-૯-૧૫ ને ગુરુવારના બપોરે ૧-૩૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી હજુરી પાર્ષદો સાથે પધાર્યા હતા. અને નિજ મંદિરમાં આરતી ઉતારીને શ્રી નરનારાયણદેવ ઓચ્છવ મંડળ સાથે સંત-હરિભક્તોના વિશાળ સમૂહ સાથે દર્શન આપતા આપતા મંદિરના પ્રાંગણમાં ઓચ્છવની રમઝટ સંગીતના મધુર ધ્વનિ સાથે અદ્ભુત વરઘોડામાં ઠાકોરજીના દર્શન અને ધર્મવંશીના દર્શનની શોભા વર્ણવી શકાય તેમ ન હતી.

કાલુપુર મંદિરથી વરઘોડો નારણઘાટ મંદિરે ઓચ્છવ કરતા પહોંચ્યો હતો. નારણઘાટ મંદિર પણ ઓચ્છવની રમઝટ ચાલી હતી. પવિત્ર તીર્થ સમી સાબરમતી નદીમાં આપણા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ઠાકોરજીને જળક્રિડા કરાવી હતી. ત્યારબાદ ઠાકોકરજીની આરતી ઉતારી હતી. સાંજે પરત સ્વા. મંદિરોડ થી બહારના વિશાળ ચોકમાં ભવ્ય ઓચ્છવ થયો હતો. પ.પૂ. લાલજી મહારાજશ્રી સાથે અમદાવાદ મંદિરના પૂ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વા. જગતપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી સ્વામી સૂર્યપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી આનંદજીવનદાસજી, કોઠારી જે.કે. સ્વામી, શ્રી નરનારાયણદેવના પૂજારી બ્રહ્મચારી સ્વામી રાજેશ્વરાનંદજી, ભંડારી જે.પી. સ્વામી, સ.ગુ. સ્વામી હરિચરણદાસજી, યોગી સ્વામી, શા.સ્વા. નારાયણમુનિદાસજી, શા. છપૈયાપ્રસાદદાસજી આદિ અનેક સંતો પાર્ષદો વરઘોડામાં જોડાયા હતા. અત્રે કાલુપુર મંદિરમાં પૂ. મહંત સ્વામીના માર્ગદર્શનથી તેમના શિષ્ય મંડળ કોઠારી જે.કે. સ્વામી, કો. શા. મુનિ સ્વામી, ભંડારી જે.પી. સ્વામી અને બ્રહ્મચારી સ્વામી રાજેશ્વરાનંદજી આદિ સંત - મંડળે સુંદર વ્યવસ્થા કરી હતી. નારણઘાટ મંદિર ખાતે પણ મહંત સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજીના માર્ગદર્શનથી કોઠારી બાલુ સ્વામી, શા. દિવ્યપ્રકાશ સ્વામી, ભાનુ સ્વામી આદિ સંત મંડળે અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળે સુંદર વ્યવસ્થા કરી હતી.

(કો. શા. નારાયણમુનિદાસ)

**અમદાવાદ મંદિરમાં જન્માષ્ટમીના કીર્તન ભક્તિ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પૂ. મહંત સ્વામીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં શ્રીકૃષ્ણ જન્માષ્ટમીના રાત્રે ૧૦ થી ૧૨ પ.ભ. પૂરવ પટેલ આદિ હરિભક્તોએ રાસની રમઝટ બોલાવી હતી. આ પ્રસંગે પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા. રાસ ગરબા ખૂબ ધામધૂમથી થયા હતા. રાત્રે ૧૨-૦૦ કલાકે જન્મોત્સવ આરતી વિધિવત રીતે થઈ હતી. કોઠારી જે.કે. સ્વામી અને સંત મંડળે સુંદર વ્યવસ્થાનું આયોજન કર્યું હતું. (ઉર્મિક પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નારણઘાટ જન્માષ્ટમી સમૈયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજીના માર્ગદર્શન-પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર નારણઘાટ ખાતે શ્રાવણ વદ-૮ શ્રી કૃષ્ણ જન્માષ્ટમીના રોજ નિજ મંદિર, ઠાકોરજીનું સિંહાસનને ભવ્ય રોશનીથી શણગાર્યું હતું. રાત્રે અહીં ભવ્ય કીર્તન ભક્તિ અને રાસ ગરબાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. મયંકભાઈ મોદી અને સાથી કલાકારોએ કીર્તન ભક્તિની રમઝટ બોલાવી હતી. રાસ ગરબાની રમઝટ માણીને ભક્તો આનંદિત થઈ ગયા હતા. રાત્રે ૧૨ કલાકે જન્મોત્સવની આરતીમાં યજમાન પ.ભ. અમૃતભાઈ પટેલ (ઈટાદરાવાળા) આદિ પરિવારે લાભ લઈ ધન્ય બન્યા હતા. સમગ્ર આયોજનમાં કોઠારી સ્વામી બાલસ્વરૂપદાસજીની પ્રેરણાથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળે પ્રેરણાત્મક સેવા બજાવી હતી. સમગ્ર પ્રસંગ દરમ્યાન સભા સંચાલન શા. દિવ્યપ્રકાશદાસજીએ શોભાવ્યું હતું.

સાથે સાથે આગામી તા. ૨૪-૨-૧૬ થી તા. ૨૮-૨-૧૬ દરમ્યાન ઉજવાનાર ''શ્રી ઘનશ્યામ મહોત્સવ''ની માહિતી-જાહેરાત કરવામાં આવી હતી. (શ્રી સ્વા. સત્સંગ સમાજ નારાયણઘાટ-રોહિત તારપરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તેમજ કાંકરિયા મંદિરના મહંત સ.ગુ. શા. સ્વામી ગુરુપ્રસાદદાસજી તથા સ.ગુ. શા. સ્વામી આનંદપ્રસાદદાસજીની પ્રેરણાથી કાંકરિયા મંદિરમાં નીચે મુજબ ઉત્સવો ઉજવાયા હતા.

શ્રી કૃષ્ણ જન્માષ્ટમી

શ્રાવણ વદ-૮ ના શ્રી કૃષ્ણ જન્માષ્ટમીની રાત્રે ૧૨-૦૦ કલાકે જન્મોત્સવ આરતીમાં હજારો ભાવિક ભક્તોએ દર્શન-ઉત્સવમાં લાભ લીધો હતો. દરેક ભક્તોને પંજાજીરીનો પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો.

હિમાલય અમરનાથ દર્શન

શ્રાવણ વદ-૮ તા. ૫-૯-૧૫ ના શુભ દિને કાંકરિયા મંદિરમાં બિરાજમાન સિધ્ધેશ્વર મહાદેવમાં રંગબેરંગી બરફમાં હિમાલયમાં અમરનાથ ભગવાનના દર્શન હજારો ભક્તોએ કરી દિવ્યતા અનુભવી હતી.

મહારૂદ્ર યજ્ઞ

બાલ સ્વરૂપ કષ્ટભંજનદેવ અને સિધ્ધેશ્વર મહાદેવની સાનિધ્યમાં શ્રાવણ વદ અમાસને તા. ૧૩-૯-૧૫ ને રવિવારના રોજ અત્રે મહારૂદ્ર યજ્ઞનું સુંદર આયોજન સંપન્ન થયું હતું. સવારથી સાંજ સુધી યજમાનોએ યજ્ઞમાં બેસીને લાભ લીધો હતો.

આ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે સાંજે ૬ કલાકે શ્રીફળ હોમી આરતી કરીને યજ્ઞની પૂર્ણાહુતિ થઈ હતી. કાલુપુર અને બાપુનગરથી સંતો પધાર્યા હતા. છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

અમાસના દિને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સિધ્ધેશ્વર મહાદેવનો અભિષેક પૂજા આરતી કરીને સૌ ભક્તોને અલૌકિક દર્શનનો લાભ આપ્યો હતો. છેલ્લે પ.પૂ. મહારાજશ્રીએ સિધ્ધેશ્વર મહાદેવ-બાલ સ્વરૂપ કષ્ટભંજન દેવ તેમજ શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની સંધ્યા આરતી કરી હતી.

શ્રાવણ માસમાં કથા પારાયણ

અત્રે કાંકરિયા મંદિરના આખો શ્રાવણ માસ સભા મંડપમાં કોઠારી શા.સ્વા. હરિકૃષ્ણદાસજી (એપ્રોચ મંદિર) એ સાંજે અત્રેના સૌ ભક્તોને કથામૃત કરાવી રાજી કર્યા હતા. ધામો ધામના સંતોએ પધારીને પોતાની અમૃતવાણીનો લાભ આપેલ. વયોવૃધ્ધ પૂ. માધવ સ્વામીએ પણ બેઠા બેઠા આખો માસ કથા શ્રવણ કર્યું હતું. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી અત્રે મંદિરમાં દરેક ઉત્સવો ધામધૂમથી ઉજવાય છે. (ડૉ. હિરેન શ્રી ન.ના.દેવ યુવક મંડળ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર વડનગરમાં સત્સંગિજીવન પારાયણ**

ઐતિહાસિક અને ધાર્મિકનગરી વડનગર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અત્રેના પ.ભ. મોદી મણીલાલ જગજીવનદાસ ભગત પરિવારના પ.ભ. મોદી નવિનભાઈ મણીલાલના ચિ. સચિનકુમારના સંકલ્પથી શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણ તા. ૧૯-૮-૧૫ થી તા. ૨૩-૮-૧૫ પર્યન્ત સ.ગુ.શા. નારાયણવલ્લભદાસજી તથા સ.ગુ. કોઠારી શા.સ્વા. વિશ્વપ્રકાશદાસજીએ વક્તાપદે વિરાજીને કથામૃત પાન કરાવ્યું હતું.

આ પ્રસંગે તા. ૨૩-૮-૧૫ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સંત-મંડળ સાથે પધાર્યા ત્યારે તેઓશ્રીનું યજમાન પરિવારે ખૂબજ હર્ષોલ્લાસ સાથે સ્વાગત કર્યું હતું. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ ગ્રંથ અને વ્યાસપીઠનું પૂજન કરી આરતી ઉતારી હતી. ત્યારબાદ યજમાન પરિવારના મોદી મણીલાલભાઈ, મોદી વાસુદેવભાઈ, મોદી નવિનભાઈ, મોદી જયંતીભાઈ તથા ચિ. દિક્ષિતકુમાર અને ચિ. સચિનકુમાર મોદી અને ચિ. સુનિલે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું સ્વાગત પૂજન કરી આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા. છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સૌ હરિભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

(પ્રેષક શા. નારાયણવલ્લભદાસજી - વડનગર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર પેથાપુર**

સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે પેથાપુર મંદિરમાં અષાઢ વદ-૨ થી શ્રાવણ વદ-૨ પર્યન્ત ઠાકોરજી સમક્ષ ભવ્ય હિંડોળા ફુલ, સૂકામેવા, ફળ ફળાદિ, શાક ભાજી તથા વિવિધ પ્રકારના કલાત્મક હિંડોળા બનાવી શ્રીહરિ બાલમુકુન્દજીને ઝુલાવીને હરિભક્તોએ આનંદ મનાવ્યો હતો. સમગ્ર આયોજન અત્રેના મહંત સ્વામી ધર્મપ્રવર્તકદાસજીએ કર્યું હતું.

ગુરુપૂર્ણિમાના શુભ દિને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે સાધુ ઘનશ્યામજીવનદાસ ગુરુ સ.ગુ. શા. સ્વામી ધર્મપ્રવર્તકદાસજી (પેથાપુર)ને સંત મહાદીક્ષા આપી હતી. (ધર્મપ્રવર્તક સ્વામી - મહંતશ્રી પેથાપુર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ બાપુનગર સમૂહ મહાપૂજા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞા-આશીર્વાદથી તથા એપ્રોચ મંદિરના મહંત સ.ગુ. સ્વામી લક્ષ્મણજીવનદાસજીની પ્રેરણાથી પવિત્ર ચાતુર્માસ નિમિત્તે તા. ૧૫-૮-૧૫ ના રોજ અત્રે મંદિરમાં સમૂહ મહાપૂજાનું આયોજન થયું હતું. જેના મુખ્ય યજમાન પ.ભ. રમેશભાઈ કાથરોટીયા સાથે ૧૫૦ યજમાનોએ લાભ લીધો હતો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ આ પ્રસંગે પધારીને મહાપૂજાની પૂર્ણાહુતિ કરીને સભામાં પધાર્યા હતા. ઘણા નવા મુમુક્ષુઓને કંઠી પહેરાવી ગુરુ મંત્ર આપ્યો હતો.

આ પ્રસંગે કાલુપુર, નારણપુરા અને કાંકરિયાથી સંતો મહંતો પધાર્યા હતા. અને મહાપૂજાનો મહિમા સમજાવ્યો હતો.

પ.પૂ. મહારાજશ્રીએ શ્રી ઘનશ્યામ મહારાજની આરતી ઉતારીને નૂતન ઓફિસનું ઉદ્ઘાટન કર્યું હતું. અત્રે હિંડોળા ઉત્સવ ધામધૂમથી ઉજવ્યો હતો. શ્રી ગણપતિ ઉત્સવ - જલઝીલણી સમૈયો ધામધૂમથી ઉજવાયો હતો. છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સૌ ભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. (ગોરધનભાઈ સીતાપરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર બાલાસિનોર**

**શ્રીમદ્ સત્સંગિભૂષણ સપ્તાહ પારાયણ**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા બાલાસિનોરના તમામ હરિભક્તોના સાથ સહકારથી અત્રે વારા વાળા સંત નારાયણમુનિદાસજી દ્વારા સુંદર પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રાવણ વદ-૧૦ થી શ્રાવણ વદ અમાસ પર્યન્ત સ.ગુ. શા. સ્વામી છપૈયાપ્રસાદદાસજીના વકતાપદે શ્રીમદ્ સત્સંગિભૂષણ સપ્તાહ પારાયણનું કથામૃત પાન હજારો હરિભક્તોએ કર્યું હતું.

પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે કાલુપુર મંદિરના કોઠારી જે.કે. સ્વામી, ભંડારી જે.પી. સ્વામી, તથા શા.સ્વામી વિશ્વવિહારીદાસજી અને પાર્ષદ હાર્દિક ભગત આદિ પધાર્યા હતા. કથાની પૂર્ણાહુતિની આરતી સંતો અને યજમાન પરિવારોએ ઉતારી હતી.

શા.સ્વા. વિશ્વવિહારીદાસજીએ પ્રેરણાત્મક શ્રીહરિના મહિમાની વાતો કરી હતી. પાર્ષદ રમેશ ભગતનું સંતોએ સન્માન કર્યું હતું. સભા સંચાલન હાર્દિક ભગતે કર્યું હતું. સમગ્ર પ્રસંગમાં ગામના સમસ્ત હરિભક્તો અને ટ્રસ્ટીઓએ સુંદર સહયોગ આપ્યો હતો. કથામાં શ્રી ઘનશ્યામ જન્મોત્સવ તથા ગાદી અભિષેક તથા શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયા હતા.

(બાલાસિનોર સત્સંગ સમાજ - પાર્ષદ હાર્દિક ભગત)

**શ્રી સ્વામિનારાયણ મંદિર માધવગઢ (પ્રાંતિજ) શ્રીમદ્ ભાગવત સપ્તાહ રાત્રીય પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા ગામના સમસ્ત હરિભક્તોના સાથ સહકારથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રાવણ સુદ-૨ શ્રી શ્રાવણ સુદ-૮ પર્યન્ત શ્રીમદ્ ભાગવત રાત્રીય સપ્તાહ પારાયણ કાલુપુર મંદિરના વિદ્વાન શા. છપૈયાપ્રસાદદાસજી (વે.આ.) ના વક્તાપદે થઈ હતી. આ પ્રસંગે તલોદના સોની ભક્તો તરફથી સુંદર સોના-ચાંદીના ભવ્ય હિંડોળા બનાવી શ્રીહરિને ઝુલાવ્યા હતા. કથાની પૂર્ણાહુતિ પ્રસંગે અમદાવાદથી પૂ. કોઠારી સ્વામી, યોગી સ્વામી, સ્વામી સૂર્યપ્રકાશદાસજી આદિ સંતો પધાર્યા હતા. સભા સંચાલન પા. હાર્દિક ભગતે કર્યું હતું. રોજે રાત્રે યજમાન હરિભક્તો તરફથી પ્રસાદનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. (કોઠારી પટેલ સુરેશભાઈ માધવગઢ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર શ્રીનગર કલોલ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞા-આશીર્વાદથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર શ્રીનગર કલોલ ખાતે તા. ૧૫-૮-૧૫ ના સ્વતંત્ર દિને ભગવાન સમક્ષ રાષ્ટ્રધ્વજના હિંડોળા શણગારી સ્વતંત્ર દિનની ભવ્ય ઉજવણી ભાઈઓ તથા બહેનોએ ઉત્સાહથી કરી હતી.

આ પ્રસંગે શ્રી સ્વામિનારાયણ વિશ્વમંગલ ગુરુકુળના સ્વામીશ્રી પ્રેમ સ્વરૂપદાસજીએ પધારીને હરિભક્તોને સર્વોપરિ ભગવાનનો મહિમા અને ધર્મકુળ માહાત્મ્ય કહ્યું હતું. ટ્રસ્ટી શ્રી લક્ષ્મણભાઈ જે. પટેલનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. (કનૈયાલાલ પી.)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ઈલોલ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આશીર્વાદ સહ આજ્ઞાથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર ઈલોલ ખાતે તા. ૫-૯-૧૫ જન્માષ્ટમીના પ્રસંગે સુંદર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હિંમતનગર મંદિરના મહંત શા.સ્વા. પ્રેમપ્રકાશદાસજી આદિ સંત મંડળે શ્રીકૃષ્ણ ભગવાનના પ્રાગટ્યની લીલા કથા સાથે સર્વોપરિ શ્રીહરિનો મહિમા સમજાવ્યો હતો. (કિરીટભાઈ એ. પટેલ, ઈલોલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગર**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞા-આશીર્વાદથી તથા અત્રે મંદિરના મહંત શા.સ્વા. પ્રેમપ્રકાશદાસજીની પ્રેરણાથી પવિત્ર શ્રાવણ માસમાં શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ કથા યોજવામાં આવી હતી. જેના વક્તા પદે શા.સ્વા. વિજયપ્રકાશદાસજી (વાલી)એ વિરાજી કથામૃત પાન કરાવ્યું હતું. તા. ૨૩-૮-૧૫ ના રોજ સુંદર મહાપૂજા યોજવામાં આવી હતી. ૧૬૦ જેટલા ભક્તોએ મહાપૂજામાં બેસી લાભ લઈ ષોડશોપચાર પૂર્વક શ્રીહરિનું પૂજન કર્યું હતું. સમગ્ર ઉત્સવના યજમાન પટેલ પ્રબોધભાઈ પૂંજાભાઈ (વિરાવાડાવાળા) પરિવાર રહ્યાં હતા.

(આર.બી. પટેલ હિંમતનગર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર માણેકપુર (ચૌધરી) શ્રી ગણપતિ ઉત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. દેવ સ્વામી (મૂળીવાળા)ના માર્ગદર્શન અને પ્રેરણાથી તથા સમસ્ત માણેકપુર ગામના હરિભક્તોના સાથ સહકારથી ભાદરવા સુદ-૪ ના અત્રે મંદિરમાં શ્રી ગણપતિજીનો ઉત્સવ ધામધૂમથી ઉજવાયો હતો.

આ પ્રસંગે માણસા મંદિરના મહંત સ્વામી નંદકિશોરદાસજી પધાર્યા હતા અને તેઓએ સભામાં યુવાનોને સત્સંગમાં રહેવા, નિત્ય મંદિરે આવવા ખાસ ભલામણ કરી હતી. માતા-પિતાની સેવા કરવા અને વ્યસનથી પર રહેવા સમજાવ્યું હતું. શ્રી ગણપતિદાદાનું માહાત્મ્ય મહિમા કહીને આરતી ઉતારી હતી. ગામના તમામ ભક્તોએ દર્શનનો લાભ લીધો હતો. આજના પ્રસંગના યજમાન (સભા સંચાલક) પ.ભ. ડાહ્યાભાઈ શંભુભાઈ ચૌધરી રહ્યાં હતા. (કોઠારીશ્રી)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળી જન્માષ્ટમી સમૈયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત સ્વામી શ્યામસુંદરદાસજીની પ્રેરણાથી તા. ૫-૯-૧૫ શ્રાવણ વદ-૮ શ્રીકૃષ્ણ જન્માષ્ટમીના શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળી ખાતે પરંપરાગત સમૈયો ધામધૂમથી ઉજવાયો. અત્રે શ્રાવણ માસની શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધની કથા શા.સ્વા. ઘનશ્યામપ્રકાશદાસજી ગુરુ શા. સ્વા. સૂર્યપ્રકાશદાસજીના વક્તા પદે આખો માસ થઈ હતી. મૂળી મંદિરના વડીલ સંતો દ્વારા કથાની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. પ્રાસંગિક સભામાં પૂ. મહંત સ્વામી, કોઠારી કૃષ્ણવલ્લભદાસજી, સ.ગુ. શા. સ્વા. નારાયણપ્રસાદદાસજી, ચરાડવા મહંત સ્વામી અને સ.ગુ. સ્વામી ભક્તિહરિદાસજીએ શ્રીકૃષ્ણ જન્માષ્ટમીનું માહાત્મ્ય અને સમૈયાની પરંપરા સમજાવી હતી. સભા સંચાલન

શૈલેન્દ્રસિંહ ઝાલાએ કર્યું હતું. સમગ્ર સેવામાં કોઠારી વ્રજ સ્વામી, હરિકૃષ્ણ સ્વામી અને ભરત ભગત રહ્યાં હતાં.

(શૈલેન્દ્રસિંહ ઝાલા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર સુરેન્દ્રનગર શ્રાવણ માસમાં કથા-હિંડોળા દર્શન**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા સમસ્ત ધર્મકુળના રાજીપાથી અને અત્રેના સ.ગુ. મહંત સ્વામી પ્રેમજીવનદાસજીની પ્રેરણાથી શ્રાવણ વદ-૯ થી શ્રાવણ વદ અમાસ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથની પારાયણ શા.સ્વા. પ્રેમવલ્લભદાસજીના વક્તાપદે થઈ હતી. હરિભક્તોએ કથા શ્રવણ કરી ધન્ય થયા હતા. સભા સંચાલન પૂજારી નિત્યસ્વરૂપ સ્વામીએ કર્યું હતું.

અત્રે સુરેન્દ્રનગર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં અષાઢ વદ-૨ થી શ્રાવણ વદ-૨ પર્યન્ત ઠાકોરજીને વિવિધ પ્રકારના બેનમૂન હિંડોળા બનાવી ઝુલાવ્યા હતા. છેલ્લા પાંચ દિવસ ૧૨ હિંડોળા જેમ કે, ચલણી નોટો, થર્મોકોલ, સૂકામેવા, અનાજ-કઠોળ, વગેરે બનાવી પ્રદર્શન રૂપે ગોઠવ્યા હતા. સુરેન્દ્રનગર અને આજુબાજુના ગામોના ભક્તોએ હિંડોળાના દર્શન કરી કૃતાર્થ થયા હતા. સમગ્ર આયોજન - શ્રી નરનારાયણદેવ યુવક મંડળના પંકજભાઈના માર્ગદર્શનથી યુવકો અને બાળકોએ સુંદર રીતે કર્યું હતું. (શૈલેન્દ્રસિંહ ઝાલા)

**પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સુરેન્દ્રનગર મંદિરના પૂ. મહંત સ્વામીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર સુરેન્દ્રનગરના આગામી દશાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં થયેલ કાર્યક્રમ**

**મૂળીદેશના ગામડાઓમાં જાહેર સભા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સુરેન્દ્રનગર મંદિરનામહંત સ્વામીના શુભ સંકલ્પથી આગામી દશાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં ૫૧ ગામોમાં જાહેર સત્સંગ સભાના આયોજન પૈકી મૂળી દેશના ભદ્રેશી, મેથાણ, સરા, અખીયાણા, ચાંચાવદરડા, દેદાદરા, કુંતલપુર, ચરાડવા, ભક્તિનગર, ઘનશ્યામનગર, ખેરાળી, રામપરા, નરનારાયણનગર, વગેરે ગામોમાં જાહેર સત્સંગ સભા થઈ હતી. જેમાં વ્યસન મુક્તિ, વૃક્ષારોપણ, પાણીનો બગાડ ન થાય તેનું આયોજન અને માતા-પિતાની સેવા વિશે ખૂબજ માનનીય પ્રવચન શા.સ્વા. શ્રીજીપ્રકાશદાસજી (હાથીજણ), કોઠારી સ્વામી કૃષ્ણવલ્લભદાસજી, શા.સ્વા. પ્રેમવલ્લભદાસજી, નિત્યપ્રકાશ સ્વામી અને રવિભગતે કર્યું હતું. હરિભક્તોમાં આ અંગે સારી જાગૃતિ આવી હતી. સમગ્ર જાહેર સભાનું સંચાલન શૈલેન્દ્રસિંહ ઝાલાએ કર્યું હતું. (શૈલેન્દ્રસિંહ ઝાલા)

**ગઢપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ધૂન**

તા. ૩૦-૮-૧૫ ના રોજ ગઢપુર દાદા ખાચરના દરબારગઢમાં શ્રી ગોપીનાથજી હરિકૃષ્ણ મહારાજના સાનિધ્યમાં ૧૨ કલાકની અખંડ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂનનું આયોજન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં હરિભક્તોએ ધૂનમાં લાભ લીધો હતો. આ પ્રસંગે અત્રેના એસ.પી. સ્વામી, કોઠારી શા. ઘનશ્યામ સ્વામી, ગાંધીનગર (સે-૨)ના મહંત નાના પી.પી. સ્વામી, શા.સ્વા. શ્રીજીપ્રકાશદાસજી (હાથીજણ), શા.સ્વા. પ્રેમવલ્લભદાસજી, નિત્યપ્રકાશ સ્વામી વગેરે સંતો ધૂનમાં ઉપસ્થિત રહ્યાં હતાં. સમગ્ર સભાનું સંચાલન શૈલેન્દ્રસિંહ ઝાલાએ કર્યું હતું. સમગ્ર આયોજન કોઠારી સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ કર્યું હતું.

(શૈલેન્દ્રસિંહ ઝાલા)

**જૂનાગઢ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ધૂન**

શ્રી સ્વામિનારાયણ મંદિર જૂનાગઢમાં શ્રી રાધારમણદેવના શુભ સાનિધ્યમાં શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ૧૨ કલાકની અખંડ ધૂનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મૂળી દેશના મોટી સંખ્યામાં હરિભક્તો પધાર્યા હતા. ધૂનમાં જૂનાગઢ મંદિરના પૂ. કોઠારી સ્વામી, પૂર્વ મહંતશ્રી કે.પી. સ્વામી, શા. શ્રીજી સ્વામી (હાથીજણ) કોઠારી સ્વામી કૃષ્ણવલ્લભદાસજી, વગેરે સંતો ઉપસ્થિત રહ્યાં હતાં. અત્રેના કોઠારી સ્વામી, રામ સ્વામી અને ઘનશ્યામ સ્વામીએ સુંદર વ્યવસ્થા કરી હતી. સમગ્ર સભાનું સંચાલન શ્રી શૈલેન્દ્રસિંહ ઝાલાએ કર્યું હતું. (શૈલેન્દ્રસિંહ ઝાલા)

**પ.પૂ. મોટા બહેનજીની સ્મૃતિમાં મૂળી દેશના ગામોમાં શ્રાવણ માસમાં અખંડ મહામંત્ર ધૂન**

પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી પૂ. અ.સૌ. મોટા બહેનજીની સ્મૃતિમાં પવિત્ર શ્રાવણ માસમાં મૂળી દેશના કુલ ૩૦ ગામોમાં ૧૨-૧૨ કલાકની અખંડ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂનનું આયોજન કરવામાં આવ્યું હતું. સાથે સાથે સમૂહ મહાપૂજાનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઘણા હરિભક્તોએ ધૂનમાં બેસીને શ્રીહરિ અને ધર્મકુળનો રાજીપો મેળવ્યો હતો. સમગ્ર આયોજન-વ્યવસ્થા સ્વામી નિલકંઠપ્રસાદદાસજી તથા શા. દિવ્યપ્રકાશદાસજીએ કરી હતી.

શ્રાવણ સુદ-૧ થી શ્રાવણ વદ અમાસ તા. ૧૫-૮-૧૫ થી તા. ૧૩-૯-૧૫ સુધી નીચેના ગામોમાં ધૂન કરવામાં આવી હતી. સરા, સાપકડા, ઘનશ્યામપુર, હળવદ જૂના મંદિર, સૂર્યનગર, સ્વામિનારાયણ નગર, શ્રીજીનગર, લીલાપુર, ભક્તિનગર, નરનારાયણનગર, ઘનશ્યામનગર, હળવદ નવા મંદિર, રણજીતગઢ, મયુરનગર, ઘાટીલા, મોરબી નવું મંદિર, ધ્રાંગધ્રા, જસાપર, નારીચાણા, અંકેવાળીયા, ધોળી, રામગઢ, હરિપર, મેથાણ, ટીંબા, ખારવા, ખોલડીયાદ, નટવરગઢ, લીલાપુર, લખતર. (પ્રવિણભાઈ ઘનશ્યામભાઈ - હળવદ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર શ્રીજીનગર**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર શ્રીજીનગર ખાતે તા. ૫-૮-૧૫ શ્રાવણ વદ-૮ જન્માષ્ટમીના ધૂન-ભજન-કીર્તન સમૂહમાં હરિભક્તોએ કર્યા હતા. રાત્રે ૧૨ કલાકે જન્મોત્સવ આરતી બાદ રાસ ગરબા અને મટકીફોડ કાર્યક્રમ શ્રી ઘનશ્યામ બાળ મંડળે સુંદર રીતે રજુ કર્યો હતો. ગામના તમામ હરિભક્તોએ દર્શન કરી પ્રસાદ ગ્રહણ કર્યો હતો. (જીજ્ઞેશ રાઠોડ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મોરબી ભવ્ય હિંડોળા ઉત્સવ-પ્રદર્શન**

શ્રી નરનારયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સમગ્ર ધર્મકુળના રાજીપાથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર મોરબી ખાતે મહંત શા.સ્વા. ભક્તિનંદનદાસજી તથા શા. વિશ્વવિહારીદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી અને સત્સંગી બહેનોના સુંદર પ્રયાસથી શ્રાવણ માસમાં નિત્ય નવા કલાત્મક સુશોભિત હિંડોળામાં બાલમુકુન્દ ભગવાનને ઝુલાવવામાં આવતા હતા. બાર બારણામાં બાર સ્વરૂપે દર્શન આપતા ઠાકોરજી ફરતો હિંડોળો અને નવ ધામોના મહાપ્રતાપી દેવોના હિંડોળા દર્શન કરાવ્યા હતા.

જેમાં ગામડાની મૂળ સંસ્કૃતિ, શ્રી નિલકંઠ વર્ણીના લીલા ચરિત્રો લાઈટીંગ શો, પ્રોજેક્ટ શો, મહાપ્રસાદ આપતા ઠાકોરજી અને સ્વયંભૂ થતો અભિષેક સાથે હિમાલય દર્શનનું હજારો ભાવિકોએ દર્શન કરી જીવન કૃતાર્થ કર્યું હતું. અત્રે સત્સંગી સિવાયના પણ અનેક લોકોએ દર્શન કર્યા હતા. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી અત્રેના ઉત્સાહી યુવાન મહંત સ્વામીની ધગશ અને સાં. રાજબા અને ઉષાબા દ્વારા સત્સંગ ખૂબજ સુંદર થઈ રહ્યો છે. અત્રેના નિષ્ઠાવાળા હરિભક્તો પ.ભ. હરિભાઈ પટેલ શ્રીજી સિરામીક ગૃપ આદિ અનેક નાના મોટા હરિભક્તોના સાથ સહકારથી આવા સુંદર કાર્યક્રમો થાય છે. (કોઠારી સ્વામી)

**ભૂજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં હિંડોળા દર્શન યાત્રા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી અત્રે મોરબી મંદિરના મહંત શા.સ્વા. ભક્તિનંદનદાસજી અને શા. વિશ્વવિહારીદાસજી સ્વામી આદિ સંતો સત્સંગની સુંદર પ્રવૃત્તિ કરી રહ્યાં છે. મૂળી દેશના ઝાલાવાડ-મચ્છુકાંઠા અને હાલારના કુલ ૯૦૦ હરિભક્તો ૧૩ બસો દ્વારા ભૂજ (કચ્છ) પ્રદેશમાં એક દિવસના આયોજનમાં હિંડોળા દર્શન પંચતિથિ દર્શનમાં સમુદ્ર સ્નાન, સભા, માંડવી, રામપરવેકરા ગંગાજી દર્શન, ભુજ મંદિરમાં શ્રી નરનારાયણદેવના દર્શન અને ભુજ મંદિરના પૂ. મહંત સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદ સાથે સુંદર સભાનું આયોજન થયું હતું. મહંત સ્વામી સૌ સંત-હરિભક્તો ઉપર રાજી થયા હતા. સ્મૃતિ મંદિર અને અંજાર મંદિરમાં હિંડોળા દર્શન કરી વિદાય થયા હતા. આ યાત્રામાં બહેનો સાથે સાં. રાજબા અન ઉષાબા પણ જોડાયા હતા. પ.ભ. હરિભાઈ પટેલ, તુલસીભાઈ આદિ સિરામીક ગૃપ મોરબીની સેવા પ્રેરણારૂપ હતી. (મહંત શા.સ્વા. ભક્તિનંદનદાસ - મોરબી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર રતનપર પારાયણ**

પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રેના કંચનબેન બાબુભાઈ અડાલજાના સંકલ્પથી તેમના માતુશ્રી અમરતબેન મોહનભાઈ અડાલજાના સ્મરણાર્થે અધિક માસમાં તા. ૮-૭-૧૫ થી તા. ૧૪-૭-૧૫ પર્યન્ત સ.ગુ. કોઠારી સ્વામી હરિકૃષ્ણદાસજી (એપ્રોચ બાપુનગર મંદિર)ના વક્તાપદે નિષ્કુળાનંદ સ્વામી રચિત હરિબળ ગીતાનું રસપાન કરાવ્યું હતું. સુરેન્દ્રનગર મંદિરના કોઠારી સ્વામી કૃષ્ણવલ્લભદાસજી આદિ સંતોએ પધારીને આશીર્વાદ આપ્યા હતા. પાર્ષદ કાળુ ભગતે સુંદર સેવા કરી હતી. (પા. કાળુ ભગત - રતનપર)

**પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આગામી ૪૩ માં પ્રાકટ્યોત્સવના ઉપલક્ષમાં ચરાડવા મંદિર દ્વારા થયેલ સત્સંગ પ્રવૃત્તિ**

પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ૪૩ માં પ્રાકટ્યોત્સવના ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર ચરાડવાના સંત-મંડળ દ્વારા નીચેના ગામોમાં સત્સંગની સુંદર પ્રવૃત્તિ થઈ હતી.

સૂર્યનગર, લીલાપુર, રણજીતગઢ, જૂના-નવા દેવળીયા, પ્રતાપગઢ અને સાપકડા તેમજ બાલવા, મોખાસણ, કરજીસણ, ડાંગરવા, વડુ, સુરત, વડોદરા, નવસારી, મુંબઈ અને બારડોલી આદિ ગામો-નગરોમાં સંતો દ્વારા કથા વાર્તા અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આગામી ૪૩ માં પ્રાકટ્યોત્સવ અંગેની માહિતી પુરી પાડી હતી.

(કોઠારી સ્વામી - ચરાડવા)

## વિદેશ સત્સંગ સમાચાર

**શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર નાઈરોબી**

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર - નાઈરોબીની સ્થાપના ઈ.સ. ૧૯૫૪ માં કિરિન્યાગા રોડ ઉપર થઈ હતી. અત્યારે આ મંદિર હરિભક્તોની સંખ્યા વધતા ખૂબજ નાનું પડે છે. ભુજ મંદિરના સંતો અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી નાઈરોબીના લંગાટા વિસ્તારમાં હરિભક્તોના સાથ સહકારથી ૧૦ એકર જમીન સંપાદન કરવામાં આવી છે.

અહીં મંદિરનું કાર્ય સારી રીતે કરવામાં આવી રહ્યું છે. અને સાથો-સાથ હરિભક્તોને રહેવા માટેના ફલેટસનું કાર્ય પણ પૂર્ણતાને આરે છે. સર્વ હરિભક્તો ખૂબજ તન, મન, ધનથી સેવા કરી રહ્યાં છે.

આગામી વર્ષ **૨૦૧૬ ઓગસ્ટ માસમાં તા. ૫-૮-૧૬ થી તા. ૧૩-૮-૧૬ સુધી નવ દિવસનો ભવ્યાતિ ભવ્ય "શ્રી નરનારાયણદેવ નૂતન મંદિર મહોત્સવ" ઉજવવામાં આવશે.** આ મહોત્સવની તૈયારી શરૂ થઈ ચૂકી છે. વહેલી સવારથી મોડી સાંજ સુધીના દરરોજ ભરચક કાર્યક્રમો રાખવામાં આવશે. કથા પારાયણ તો હોય જ પણ સાથોસાથ શોભાયાત્રા, પોથીયાત્રા, સાંસ્કૃતિક કાર્યક્રમ, મહાવિષ્ણુયાગ યજ્ઞ, ચર્તુવેદ પારાયણ, રાજોપચાર વગેરે સારામાં સારા કાર્યક્રમનું આયોજન સંપન્ન થશે. અમદાવાદ દેશથી પ.પૂ. આચાર્ય મહારાજશ્રી પણ પરિવાર સહિત પધારશે. ભુજથી પણ સંતો પધારશે. અમદાવાદ દેશના સમસ્ત સત્સંગીજનોને આ મહોત્સવમાં પધારવાનું હાર્દિક આમંત્રણ પાઠવીએ છીએ.

(મંત્રીશ્રી નારણભાઈ ગોરસીયા)

**કોલોનીયા (અમેરિકા) મંદિરનો ભવ્ય દશાબ્દી મહોત્સવ**

તા. ૪-૯-૨૦૦૫ ના શુભ દિને અમેરિકાના ન્યુજર્સી

સ્ટેટના કોલોનીયા સીટીમાં ટેમ્પલ-વે રોડ પર અમદાવાદ ધામ સમું ભવ્ય શ્રી સ્વામિનારાયણ મંદિર આકાર પામ્યું છે. વિશ્વમાં જેમ સર્વ પ્રથમ શ્રી નરનારાયણદેવનું મંદિર અમદાવાદમાંછે, તેમ જ અમેરિકામાં એવું જ આબેહૂબ શ્રી નરનારાયણદેવની મૂર્તિ ધરાવતું મંદિર આ કોલોનીયા સીટીમાં છે. તેથી જ તેને ''અમદાવાદધામ''ની ઉપમાં આપવામાં આવી છે!

ગત તા. ૨૨-૮-૧૫ થી ૩૦-૮-૧૫ એમ નવ દિવસીય એવો સુંદર દશાબ્દિ મહોત્સવ ઉજવવામાં આવ્યો. ૨૨-૮-૧૫ ને શનિવારે સાંજે ૪-૩૦ વાગ્યે ભવ્ય પોથીયાત્રા હતી. રોજ સાંજે ૫-૦૦ થી ૮-૦૦ દરમ્યાન શ્રી યોગેન્દ્રભાઈ ભટ્ટે સુંદર શૈલીમાં દશમ સ્કંધની ભક્તિ ભાવનાનું રસપાન સૌને કરાવ્યું.

શુક્રવાર તા. ૨૮-૮-૧૫ ની સાંજે ૩ થી ૫ દરમ્યાન વિશાળ શિવલીંગની પ્રતિષ્ઠા કરીને રુદ્રાભિષેક યોજવામાં આવ્યો હતો. એ જ દિવસે સાંજે કથાનું પૂર્ણાહુતિ કરવામાં આવી.

શનિવાર તા. ૨૯-૮-૧૫ નો પૂર્ણિમાનો દિવસ કોલોનીયા મંદિરનો યાદગાર દિવસ બની રહ્યો. આઈ.એસ.એસ.ઓ. ચેપ્ટર અમેરિકાથી અગિયાર સંતો, અમદાવાદથી પૂ. પી.પી. સ્વામી (જેતલપુર) પૂ. પૂર્ણપ્રકાશ સ્વામી (ધોળકા) પધારેલા હતા. પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, પૂ. લાલજી મહારાજશ્રી, પ.પૂ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાબા, પ.પૂ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી, પૂ. શ્રીરાજા, પૂ. બિંદુરાજા સમેત સમગ્ર ધર્મકુળ પરિવારની ઉપસ્થિતિ હતી.

શ્રાવણી પૂર્ણિમા (રક્ષાબંધન)ના આ શુભ દિવસે સવારથી જ ભક્તજનોનો મહેરામણ ઉમટવા લાગેલો. સવારે ૭-૩૦ થી મુખ્ય યજમાનો દ્વારા અભિષેક મહાપૂજા કરાવવામાં આવી. બરાબર સવારે ૯ વાગ્યે શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોનું આગમન થયું. શ્રી નરનારાયણદેવની જય નો જયઘોષ સમગ્ર મંદિરના પરિસરમાં વ્યાપી રહ્યો.

શ્રી ઘનશ્યામ મહારાજ તથા શ્રીનરનારાયણદેવની સોહાયમાન મૂર્તિ ઉપર ષોડોપચાર વિધિથી મહાઅભિષેક વિધિ ચાલુ થયો. કેસર ચંદન યુક્ત જળથી શરૂઆત થઈ. અત્રે અમેરિકામાં જુદી જુદી ફલેવરનાં દહીં મળતાં હોય છે. તેમજ જુદાં જુદાં સુંદર નેચરલ ફ્રુટ જ્યુસ પણ મળતાં હોય છે. એટલે શ્રી નરનારાયણદેવ તથા શ્રી ઘનશ્યામ મહારાજને સ્ટ્રોબેરી, ઓરેન્જ, એપલ, પાઈનેપલ એમ વિવિધ ફલેવર યુક્ત દહીં તેમજ નેચરલ ફ્રુટ જ્યુસ વડે નવડાવવામાં આવ્યા. શ્રી ઘનશ્યામ મહાપ્રભુની શ્વેત મૂર્તિ ઉપર વિવિધ રંગી દહીં અને ફ્રુટ જ્યુસ પોતાના સપ્તરંગોથી દેવાધિદેવનો અભિષેક કરી રહ્યાં હોય એવું સુંદર એ દૃશ્ય હતું!

એક વિશેષ વાત એ બની કે પ.પૂ. મોટા મહારાજશ્રી જે વખતે એપલ જ્યુસથી શ્રી ઘનશ્યામ મહારાજનો અભિષેક કરી રહ્યાં હતાં ત્યારે અનાયાસે જ શ્રીહરિના કોમળ ચરણ કમળ ઉપર એપલની આકૃતિ ઉપસી આવી! એ ચમત્કૃતિનો ફોટો પણ લેવામાં આવ્યો છે!

વિશાળ મંદિરમાં બેઠાં બેઠાં જ બાઈ-ભાઈ હરિભક્તો શાંતિથી મહાઅભિષેક વિધિનાં દર્શન કરી રહ્યાં હતાં. અહીં પરદેશમાં એક વાતનું મોટું સુખ છે કે આવા ઉત્સવ, મહોત્સવમાં ખૂબ આનંદપૂર્વક અને એકદમ નીકટતાથી દર્શન સુખ પ્રાપ્ત થાય છે. પછી એ શ્રીહરિનાં દર્શન હોય કે શ્રીહરિનાં અપર સ્વરૂપનાં દર્શન!

સવારે ૧૦-૦૦ થી ૧૧-૩૦ દરમ્યાન આઈ.એસ.એસ.ઓ. ચેપ્ટર અમેરિકાથી પધારેલા સંતોના પ્રવચનો પ્રાપ્ત થયા. અમદાવાદથી ખાસ પધારેલા પૂ. પી.પી. સ્વામી (જેતલપુર) તેમજ પૂ. પૂર્ણપ્રકાશ સ્વામીએ પણ સુંદર પ્રવચનો કર્યા.

''ત્રિવેણી સંગમમાં સ્નાન કરવાથી શરીર શુધ્ધ થાય. મન શુધ્ધ ન થાય. જ્યારે અહીં શ્રીહરિના અપર સ્વરૂપનાં ત્રિવેણી દર્શનથી તો મન પણ શુધ્ધ થઈ જાય છે. આ કોલોનીયા મંદિરનું સભાગૃહ એટલે દાદા ખાચરનો દરબાર એવી એની રચના છે. અહીં જે આવ્યા છે તે બધા જ દાદા ખાચરના દરબારમાં બેઠા છે અને બીજે જે બેઠા છે તે જીવા ખાચરના દરબારમાં બેઠેલા છે.'' સંતોના પ્રવચનોનો આ સાર હતો. ત્યાર પછી ધર્મકુળ પરિવારનું પૂજન કરવામાં આવ્યું.

પૂ. પી.પી. સ્વામીએ પ્રવચનમાં જણાવ્યું કે અમેરિકામાં આવેલા આપણાં સર્વ મંદિરોમાં શ્રીહરિ સાક્ષાત્ બિરાજે છે અને આપણા ભક્તોનાં જ નહીં પરંતુ જાતિ ધર્મના ભેદભાવ વિના અહીં આવીને દર્શન કરનાર સર્વે મુમુક્ષુ માત્રના સંકલ્પો પરિપૂર્ણ કરતાં રહે છે.''

ઓગસ્ટ ૨૦૧૫ ના શ્રી સ્વામિનારાયણ અંકમાં જે અમેરિકાના સત્સંગી ઓકટેવિઓ મેજિયા (**Octavio Mejia**) ની વાત લખી છે તે અમેરિકન મુમુક્ષુ પણ આવેલા. એમના ભાલમાં સુંદર તિલક-ચાંદલો નિહાળીને સત્સંગી હોવા છતાં જેઓ તિલક-ચાંદલો નથી કરતા એ સત્સંગી મિત્રો પણ છોભીલા પડતાં અમે જોયાં! પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ પુષ્પહાર પહેરાવીને એને આશીર્વાદ પાઠવ્યા.

પ.પૂ. મોટા મહારાજશ્રીએ એમના આશીર્વચનમાં સમજાવ્યું કે શિક્ષાપત્રીમાંથી આપણે જે જે આજ્ઞા પાળીએ છીએ તે તથા જે આજ્ઞાઓ નથી પાળતા તેની જુદી તારવણી કરવી જોઈએ અને જેટલી આજ્ઞાઓ નથી પાળતા તેને પાળવાનું અનુસંધાન રાખવું જોઈએ, ખટકો રાખવો જોઈએ. જો ખટકો અને ખપ એ બંન્ને હશે તો જ સત્સંગ ટકશે અને સત્સંગ-સુખ મળશે!''

પૂ. લાલજી મહારાજે એમના આશીર્વચનમાં આપણે સહુ એકજ પરિવારનાં છીએ એવાં આત્મીય વચનો કહ્યાં.

પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ એમનાં આશીર્વચનમાં શિક્ષાપત્રીનો દશમો શ્લોક ટાંકીને સૌને બોધ આપ્યો કે ''મહારાજે આપણને પ્રીતિએ કરીને નિરંતર સાવધાનપણે શિક્ષાપત્રીને અનુસરવાનું કહ્યું છે એટલે સાવધાનપણું અવશ્ય રાખવું અને સત્સંગમાં પ્રીતિપૂર્વક વર્તવું તો જ સત્સંગમાં સુખ પ્રાપ્ત થશે. આ શ્રી ઘનશ્યામ મહારાજ શ્રી નરનારાયણદેવ

આપણા મા-બાપ છે. આવા સુંદર દશાબ્દી મહોત્સવના આયોજનમાં તન, મન, ધનથી સેવા આપનાર નાના-મોટા સૌ ભક્તોને અમારા રૂડા આશીર્વાદ છે.''

બરાબર મધ્યાહન સમયે ભવ્ય અન્નકૂટ આરતી કરવામાં આવી. ભરત ખંડના વિશેષ રાજા એવા શ્રી નરનારાયણદેવ સમક્ષ સુંદર અન્નકૂટની રચના કરવામાં આવી હતી.

કોલોનીયા મંદિરનું પરિસર ખૂબજ વિશાળ છે. ૪૦૦ જેટલી ગાડીઓ પાર્ક થઈ શકે એવું અહીં સુંદર વિશાળ શમિયાણો બાંધેલો. જેમાં સર્વે ભક્તજનોએ મહાપ્રસાદ લીધો.

આ દશાબ્દી મહોત્સવની ધ્યાનાકર્ષક બાબતો આ રહી. (૧) છેલ્લાં પાંચ વરસથી મંદિરના મહંત સ્વામી તરીકે સેવા આપી રહેલા પૂ. ધર્મકિશોર સ્વામી (પૂ. ડી.કે. સ્વામી)ની સેવા અતિ પ્રસંશનીય રહી હતી. એમણે સર્વે યુવા મિત્રોને સાથે રાખીને સમગ્ર મહોત્સવને સુંદર રીતે દીપાવવામાં ખૂબ મહેનત કરી. (૨) વરસના બારેય માસ સાતેય દિવસ એટલે કે **24 x 7** એ રીતે કાયમ પોતાના અંગ પ્રમાણે સેવા માટે હરહંમેશ ઉત્સુક રહેતાં એવા પાંચ વર્ષના બાળકથી લઈને ૬૦, ૬૫, ૭૦ વર્ષના જૈફ સત્સંગીઓનો પરિવાર જેવો સત્સંગ અહીં જોવા મળ્યો અને આવા સંકલનને કારણે જ આ મહોત્સવ પૂર્ણિમાના ચંદ્ર જેવો સોળે કળાએ ખીલી ઊઠ્યો. (૩) દશાબ્દી મહોત્સવને અનુલક્ષીને દશાબ્દી મહોત્સવ સ્મૃતિ અંક પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. જેમાં મંદિરની જગ્યા લેવામાં આવી ત્યારથી લઈને અત્યાર સુધી જે જે ઉત્સવો થયા તેની ક્રમબધ્ધ ઝાંખી કરાવતાં ફોટાઓનું સુંદર સંકલન છે. ઈ.સ. ૨૦૦૫ માં પ્રથમ પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી એનાં અવિસ્મરીય ફોટાઓમાં પૂ. લાલજી મહારાજ એ વખતે ખૂબ નાના અને અલૌકિક લાગે છે. (૪) અહીં વિદેશમાં આવેલા આપણા મંદિરોમાં અખંડ બિરાજમાન શ્રીહરિ સ્વરૂપો જાણે અહીંની ભોગ-ભૂમિ ઉપર પોતાના સત્સંગી મુમુક્ષુઓની વિશેષ સાર સંભાળ લઈ રહ્યાં હોય તેમ અહીં વસતા સત્સંગીઓને નાના મોટાં પરચાં થતા રહે છે અને એમના સંકલ્પો પણ પરિપૂર્ણ થતા રહે છે. આ ખાસ વાત હરિભક્તો સાથે વાર્તાલાપ દ્વારા જાણવામાં આવી.

દશાબ્દી મહોત્સવ એવી સુંદર રીતે ઉજવાયો કે જેણે જેણે આ મહોત્સવ માણ્યો તેને એની કાંઈકને કાંઈક ઝાંખી જરૂરથી રહી જશે એમાં સહેજે સંશય નથી.

(અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા)

**કોલોનીયા મંદિરમાં મહામંત્ર ધૂન**

શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરધામ કોલોનીયામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રેના મહંત શા. સ્વામી ધર્મકિશોરદાસજીની પ્રેરણાથી શનિવાર વિકેન્ડમાં સાંજના ૫ થી ૮ દરમ્યાન સંત-હરિભક્તોએ સાથે મળી શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન કરી હતી. ભજન મંડળીના યુવાનોએ ધૂન-કીર્તન કરી સૌને ભક્તિ રસમાં તરબોળ કર્યા હતા. આ પ્રસંગે ૫૮ ભક્તોએ મંત્ર જાપમાં પોતાનો ફાળો આપ્યો હોવાથી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. શ્રાવણ માસમાં ભગવાનને અવનવા કલાત્મક હિંડોળા બનાવી ઝુલાવ્યા હતા. સ્વામીએ સૌને ચાતુર્માસમાં વિશેષ નિયમ લેવા ભલામણ કરી હતી. (પ્રવિણ શાહ)

**મૂળીધામ લૂઈવીલ કંટકીમાં પ્રથમ પાટોત્સવ**

આઈ.એસ.એસ.ઓ. શ્રી સ્વામિનારાયણ મંદિર કંટકી સ્ટેટના લુઈવીલ ટાઉનમાં પ્રથમ પાટોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે અમદાવાદ થી શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સંત-પાર્ષદ મંડળ સાથે પધાર્યા હતા.

પાટોત્સવ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ ભાગવત પારાયણ શા.સ્વા. હરિવલ્લભદાસજીના વક્તાપદે થઈ હતી. કથામાં આવતા દરેક પ્રસંગો ઉત્સવો સભામાં ઉજવ્યા હતા.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો પ્રથમ પાટોત્સવ ષોડશોપચાર અભિષેક, અન્નકૂટ આરતી કથા અને યજ્ઞની પૂર્ણાહુતિ થઈ હતી. સભામાં શા. સ્વા. ધર્મવલ્લભદાસજી, મહંત શા. હરિવલ્લભદાસજી, શા. વ્રજવલ્લભદાસજી અને પૂજારી હરિનંદનદાસે કથા વાર્તાનો સુંદર લાભ આપ્યો હતો. આ પ્રસંગમાં ભરતભાઈ ચૌધરી, ડાહ્યાભાઈ, મહેન્દ્રભાઈ, (સીનસીનાટી) તેજેશભાઈ. (ઈન્ડિયાના) રામભાઈ (મોખાસણ) પિયુષભાઈ, વાસુદેવભાઈ અને જયપ્રકાશભાઈએ પાટોત્સવમાં વિવિધ સેવામાં યજમાન બની પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ મેળવ્યા હતા. અને તેઓને મૂર્તિ અને ચાંદીની કંઠી ભેટ આપી સન્માન કરવામાં આવ્યું હતું. રસોડામાં બહેનોની સેવા પ્રેરણારૂપ હતી.

પ્રેસિ. શ્રી વિષ્ણુભાઈ પટેલે સુંદર વ્યવસ્થાનું આયોજન કર્યું હતું. અનેક મહાનુભાવોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. પ્રાસંગિક સભામાં પૂ. પી.પી. સ્વામી, સૂર્યપ્રકાશ સ્વામી, ભક્તિ સ્વામી અને શાંતિ સ્વામીની પ્રેરક વાણી બાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સૌ હરિભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. (પ્રવિણ શાહ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર જેતલપુરધામ ચેરીહીલમાં ૮ મો પાટોત્સવ**

શ્રી નરનારાયણદેવ સ્વામિનારાયણ મંદિર અમદાવાદ ગાદી સંચાલિત ચેરીહીલ જેતલપુર ધામમાં ૮ મો પાટોત્સવ ૨૮ થી ૩૦ ઓગસ્ટ શુક્રથી રવિવાર વિકેન્ડમાં શ્રી નરનારાયણદેવ દેશના પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ પ.પૂ. મોટા ગાદીવાળાશ્રી, પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી, પૂ. શ્રીરાજા આદિ ધર્મકુળ હજુરી પાર્ષદ અને ઈસો ચેપ્ટરોના સંતોના સાનિધ્યમાં ધામધૂમથી ઉજવાયો. આ પાટોત્સવ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીહરિના લીલા ચરિત્રોની કથાનું મહંત સ્વામી સત્સંગિભૂષણદાસજીએ રસપાન કરાવ્યું હતું. રવિવારે પ્રાતઃ પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી સાથે ભૂદેવશ્રી પિનાકીન જાની અને સંતો દ્વારા ઠાકોરજીનો ષોડશોપચાર અભિષેક વિધિવત રીતે ધામધૂમપૂર્વક સંપન્ન થયો. અન્નકૂટ અને મહા આરતી પ.પૂ. મહારાજશ્રી અને પ.પૂ.

લાલજી મહારાજશ્રીએ ઉતારી હતી. આ પ્રસંગે પાટોત્સવમાં નાની મોટી સેવા કરનાર તમામ યજમાનો અને ઉપસ્થિત મહાનુભાવોનું સન્માન કરી ભેટ આપવામાં આવી હતી. ધર્મકુળનું પૂજન યજમાનો દ્વારા કરવામાં આવ્યું હતું. સંતોની પ્રેરક વાણી બાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ આપતા કહ્યું કે, જેતલપુરધામના રેવતી બળદેવજી અહીં સાક્ષાત્ બિરાજે છે. તમારી અનેક મનોકામના સંકલ્પો તેઓ જરૂર પૂર્ણ કરશે. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ યુવાનોને આશીર્વાદ આપતા કહ્યું કે મંદિરની દરેક પ્રવૃતિમાં રસ લઈને સેવા કરવાની ભલામણ કરી હતી. અત્રે દર વર્ષે યોજાતા યુવા કેમ્પમાં સૌને લાભ લેવા અનુરોધ કર્યો હતો. છેલ્લે સૌએ અન્નકૂટ દર્શન કરી પ્રસાદ લઈ ઉત્સવ પૂર્ણ થયો હતો.

(પ્રવિણ શાહ)

**ગેટવિક (યુ.કે.) શ્રી સ્વામિનારાયણ મંદિર ૯ મો પાટોત્સવ**

પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી ક્રોલી ગેટવિક શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સુંદર સત્સંગ ચાલે છે.

ક્રોલી ગેટવીક શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજ, શ્રી નરનારાયણદેવ, શ્રી લક્ષ્મીનારાયણદેવ આદિ દેવોનો નવમો વાર્ષિક પાટોત્સવ તા. ૨૭-૯-૧૫ ના રોજ ધામધૂમથી ઉજવવામાં આવ્યો. આ દિવસે પંચામૃતથી ભગવાનનો મહાભિષેક થયો. ષોડશોપચારથી પૂજા વિધિ થઈ, છપ્પનભોગ અન્નકૂટ ધરાવવામાં આવ્યા. પાટોત્સવ નિમિત્તે શ્રીમદ્ ભાગવત દશમસ્કંધની કથાપારાયણનું આયોજન તા. ૨૫-૯-૧૫ થી તા. ૨૭-૯-૧૫ સુધી કરવામાં આવ્યું. કથાના વક્તાપદે શાસ્ત્રી સ્વામી ઘનશ્યામદાસજીએ સુમધુર શૈલીથી ભગવાનનાં લીલાચરિત્રો સંભળાવી ભક્તજનોને ભક્તિરસમાં તરબોળ કર્યા હતા. કથાના અંતમાં શાસ્ત્રી સ્વામી કેશવચરણદાસજીએ શ્રી નરનારાયણદેવનો મહિમા ધર્મકુળના મહિમાની વાતો કરી હતી. કથાના અંતમાં મહાપ્રસાદનું આયોજન થયું હતું. ક્રોલી ગેટવિક મંદિરના બેનોએ રસોઈ બનાવવાની, ફુલહાર બનાવવાની વગેરે અદ્‌ભુત સેવાઓ કરી હતી. યજમાન પરિવારે સુંદર લાભ લીધો હતો. (જીતુભાઈ શનાભાઈ પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ટોરડા**
**નવો મોબાઈલ : ૯૮૭૯૯૬૩૫૦૯**

**શ્રી નરનારાયણદેવ મહોત્સવનો DVD સેટ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર સાહિત્યકેન્દ્રમાં અને શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મળશે.**

**શ્રી સ્વામિનારાયણ મંદિર સ્ટ્રેધામ (આઈ.એસ.એસ.ઓ.) વીસમો વાર્ષિક પાટોત્સવ તથા આઈ.એસ.એસ.ઓ. (યુ.કે.) રજત જયંતી મહોત્સવ**

ભગવાન શ્રી સ્વામિનારાયણની અસીમ કૃપાથી તથા અમદાવાદ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજીમહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા પ.પૂ.મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રાજીપાથી આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર સ્ટ્રેધામ મંદિરમાં બિરાજમાન શ્રી સહજાનંદ સ્વામી, શ્રી નરનારાયણદેવ, શ્રી લક્ષ્મીનારાયણદેવ, શ્રી રાધાકૃષ્ણદેવની પ્રતિષ્ઠાને ૨૦ વર્ષ પૂર્ણ થતા સાથો સાથ વિદેશની ધરતીમાં પણ આપણી આવનારી પેઢીઓમાં સંસ્કાર અને ધર્મનું સિંચન થાય એવા શુભ હેતુથી પ.પૂ. મોટા મહારાજશ્રીએ **(I.S.S.O.) International Swaminarayan Satsang Organization** ની **U.K.** માં સ્થાપના કરી એના ૨૫ વર્ષ પૂર્ણ થવાના પાવન અવસરે તા. ૬-૯-૧૫ થી ૧૨-૯-૧૫ પર્યંત સુંદર મહોત્સવ સ્ટ્રેધામમાં ઉજવાયો. મહોત્સવ અંતર્ગત શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ સ.ગુ.શા.સ્વામી રામકૃષ્ણદાસજીના વક્તાપદે યોજાઈ. સાથો સાથ અન્નકોટ, અભિષેક, શ્રીકૃષ્ણજન્મોત્સવ, શ્રી રૂક્ષ્મણીવિવાહ , કીર્તન સંધ્યા આદિક અનેક વિધ કાર્યક્રમો યોજાયા. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે અભિષેક તથા અન્નકોટના સુંદર દર્શનનો લ્હાવો સૌ હરિભક્તોને પ્રાપ્ત થયો. પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીએ પધારી સૌ ભક્તોને ભાઈ બહેનોને સત્સંગ-આશીર્વાદનો ખૂબ લાભ આપ્યો. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની શુભ ઉપસ્થિતિથી સમગ્ર ઉત્સવ વિશેષ દીપી ઉઠ્યો. સાત-સાત દિવસ સત્સંગ-દર્શન સેવામાં ઉમંગ ભેર પસાર થયા. દરેક **U.K.** ના હરિ મંદિરોના હરિભક્તોનો આ પ્રસંગમાં તન, મન, ધનનો ખૂબ ખૂબ સહકાર પ્રાપ્ત થયો. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ અભિષેક બાદ પોતાના આશીર્વચનમાં સૌ ભક્તોની સેવાને બિરદાવી. સત્સંગનો વિશેષ વિકાસ થાય એવા રૂડા શુભાશિષ પાઠવી સૌ ભાઈઓ-બહેનોની સેવાને ખૂબ બિરદાવી.

હરિભક્તોના આમંત્રણ તથા ભાવનાને વશ થઈ ઉત્સવ પ્રસંગે અમદાવાદ મંદિરથી મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રી હરિકૃષ્ણદાસજી તથા સ.ગુ. બ્રહ્મચારી સ્વામી શ્રી રાજેશ્વરાનંદજી તથા સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રી નારાયણમુનિદાસજી પધાર્યા હતા. મહંત સ્વામીએ પણ દરરોજ સભાને સુંદર આશીર્વચનનો લાભ આપ્યો હતો. **I.S.S.O. (U.K.)** ના પ્રેસિડેન્ટશ્રી અશોકભાઈ પટેલે ૨૫ વર્ષની સફરમાં સાથ આપનાર સૌનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો હતો. તથા સ્ટ્રેધામ મંદિરના પ્રેસિડેન્ટ શ્રી ડૉ. અમરશીભાઈ પટેલે યજમાનશ્રીઓ તથા સ્વયં સેવકોનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો હતો.

(પ્રેસિ. ડૉ. અમરતભાઈ)

# શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

**પ.પૂ. મોટા મહારાજશ્રી અને સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી શ્રીજી પ્રસન્નાર્થે**

૧૦૦૧/- કાચા લક્ષ્મણભાઈ, રમણભાઈ, ચંદુભાઈ, વિનોદભાઈ, પ્રકાશભાઈ આર., પ્રકાશભાઈ એમ. કપીલભાઈ, સુરજ, કુલદિપ, કર્નલ, પૃથ્વીરાજ અને સહજ શ્રીહરિ ધર્મકુળ પ્રસન્નાર્થે — કાચા ટેલર્સ લેસ્ટર
૫૦૦/- પરમાર જગદીશ બચુલાલ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે — ધૂળકોટ-નાઈરોબી
૫૫૫/- પ.પૂ. મોટા મહારાજશ્રીના રાજીપા અર્થે ભૂડીયા કાંતિલાલ કેસરા — ઈસ્ટ લંડન
૫૫૫/- પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીના રાજીપા અર્થે અ.સૌ. જસવંતીબેન કાંતિલાલ ભૂડીયા — ઈસ્ટ લંડન
૧૦૧/- અ.નિ. હંસાબેન હર્ષદભાઈ પટેલ માસિક પુણ્ય તિથિ નિમિત્તે — દહેગામ
૧૦૧/- અ.નિ. રૂપારેલીયા આકાશભાઈ ઘનશ્યામભાઈ માસિક પુણ્ય તિથિ નિમિત્તે — સુરત
૧૦૦/- અ.નિ. અશ્વિનભાઈ ધીરૂભાઈ ત્રીજી પુણ્યતિથિ નિમિત્તે — જાંબુડાવાળા
૧૦૦/- પટેલ તુલસીબેન ધર્મકુળ અને શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે — કચ્છ ઈસ્ટ લંડન

**૧૧૧૧૧/- પટેલ મુકેશકુમાર મહેન્દ્રભાઈ પુંજલદાસ — ડાંગરવા-ન્યુ રાણીપ**
**શ્રી નરનારાયણદેવ દ્વારા શુભ સંકલ્પ પરિપૂર્ણ થયો તે નિમિત્તે**

૫૦૦/- આદિત્ય વિકાશકુમાર જન્મ દિને — વિહાર
૧૫૧/- કા. ઘનશ્યામ ચુનીલાલ મકાન રિપેર નિમિત્તે — કોઠંબા
૧૦૧/- પટેલ દિશાબેન મુકેશભાઈ ભાણાના જન્મ નિમિત્તે — ચલોડા
૫૦૦/- પટેલ મનીષ જયંતીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ઉવારસદ
૧૦૦/- અ.નિ. અમીન જ્યોત્સનાબેન શંભુભાઈના સ્મરણાર્થે — દહેગામ
૧૫૧/- પટેલ લીલાબેન વાલજીભાઈ શ્રાવણ માસ નિમિત્તે — નારદીપુર
૧૦૦/- પટેલ રામાભાઈ સોમાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — નરોડા
૨૦૧/- પટેલ વિભાબેન વિઠ્ઠલભાઈ ચિ. રાજવીના લગ્ન નિર્વિઘ્ન રૂપે થયા તે નિમિત્તે — અમદાવાદ
૧૧૧/- પટેલ હાર્દિક અરવિંદભાઈ અમેરિકાના વિઝા નિમિત્તે — વક્તાપુર
૧૦૦/- ચાવડા ગોવિંદભાઈ જેશંગભાઈ ચિ. ગાયત્રીબેનને ત્યાં ભાણાના જન્મ પ્રસંગે — બળોલ
૧૦૧/- પટેલ હર્ષદભાઈ લલ્લુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — અસલાલી
૧૦૦૦/- અ.નિ. પટેલ મંગળભાઈ મગનભાઈના સ્મરણાર્થે — અંબાપુર-અમેરિકા
૧૦૦/- પટેલ રોનકભાઈ ઘનશ્યામભાઈ પુત્રીના જન્મ પ્રસંગે — સાપાવાડા
૧૦૦/- કા. ઉત્સવ પ્રજ્ઞેશકુમાર શ્રીજી પ્રસન્નાર્થે — બાલાસિનોર
૧૦૦/- કા. શ્રુતિ પરેશકુમાર શ્રીજી પ્રસન્નાર્થે — બાલાસિનોર
૧૦૦/- કા. ઘનશ્યામ જીજ્ઞેશકુમાર શ્રીજી પ્રસન્નાર્થે — મુંબઈ
૧૦૦/- પટેલ ખુશ જીજ્ઞેશકુમાર શ્રીજી પ્રસન્નાર્થે — ઈશનપુર
૨૦૦/- પટેલ મધુબેન મુકેશભાઈ ચિ. પર્વ (ભાણેજ)ના જન્મ પ્રસંગે — ડાંગરવા
૧૦૦/- પટેલ સ્મિત અનુપભાઈ જન્મ દિને — ભાત
૨૫૧/- પટેલ સાગરકુમાર મંગળદાસ ચિ. આર્યાના પ્રથમ જન્મ દિને — ગાંધીનગર
૧૦૧/- કા. ડોલીબેન ધવલકુમાર એમ.કોમ.માં ફર્સ્ટ કલાસ નિમિત્તે — બાલાસિનોર
૧૦૦/- પરમાર ઉદેસિંહ અમજીસિંહ ચિ. અનસુકુમાર-અખિલકુમાર બાબરી નિમિત્તે — વક્તાપુર
૧૦૦/- પટેલ અરવિંદભાઈ ભલાભાઈ રક્ષાબંધન નિમિત્તે — દહેગામ
૧૫૦/- પટેલ ઘનશ્યામભાઈ પી. ચિ. હેપ્પીના જન્મ દિને — વિસતપુરા
૧૦૦/- જાદવ અરૂણાબેન ખેંગારભાઈ સારા સ્વાસ્થ્ય નિમિત્તે — માલણપુર
૧૦૦/- જાદવ ભરતકુમાર ખેંગારભાઈ માહિતી ખાતામાં જોબ નિમિત્તે — માલણપુર
૧૦૦/- પટેલ પ્રીતિ જસુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — લવારપુર
૧૦૦ મોદી અમૃતલાલ મગનલાલ રક્ષાબંધન નિમિત્તે — અમદાવાદ
૧૦૧/- કા. ચિમનલાલ મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે — મુંબઈ
૧૦૦/- મોરી અશોકભાઈ કાનજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — કાલીયાણા
૧૦૦/- પટેલ જગદીશભાઈ કેશાભાઈ ભાણાના જન્મ પ્રસંગે — વક્તાપુર
૧૦૦/- ચૌહાણ આયુષસિંહ વજેસિંહ પુણ્ય તિથિ નિમિત્તે — ટાંકીયા
૧૦૦/- ગોહીલ પ્રવિણસિંહ મનુજી શ્રીજી પ્રસન્નાર્થે — બોરૂ
૧૦૦/- ગોહીલ હાર્દિકકુમાર કિરણભાઈ એન્જી. ડિપ્લોમાં સારા ટકા નિમિત્તે — અમદાવાદ
૧૦૦/- પટેલ બાબુભાઈ આત્મારામભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — વડુ
૧૦૦/- સોની જીગરકુમાર ઉપેન્દ્રભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — વિરમગામ
૧૦૦/- પટેલ રણછોડભાઈ અંબાલાલ શ્રીજી પ્રસન્નાર્થે — કલોલ
૧૦૦/- પટેલ કાનજીભાઈ મોતીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ખેરોલ
૧૧૧૧/- પટેલ ચિરાગભાઈ કિશોરભાઈ અમેરિકામાં લગ્ન પ્રસંગે — ડાંગરવાવાળા
૧૦૦/- વાઘેલા વર્ષાબા કિરીટસિંહ શ્રીજી પ્રસન્નાર્થે — ગરોડીયા
૧૦૦/- વાઘેલા કિરીટસિંહ બળવંતસિંહ શ્રીજી પ્રસન્નાર્થે — ગરોડીયા
૨૫૧/- પટેલ સરોજબેન મહેન્દ્રભાઈ ન્યુ રાણીપમાં મકાન લીધું તે નિમિત્તે — વાગોસણા
૨૫૧/- પટેલ જયશ્રી પ્રમોદભાઈ ચિ. તેજસ ડોકટર થયા તે નિમિત્તે — કાળીગામ
૧૦૦/- પટેલ સૌમ્ય કલ્પેશકુમાર જન્મ દિને — અમદાવાદ
૧૦૧/- રાઓલ રાજેન્દ્રસિંહ અભેસિંહ ચિ. વિશ્વજીતસિંહના વેવિશાળ નિમિત્તે — ઘોડાસર
૧૦૦/- ચૌધરી કબીર કમલેશભાઈ જન્મ દિને — પ્રતાપપુરા-બાલવા
૧૦૦/- ચૌધરી માનવ સમીરકુમાર શ્રીજી પ્રસન્નાર્થે — પ્રતાપપુરા-બાલવા
૧૦૦/- ચૌધરી સિમરન દુષ્યંતકુમાર શ્રીજી પ્રસન્નાર્થે — પ્રતાપપુરા-બાલવા
૧૦૦/- ચૌધરી દેવરાજ દુષ્યંતકુમાર શ્રીજી પ્રસન્નાર્થે — પ્રતાપપુરા-બાલવા
૧૦૦/- ચૌધરી દેવિશ જગદીશકુમાર શ્રીજી પ્રસન્નાર્થે — માણેકપુર
૨૦૦/- પટેલ કચરાભાઈ જોઈતારામ શ્રીજી પ્રસન્નાર્થે — ગવાડા
૨૦૨/- અ.નિ. પટેલ કમળાબેન રામભાઈના સ્મરણાર્થે — મોખાસણ
૧૦૦/- દરજી મનોજભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — નરોડા
૨૫૧/- પટેલ મહાદેવભાઈ મોહનભાઈ નવી ફોરવિલ ગાડી લાવ્યા તે નિમિત્તે — બોપલ
૫૦૦/- ડૉ. મોહિની પિયુષભાઈ ડૉકટર થયા તે નિમિત્તે — અમદાવાદ
૧૦૦/- પટેલ મધુબેન કાંતિલાલ જન્મ દિને — અમદાવાદ
૨૧૧/- પટેલ રાકેશકુમાર મણીલાલ ચિ. શ્રેયાબેન એમ.બી.બી.એસ.માં પ્રથમ વર્ષમાં પાસ નિમિત્તે — પોર
૨૦૦/- પ્રજાપતિ બટુકભાઈ માવજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — બાવળા
૧૦૦/- વાઘેલા અક્ષરરાજ ઈન્દ્રજિંતસિંહ પરીક્ષામાં પાસ થયા તે નિમિત્તે — બામણવા
૧૦૦/- અ.નિ. પટેલ ઉષાબેન દશરથભાઈના સ્મરણાર્થે — અસલાલી
૧૦૦/- ઉપાધ્યાય કુમુદચંદ્ર જગન્નાથ જન્માષ્ટમી નિમિત્તે — અમદાવાદ
૧૦૦/- અ.નિ. પટેલ વિઠ્ઠલભાઈ મોતીદાસ ત્રીજી પુણ્ય તિથિ નિમિત્તે — વાગોસણા
૧૧૦૦/- પટેલ દિશાંક મુકેશભાઈ જોબના પ્રથમ પગાર નિમિત્તે — વાગોસણા
૧૦૧/- મેરઈ જીગ્નેશ વિનયચંદ્ર બોપલમાં નવી દુકાનના ઉદ્દઘાટન નિમિત્તે — અમદાવાદ
૧૦૦/- પટેલ મનહર નાથાલાલ શ્રીજી પ્રસન્નાર્થે — અમદાવાદ
૧૦૧/- પટેલ મનસુખભાઈ ઉકાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — રતનપુર
૧૦૧/- પટેલ ચંચળબેન મનસુખભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — રતનપુર

૧૦૦/- સોની અલ્પેશ ઈશ્વરભાઈ ચિ. મેહુલના જન્મ દિને નરોડા
૧૦૧/- ઠક્કર સોમચંદભાઈ હેમચંદભાઈ જન્માષ્ટમી પ્રસંગે ઓઢવ
૨૦૧/- શ્રી સ્વામિનારાયણ મંદિર બાલાસિનોર-કોઠંબા
પ.પૂ. લાલજી મહારાજશ્રીના જન્મોત્સવ પ્રસંગે
૧૦૧/- પટેલ રમણલાલ કાળીદાસ માણસા
નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે
૨૦૧/- બારોટ નિકુંજભાઈ જીતેન્દ્રભાઈ નરોડા
પૌત્ર સાર્થકના જન્મ અને ગાડી નિમિત્તે
૫૦૦/- પટેલ વિઠ્ઠલભાઈ શિવરામદાસ જન્મ દિને રિદ્રોલ
૫૦૦/- પટેલ શાંતાબેન વિઠ્ઠલભાઈ જન્મ દિને રિદ્રોલ
૧૦૧/- ભાવસાર મિહીરકુમાર ભાસ્કરભાઈ જન્મ દિને અમદાવાદ
૧૦૦/- પટેલ નિમેષભાઈ જશુભાઈ નવી ગાડી નિમિત્તે ધનસુરા
૧૦૧/- સિંધવ અમરશીભાઈ નારણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બળોલ-ભાલ
૧૦૦/- ચૌધરી યુગ અને રૂષિલના જન્મ દિને બાલવા
૧૦૦/- હરપાલસિંહ ઘનશ્યામસિંહ ડાંગરવા
એમ.બી.બી.એસ.માં પ્રથમ વર્ષમાં ફર્સ્ટ કલાસ નિમિત્તે
૨૫૧/- જાકાસણીયા સવિતાબેન અમૃતભાઈ જેતપર-મચ્છુ
પૌત્રી વિરાલીની સગાઈ નિમિત્તે
૧૫૧/- દવે નિરંજન કે. ચિ. આદર્શને કાંકરિયા
બેંગ્લોર કું.એ યુ.એસ. મોકલવા નિમિત્તે
૧૦૧/- પટેલ કનુભાઈ નાથાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૦/- સોની યશ વિપુલભાઈ નવું ફ્રીજ લાવ્યા તે નિમિત્તે અમદાવાદ
૨૦૧/- અ.નિ. પટેલ સરોજબેન રમણભાઈ પુણ્ય તિથિ નિમિત્તે ધમાસણા
૧૦૦/- પટેલ અલકાબેન જયેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ચાંદખેડા
૧૦૧/- પટેલ પરસોતમભાઈ ભુરાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રાપણીયા
૧૦૧/- પટેલ ચંચળબેન પરસોતમભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રાયણીયા
૧૦૧/- સોની દિક્ષિત અશ્વિનભાઈ ચિ. આયુષના જન્મ પ્રસંગે સરા
૧૧૦/- પટેલ ઘનશ્યામભાઈ ચિમનલાલ રસોઈ નિમિત્તે મારૂસણા
૧૦૧/- અ.નિ. પટેલ શારદાબેન ભૂલાભાઈના સ્મરણાર્થે નરોડા
૧૦૧/- પટેલ મંદાબેન મનુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નરોડા
૫૦૧/- શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ સોકલી -
શ્રી સહજાનંદ કોલેજ ઓફ
સાયન્સના પ્રારંભ નિમિત્તે (શ્રીજી સ્વામી)
૧૫૧/- પટેલ ઘનશ્યામભાઈ લાલજીભાઈ નવું ટ્રેકટર નિમિત્તે દેવપુરા
૫૦૧/- શ્રીજીપ્રકાશ સ્વામી સોકલી
પ.પૂ. લાલજી મહારાજશ્રીના ૧૯ માં જન્મોત્સવ પ્રસંગે
૧૦૧/- અ.નિ. બારોટ જયંતીલાલ અમરશીભાઈ અમદાવાદ
૨૦ મી પુણ્ય તિથિ નિમિત્તે
૧૦૧/- પટેલ ક્રિશ અશોકભાઈ ડાહ્યાભાઈ જન્મ દિને વિહાર
૧૦૦/- પટેલ કિશન હર્ષદભાઈ નવું બાઈક નિમિત્તે ગવાડા
૧૦૧/- પટેલ હરેશભાઈ વિઠ્ઠલભાઈ પુત્ર જન્મ પ્રસંગે સાપાવાડા
૧૦૦/- પટેલ ધુમિલ મુકેશભાઈ જન્મ દિને વિહાર
૧૦૦/- દેસાઈ રણછોડભાઈ અરજણભાઈ અમદાવાદ
નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે
૧૦૦/- અ.નિ. પટેલ શકરીબેન રમણભાઈ પુણ્ય તિથિ નિમિત્તે મારૂસણા
૧૦૦/- પટેલ આકાશ રમણભાઈ જન્મ દિને મારૂસણા
૨૦૧/- પટેલ યશ હેમંતભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- ઠક્કર અંકિતકુમાર નટવરલાલ જોબ મળી તે નિમિત્તે અમદાવાદ
૩૦૦/- અ.નિ. પટેલ વિશાલ સુરેશભાઈ વાવોલ
૧૩ મી પુણ્ય તિથિ નિમિત્તે
૧૦૦/- પટેલ વિરેનકુમાર કનૈયાલાલ શ્રીજી પ્રસન્નાર્થે રતનપુર
૧૦૧/- પટેલ ભાગર્વ જગદીશભાઈ સમર્થના જન્મ પ્રસંગે કુબડથલ
૧૦૦/- પટેલ દુર્વા જસ્મીનભાઈ જન્મ પ્રસંગે નાંદોલ
૧૦૦/- અ.નિ. પટેલ ઈશ્વરભાઈ બહેચરભાઈના સ્મરણાર્થે ઝુંડાલ
૧૦૦/- અમીન કુંજનિલેશકુમાર ઓસ્ટ્રેલીયાના વિઝા નિમિત્તે અસલાલી
૧૫૦/- પટેલ સ્વયં મિતેષકુમાર જન્મ દિને મુબારકપુર
૧૦૦/- અ.નિ. પટેલ શારદાબેન ભુલાભાઈના સ્મરણાર્થે કનીપુર
૫૦૦/- પટેલ મફતલાલ જોઈતારામ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે ભાવપુરા
૨૦૦/- પટેલ રમણભાઈ ભીખાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કુબડથલ
૧૦૦/- ગોહેલ જયેન્દ્રસિંહ મેહુલભાઈ જન્મ દિને ટીંબા
૧૦૧/- પ્રજાપતિ હસુમતીબેન નટવરલાલ નવી ગાડી નિમિત્તે સાબરમતી
૧૦૦/- અ.નિ. ભાવસાર જયંતીલાલ છોટાલાલ અમદાવાદ
પુણ્ય તિથિ નિમિત્તે
૧૫૧/- પટેલ પ્રવિણભાઈ અને પટેલ મધુબેન પ્રવિણભાઈ પડુસ્માવાળા
અમેરિકાના વિઝા નિમિત્તે
૧૦૧/- અ.નિ. જયેન્દ્રભાઈ મનુભાઈ શાહના સ્મરણાર્થે રાણીપ

ગત અંકનો સુધારો

૧૦૦૦/- પટેલ શ્લોક વાસુદેવભાઈ જન્મ દિને મોખાસણ
૧૦૦૦/- પટેલ અમરતભાઈ બબલદાસ નૂતન ગ્રહ પ્રવેશ નિમિત્તે વડુ

### શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર
### દીપોત્સવી કાર્યક્રમ

આસો સુદ-૮ ને મંગળવાર તા. ૩-૧૧-૧૫ ના રોજ પુષ્ય નક્ષત્ર હોવાથી ચોપડા ખરીદવા મુહૂર્ત સારું છે.

**ધનતેરશ :** આસો વદ-૧૩ સોમવાર તા. ૯-૧૧-૨૦૧૫ મહાલક્ષ્મીપૂજન બપોરે ૬-૦૦ થી ૭-૩૦ કલાકે

**કાળી ચૌદશ :** આસો વદ-૧૪ મંગળવાર તા. ૧૦-૧૧-૨૦૧૫ હનુમાનજી મહારાજનું પૂજન સાંજે ૬-૪૫ કલાકે

**દિપાવલી :** આસો વદ-૩૦ બુધવાર તા. ૧૧-૧૧-૨૦૧૫ **સમૂહ શારદાપૂજન-ચોપડા પૂજન** સાંજે ૬-૧૫ કલાકે અમદાવાદ કાલુપુર મંદિરના સભા મંડપમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે સમૂહ શારદા પૂજન વિધિવત રીતે સંપન્ન થશે.

**નૂતનવર્ષ : સં. ૨૦૭૨** કારતક સુદ-૧ ગુરુવાર તા. ૧૨-૧૧-૨૦૧૫ **ગોવર્ધન પૂજા**

**મંગળા આરતી સવારે : ૫-૦૦ કલાકે**

**શણગાર આરતી સવારે : ૬-૩૦ કલાકે**

**અન્નકૂટ રચના (દર્શન બંધ) સવારે : ૯-૧૫ થી ૧૨-૦૦ કલાક**

**રાજભોગ આરતી સવારે : ૧૨-૦૦ કલાકે**

**અન્નકૂટ દર્શન બપોરે : ૧૨-૦૦ થી ૩-૩૦ સુધી**

શ્રીહરિના ૬ઠ્ઠા, ૭ માં અને ૮ માં વંશજના વરદ્ હસ્તે થશે.

નૂતન વર્ષના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કાલુપુર મંદિરમાં પોતાની બેઠકમાં સૌ ભક્તજનોને દર્શન આપશે.

સૂચના : સમૂહ શારદા પૂજનમાં લાભ લેનાર ભક્તોએ પોતાના ૨ ચોપડા લાલ કલરના કપડામાં સરનામું, ફોન, મોબાઈલ નંબર લખીને કોઠાર ઓફિસમાં રૂા. ૪૦૦/- ભરીને પહોંચ અને નંબર મેળવી લેવો.

(શ્રી કમલેશભાઈ ગોર)

**નૂતન વર્ષના કેલેન્ડર છપાવવા માટે (સૌજન્ય નામ)**

સન ૨૦૧૬ ના વર્ષના સર્વોપરિ શ્રી ઘનશ્યામ મહારાજ અને શ્રી નરનારાયણદેવના અલૌકિક કેલેન્ડરમાં પોતાના ધંધા-ઉદ્યોગનું કેલેન્ડરમાં નામ છાપવા માટે નીચેના મોબાઈલ નંબર ઉપર આપના સ્થાનિક યુવક મંડળનો સંપર્ક કરવો. ૨૫૦ નંગ કેલેન્ડર ઓછામાં ઓછા છપાશે. કિંમત રૂા. ૧૦/- ૧ નંગ. મોબાઈલ નં. ૯૮૨૪૦૩૩૧૭૫, ૯૯૨૫૦૦૭૬૬૨, ૯૬૬૨૦૨૧૮૨૯, ૯૭૨૫૪૪૯૨૮૮

**૨૦૧૬ વર્ષના કેલેન્ડર તથા સંવત ૨૦૭૨ ના વર્ષના દટ્ટા પ્રસિદ્ધ થઈ ગયા છે**

સમસ્ત સત્સંગને જણાવવાનું કે, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર અમદાવાદ તરફથી સં. ૨૦૭૨ ના વર્ષના દટ્ટા અને સન ૨૦૧૫-૨૦૧૬ સાલના અલૌકિક ભગવાનના સ્વરૂપના સુંદર કેલેન્ડર પ્રકાશિત થઈ ગયા છે.

શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરના સાહિત્ય કેન્દ્રમાં ઉપલબ્ધ છે.

## અક્ષરનિવાસી હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર :** સ.ગુ. શાસ્ત્રી સ્વામી કેશવપ્રસાદદાસજી ગુરુ ગવૈયા સ્વામી ભક્તિજીવનદાસજી તા. ૩-૯-૨૦૧૫ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા મૂળી ધામે અક્ષરનિવાસી થયા છે. (પૂજારી જે. પી. સ્વામી - મૂળી)

**અમદાવાદ (મૂળ ભડીયાદ હાલ શિકાગો) :** પ.ભ. જગજીવનભાઈ ડાહ્યાભાઈ પટેલ (જે.ડી. પાયલવાળા)ના સુપુત્ર પ.ભ. જીતેન્દ્રભાઈ જગજીવનભાઈ પટેલ તા. ૧૬-૯-૨૦૧૫ના રોજ શિકાગો ખાતે શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**કનીપુર :** પ.ભ. પટેલ શારદાબેન ભૂલાભાઈ (ઉ. ૯૨ વર્ષ) તા. ૨૫-૮-૨૦૧૫ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**ટ્રેન્ટ :** પ.ભ. પટેલ ભાઈલાલભાઈ માધવજીદાસ તા.. ૮-૮-૨૦૧૫ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**વહેલાલ :** પ.ભ. સુરેશભાઈ અંબાલાલ પટેલ (ઉ. ૫૭ વર્ષ) તા. ૫-૯-૨૦૧૫ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**મહેસાણા :** અત્રે આપણા મહેસાણા મંદિરમાં સેવા કરતા પ.ભ. બાબુભાઈ જોઈતારામ મોદીના સુપુત્ર પ.ભ. જગદીશકુમાર બાબુલાલ મોદી (ઉ. ૪૭ વર્ષ) તા. ૧૬-૮-૨૦૧૫ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**અમદાવાદ :** પ.ભ. અ.નિ. મણીભાઈ કરશનભાઈ પટેલ (કુંડાળ કડી)ના સુપુત્ર શ્રી નરેન્દ્રભાઈ મણીભાઈ પટેલ (ઉ. ૫૫ વર્ષ) તા. ૨૫-૮-૨૦૧૫ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**ઝુંડાલ (જી. ગાંધીનગર) :** પ.ભ. ઈશ્વરભાઈ બહેચરભાઈ પટેલ (ઉ. ૯૦ વર્ષ) તા. ૨-૯-૨૦૧૫ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**રામનગર (તા. કલોલ) :** પ.ભ. પટેલ મંગુબેન અંબાલાલ (ઉ. ૭૮ વર્ષ) તા. ૧૨-૯-૨૦૧૫ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**ડોંબીવલી મુંબઈ :** પ.ભ. મહેન્દ્રભાઈ ભગવાનજીભાઈ મીરાણી તા. ૧૮-૮-૨૦૧૫ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**રાણીપ-અમદાવાદ :** શ્રી સ્વામિનારાયણ મંદિર રાણીપના ટ્રસ્ટી અને એકાઉન્ટન્ટ પ.ભ. જયેન્દ્રભાઈ મનુભાઈ શાહ તા. ૫-૯-૨૦૧૫ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે. જેઓ દેવના ખૂબજ નિષ્ઠાવાન અને સેવા ભાવી હરિભક્ત હતા.

**બાલવા :** પ.ભ. મોતીજી ગોવાજી ચૌધરી (ઉ.વ. ૮૨) તા. ૧૨-૯-૧૫ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**ભાઉપુરા :** પ.ભ. મનુભાઈ રણછોડદાસ પટેલ તા. ૧૯-૯-૨૦૧૫ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**રામપરા (તા. વઢવાણ) :** પ.ભ. સગર શાંતિબેન હરભમભા તા. ૨૫-૯-૨૦૧૫ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.




૧. શિકાગો મંદિરમાં જન્માષ્ટમીના ઠાકોરજીને પારણે ઝૂલાવતા સંતો. ૨. લેસ્ટર (યુ.કે)મંદિરમાં શ્રાવણ માસમાં શીવપૂજન કરતા પ.પૂ.મોટા મહારાજશ્રી.૩. ક્રોલી (યુ.કે.) મંદિરમાં ગણેશ ચતુર્થીની આરતી ઉતારતા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીનું પૂજન કરતાં હરિભક્તો. ૪.આપણા ડીટ્રોઈટ અને ચેરીહીલ (અમેરિકા) મંદિરના પ્રાંગણમાં કેસરનો છોડ ઉછેરવામાં આવ્યો છે અને તે કેસર ઠાકોરજીની પૂજા-અભિષેકમાં વપરાશમાં લેવાયછે જેની તસવીર ડો.મનોજ બ્રહ્મભટ્ટે કેમેરામાં કંડારી હતી.પ. ટોરેન્ટો (કેનેડા) મંદિરમાં જન્માષ્ટમી ઉત્સવ.૬. સર્વોપરિ છપૈયાધામમાં જન્મસ્થાન મંદિરનું ચાલતું નિર્માણ કાર્ય.

Registered under RNI-GUJ Guj /2007/20221 "Permitted to post at Ahd. PSO on 11 the every month under postal REG. No. GAMC. - 003/15-17 issued ssp Ahd Valid up to 31-12-2017 Licenced to Post without pre payment No. CPMG/GJ/01/2015 valid up to 31-12-2017
















૧. આપણા સ્ટ્રેધામ (યુ.કે.)મંદિરના ૨૦માં પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી સાથે અમદાવાદ મંદિરના મહંત સ્વામી હરિકૃષ્ણદાસજી તથા વિલ્સડન મંદિરના પ્રમુખ પ.ભ.મનજીભાઈ અને હેરો મંદિરના પ્રમુખ પ.ભ.વિશ્રામભાઈ. ૨. સભામાં દર્શન આપતા પ.પૂ.મોટા મહારાજશ્રી. ૩.સ્ટ્રેધામ મંદિરમાં સ્વયંસેવકો સાથે પ.પૂ.આચાર્ય મહારાજશ્રી. ૪.સોવિનિયર હસ્તાક્ષર કરતાં પ.પૂ.મોટા મહારાજશ્રી તથા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી. ૫. કથા શ્રવણ કરાવતા સ.ગુ.શા.સ્વામી રામકૃષ્ણદાસજી.

**શ્રી સ્વામિનારાયણ મંદિર અલ્હાબાદમાં મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ તા. ૨૬થી૩૦ નવેમ્બર ૨૦૧૫**

Praful Kharsani